પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૪-૧-૨૦૨૪, બુધવાર
વર્ષઃ ૧૨, અંક : ૨૭૬
94266 72303 @abtakmedia
www.abtakmedia.com @abtak.media
Price Rs. : 4 Address : RASHTRIYA SHALA RD, RAJKOT 0281- 246 1234, 2460 999 abataknews@gmail.com

**સુવિચાર**

નસીબદાર છે એ લોકો જેમને આ ખોટી દુનિયામાં સાચા મિત્રો મળ્યા છે વાત પ્રેમ અને લાગણીની હોય છે બાકી મેસેજ તો કંપનીવાળા પણ કરે છે...

**રેકોર્ડ બ્રેક લીડ માટે મહેનત કરોઃ ભાજપના નેતાઓને એક લીટીનું 'હોમવર્ક'**

(વાંચો અંદરના પાને)



આર્થિક અનિશ્ચિતતાના પગલે ડૂબેલી ટીકટોક વધુ કર્મચારીઓની છટણી કરશે



બજેટ સત્રની તૈયારીઓ શરૂઃ સંસદની સુરક્ષા માટે ૧૪૦ સીઆઈએસએફ જવાનોની ટુકડી તેનાત કરાશે



શુભમન ગિલ અને સ્મૃતિ મંધાના સહિત અન્ય ક્રિકેટરને ક્રિકેટ ઓફ ધ યર તરીકે ઘોષિત

# ચૂંટણી પૂર્વે પેટ્રોલ-ડીઝલના ભાવમાં રાહતના અણસાર

## આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડનો ભાવ ૮૦ ડોલરથી નીચે આવી ગયોઃ સરકારી ઓઈલ કંપનીઓને હાલ એક લિટર પેટ્રોલ પર રૂ.૧૧ અને ડીઝલ ઉપર રૂ.૬નો નફો



અબતક, નવી દિલ્હી

લોકસભા ચૂંટણી પહેલા પેટ્રોલ અને ડીઝલના ભાવમાં રાહત મળી શકે છે. વાસ્તવમાં આ સમયે કાચા તેલની કિંમત નરમ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત પ્રતિ બેરલ ૮૦ ડોલરથી નીચે આવી ગઈ છે. તેથી માનવામાં આવી રહ્યું છે કે નરેન્દ્ર મોદી સરકાર આ મોરચે જનતાને રાહત આપી શકે છે. કોઈપણ રીતે, હાલમાં આઈઓસી, એચપીસીએલ, બીપીસીએલ જેવી સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દરેક લિટર પેટ્રોલ પર ૧૧ રૂપિયા અને ડીઝલના પ્રત્યેક લિટર પર ૬ રૂપિયાનો નફો કમાઈ રહી છે.

ક્રેડિટ રેટિંગ એજન્સી આઈસીઆરએએ મંગળવારે એક રિપોર્ટમાં જણાવ્યું હતું કે ગત વર્ષે સપ્ટેમ્બરથી કાચા તેલની કિંમતોમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. પરંતુ સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવમાં ઘટાડો કર્યો નથી. મતલબ કે હાલમાં તે કંપનીઓનું માર્કેટિંગ માર્જિન પેટ્રોલમાં ૧૧ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલમાં ૬ રૂપિયા પ્રતિ લિટર છે. જોકે, ફેબ્રુઆરી ૨૦૨૨માં જ્યારે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો ત્યારે આ કંપનીઓને ભારે નુકસાન થયું હતું. પણ હવે એ નુકસાન કવર થઈ ગયું હશે.

સ્થાનિક બજારમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર હોવા છતાં આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવ સ્થિર નથી. ક્યારેક તે વધે છે તો ક્યારેક ઘટે છે. આવી સ્થિતિમાં જ્યારે ક્રૂડ ઓઈલના ભાવ ઉંચા હોય છે ત્યારે તેમને નુકસાન થાય છે અને જ્યારે ક્રૂડના ભાવ નીચા હોય છે ત્યારે તેઓ નફો કરે છે. ઉદાહરણ તરીકે, (અનુ. આઠમા પાને)

### વેનેઝુએલા પાસેથી પણ ભારતને ડિસ્કાઉન્ટમાં ક્રૂડ ઓઈલ મળશે

હાલમાં બેન્ચમાર્ક ક્રૂડ ઓઈલની કિંમત પ્રતિ બેરલ ૮૦ ડોલરની નીચે છે. હાલમાં લિબિયા અને નોર્વેમાં ક્રૂડનું ઉત્પાદન વધી રહ્યું છે. વેનેઝુએલા પાસેથી પણ ભારતને ડિસ્કાઉન્ટમાં ક્રૂડ ઓઈલ મળવાનું છે. તેથી એવું માનવામાં આવે છે કે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી એકવાર નરમાઈ આવશે. નોંધનીય છે કે સરકારે મે ૨૦૨૨માં આ ઈંધણ પરની એક્સાઈઝ ડ્યુટી ઘટાડી હતી અને ત્યાં સુધીમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ નીચે આવી ગયા હતા. ત્યારથી આ બંને ઉત્પાદનોની કિંમતો સ્થિર છે.

### માર્કેટમાં ક્રૂડના પુરવઠામાં વધારો

હવે ફરી એકવાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થવાની સંભાવના છે. હાલ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ નરમ છે. બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડની કિંમત પણ ઘટીને ૭૯.૬૫ ડોલર પ્રતિ બેરલ થઈ ગઈ છે. ડબ્લ્યુટીઆઈ ક્રૂડની કિંમત ઘટીને ૭૪.૪૭ ડોલર પ્રતિ બેરલ થઈ ગઈ છે. હાલમાં બજારમાં ક્રૂડનો પુરવઠો વધી રહ્યો છે.

### રિલાયન્સ વેનેઝુએલામાંથી મોટા પ્રમાણમાં ક્રૂડની ખરીદી કરશે

વેનેઝુએલા પર લાદવામાં આવેલા આર્થિક પ્રતિબંધો ૨૦૧૯માં હટી ગયા હતા. એક માર્કેટ એનાલિટિક્સ ફર્મ અનુસાર વેનેઝુએલાથી છેલ્લે નવેમ્બર ૨૦૨૦માં ક્રૂડ ઓઈલની ભારત દ્વારા આયાત કરવામાં આવી હતી. ડિસેમ્બર ૨૦૨૩ની શરૂઆતમાં સ્પષ્ટ થઈ ગયું હતું કે મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ આ મામલે વેનેઝુએલા સાથે સીધી ડીલ કરશે. ત્યારબાદ કંપનીએ ક્રૂડ ઓઈલના ૩ ટેન્કર બુક કર્યા હતા, જેની ડિલિવરી જાન્યુઆરી ૨૦૨૪થી શરૂ થવાની છે. અગાઉ પણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સિવાય નાયરા એનર્જી લિમિટેડ નિયમિતપણે વેનેઝુએલાથી ક્રૂડ ઓઈલની આયાત કરી રહી હતી. જો કે આ વખતે સરકારી ઓઈલ કંપનીઓ પણ વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદે તેવી શક્યતા છે. આવી સ્થિતિમાં ચૂંટણી પહેલા દેશમાં પેટ્રોલ અને ડીઝલ સસ્તું થવાની આશા છે.

# એક વર્ષમાં રેકોર્ડબ્રેક ૭.૮ કરોડ રિટર્ન ભરાયા ૯ વર્ષમાં રિટર્ન ફાઈલ કરનારાઓની સંખ્યા બમણી

## ડિજિટલાઈઝેશન રંગ લાવ્યુંઃ વર્ષ ૨૦૨૨-૨૩ની સરખામણીમાં રિટર્ન ફાઈલ કરવાની સરખામણીમાં ૧૦૫ ટકાનો વધારો

અબતક, નવીદિલ્હી

ડિજિટલ ઈન્ડિયા ખરા અર્થમાં રંગ લાવ્યું છે કારણ કે હાલ જે વૃદ્ધિ દરેક ક્ષેત્રે જોવા મળી રહી છે તે અત્યંત લાભદાયી નીવડી છે. ત્યારે આવકવેરાના રિટર્ન ફાઈલ કરવામાં કરદાતાઓને આંકડો પણ વધ્યો છે જે દેશ અને અર્થવ્યવસ્થા માટે ખુબજ ઉપયોગી અને મહત્વનો છે. ટેક્સ વિભાગ દ્વારા ટેક્નોલોજીના વધતા અનુપાલન અને ઉપયોગને કારણે છેલ્લા નવ વર્ષમાં ટેક્સ રિટર્ન ફાઈલ કરનારા કરદાતાઓની કુલ સંખ્યા બમણીથી વધુ વધીને ૭.૮ કરોડ થઈ ગઈ છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસના નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ સુધી અપડેટ કરાયેલ સમય શ્રેણીના ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૧૩માં ફાઈલ કરવામાં આવેલા આઈટી રિટર્ન (આઈટીઆર)ની સંખ્યા કુલ ૭.૮ કરોડ હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ફાઈલ કરવામાં આવેલા ૩.૮ કરોડ રિટર્નથી વધુ છે. સરખામણીમાં ૧૦૫% નો વધારો. ૨૦૧૩-૧૪માં. ૨૦૨૨-૨૩માં પ્રત્યક્ષ કરમાં રૂ. ૮.૨ લાખ કરોડનો સૌથી મોટો હિસ્સો સ્ત્રોત પર કર કપાત (ટીસીએસ)નો હતો, જ્યારે એડવાન્સ ટેક્સ રૂ. ૭.૩ લાખ કરોડ હતો. ૨૦૨૨-૨૩ માટે સ્વ-આકારણી કર રૂ. ૧.૩ લાખ કરોડ હતો, ડેટા દર્શાવે છે. ટેક્સ વિભાગ ''કરદાતા'' ને એવી વ્યકિત તરીકે વ્યાખ્યાયિત કરે છે કે જેણે સંબંધિત આકારણી વર્ષ માટે આવકનું રિટર્ન ફાઈલ કર્યું હોય અથવા જેના કિસ્સામાં સંબંધિત નાણાકીય વર્ષમાં સ્રોત પર કર કાપવામાં આવ્યો હોય. હા, પરંતુ કરદાતાએ આવકનું રિટર્ન ફાઈલ કર્યું.





ટેક્સ વિભાગે જણાવ્યું હતું કે નેટ ડાયરેક્ટ ટેક્સ રિસિપ્ટ નાણાકીય વર્ષ ૨૦૧૪માં રૂ. ૬,૩૮,૫૯૬ કરોડથી ૧૬૦.૫% વધીને ૨૦૨૨-૨૩માં રૂ. ૧૬,૬૩,૬૮૬ કરોડ થઈ હતી. સરકાર વ્યક્તિગત આવકવેરા અને કોર્પોરેટ ટેક્સ સહિત પ્રત્યક્ષ કરમાંથી રૂ. ૧૮.૨ લાખ કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક ધરાવે છે જે ગયા નાણાકીય વર્ષમાં એકત્રિત કરાયેલા રૂ. ૧૬.૬ લાખ કરોડ કરતાં ૯.૬% વધુ છે. સીબીડીટીએ એ પણ દર્શાવ્યું છે કે ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ રિસિપ્ટ નાણાકીય વર્ષ ૨૦૧૩માં માં ૧૭૩.૩% વધીને રૂપિયા ૧૯,૭૨,૨૪૮ કરોડ થઈ હતી જે નાણાકીય વર્ષ ૨૦૧૪માં માં છ્ય ૭,૨૧,૬૦૪ કરોડ હતી. ડાયરેક્ટ ટેક્સ-ટુ-જીડીપી ગુણોત્તર ૫.૬% થી વધીને ૬.૧% થયો છે, જ્યારે સંગ્રહ ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૪માં માં કુલ સંગ્રહના ૦.૬% થી ઘટીને ગયા નાણાકીય વર્ષમાં કુલ પ્રાપ્તિના ૦.૫% થયો છે.

ટેક્સ ડિપાર્ટમેન્ટે પાછલા કેટલાક વર્ષોમાં અનુપાલન વધારવા અને રિસિપ્ટ્સમાં સુધારો કરવા માટે શ્રેણીબદ્ધ સુધારાના પગલાં રજૂ કર્યા છે. ટેક્નોલોજી અને મોટા ડેટાનો ઉપયોગ અનુપાલન સુધારવા અને છટકબારીઓને દૂર કરવા માટે વ્યાપકપણે કરવામાં આવી રહ્યો છે.

# તબીબી વિદ્યાર્થીઓને હવે અધવચ્ચેથી અભ્યાસ છોડવા ઉપર લાખોના દંડમાંથી મુક્તિ મળવાની શક્યતા

## નેશનલ મેડિકલ કમિશને દંડની પ્રણાલીને નાબૂદ કરવા વિવિધ રાજ્યોને કરી ભલામણઃ ટૂંક સમયમાં નિર્ણય લેવાશે

અબતક, નવી દિલ્હી

તબીબી વિદ્યાર્થીઓ તેમના અભ્યાસના મધ્યમાં તેમની બેઠકો છોડી શકે છે. આ માટે તેઓએ દંડ પણ ભરવો પડશે નહીં. નેશનલ મેડિકલ કમિશન એ નિવાસી ડોક્ટરો પર માનસિક દબાણ ઘટાડવા માટે સીટો છોડવા માટે દંડની પ્રણાલીને નાબૂદ કરવાની ભલામણ કરી છે. રાજ્યોને લખેલા પત્રમાં મેડિકલ કોલેજોમાં સીટોના બદલામાં બોન્ડ પોલિસી નાબૂદ કરવામાં આવે.

પંચે એમ પણ કહ્યું છે કે જો રાજ્ય સરકાર ઈચ્છે તો સંબંધિત વિદ્યાર્થીને એક વર્ષ માટે પ્રવેશ પરીક્ષામાં બેસવા પર પ્રતિબંધ મૂકી



શકે છે, પરંતુ લાખો રૂપિયાનો દંડ વિદ્યાર્થીઓને માનસિક ત્રાસ આપે છે. તેના બદલે, એક સહાયક વાતાવરણ બનાવવું જોઈએ જેમાં તબીબી વિદ્યાર્થીઓ અને નિવાસી ડોકટરોની માનસિક સ્વાસ્થ્યની ચિંતાઓ પર ધ્યાન આપી શકાય. એનએમસીના અંડરગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન બોર્ડના ચેરપર્સન ડો. અરુણા વી વણિકરે જણાવ્યું હતું કે કમિશનને ઘણી ફરિયાદો મળી છે, જે વિવિધ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓમાં તણાવ, ચિંતા અને ડિપ્રેશનના ભયજનક સ્તરને દર્શાવે છે. તેમણે કહ્યું કે ઘણી વખત વિદ્યાર્થીઓ માટે માનસિક રાહત મેળવવામાં સૌથી મોટી અડચણ દંડની રકમ છે. આ મોટી રકમ વિદ્યાર્થીઓ પર આર્થિક દબાણ તો વધારે છે જ, પરંતુ આગળની પ્રગતિમાં પણ અવરોધરૂપ બને છે.

ડો. વણિકરના જણાવ્યા મુજબ, આ પોલિસી નાબૂદ કરવાથી સૌથી મોટો ફાયદો તે ગરીબ વિદ્યાર્થીઓને મળશે, જેઓ (અનુ. આઠમા પાને)

### મતદાનની તારીખ જાહેર થયાની અટકળો ઉપર પૂર્ણવિરામ

# ૧૬ એપ્રિલ માત્ર તૈયારીઓ પૂર્ણ કરવા માટે નક્કી કરાયેલી સંભવિત તારીખ છેઃ ચૂંટણી પંચની સ્પષ્ટતા

## ચૂંટણી વિભાગના એક પરિપત્રમાં મતદાનની તારીખ ૧૬ એપ્રિલ નોંધાયેલ હોય, ચર્ચાનું બજાર ગરમ થયું હતું

અબતક, નવી દિલ્હી

ચૂંટણી પંચે લોકસભા ચૂંટણીને લઈને વાયરલ થઈ રહેલા પત્ર પર પોતાની સ્પષ્ટતા કરી છે. પંચે જણાવ્યું છે કે ચૂંટણી સંબંધિત પ્રવૃતિઓનું આયોજન અને સમયસર પૂર્ણ કરવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચમાં યોજનાઓ બનાવવામાં આવી રહી છે. ચૂંટણી પંચ સંભવિત તારીખો અંગે પણ ચર્ચા કરી રહ્યું છે અને આ અંગે અધિકારીઓને અપડેટ પણ આપવામાં આવી રહ્યા છે.

પંચે કહ્યું કે ચૂંટણીની તૈયારીઓ માટે સંભવિત તારીખો સૂચવવામાં આવી છે. જ્યારે પંચ દ્વારા નિર્ણય લેવામાં આવે છે ત્યારે તેની માહિતી પ્રેસ કોન્ફરન્સ દ્વારા આપવામાં આવે છે. આ માત્ર એક સૂચન છે અને તે જ તારીખે ચૂંટણી થાય તે જરૂરી નથી. આ તારીખ માત્ર યોજનાઓ સમયસર પૂર્ણ





થાય તે માટે આપવામાં આવી છે. જેથી સિસ્ટમનો અમલ સુચારૂ રીતે થઈ શકે.

વાસ્તવમાં, દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલય દ્વારા જારી કરાયેલી આંતરિક નોંધમાં, ૧૬ એપ્રિલનો ઉલ્લેખ લોકસભા ચૂંટણીની તૈયારીમાં પ્રવૃત્તિઓ નક્કી કરવા અધિકારીઓ માટે સંભવિત 'મતદાનની તારીખ' તરીકે કરવામાં આવ્યો હતો. આ પછી, આગામી ચૂંટણીના સંભવિત કાર્યક્રમને લઈને અટકળો શરૂ થઈ.

જ્યારે આ અંગે પૂછવામાં આવ્યું ત્યારે મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયે સ્પષ્ટતા કરી હતી કે ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલા 'પ્લાનર' મુજબ તારીખનો ઉલ્લેખ માત્ર (અનુ. આઠમા પાને)

# શેરબજારમાં ભારે વોલેટાલીટીઃ સેન્સેક્સમાં ૯૦૦ પોઈન્ટની મુવમેન્ટ

## સવારે રેડ ઝોનમાં ૪૦૦ પોઈન્ટ નીચે ગયેલું માર્કેટ થોડી જ વારમાં ગ્રીન ઝોનમાં આવી ૫૦૦ પોઈન્ટ ઊંચકાઈ ગયુંઃ નિફ્ટીમાં પણ ૨૭૧ પોઈન્ટની મુવમેન્ટ

અબતક, નવી દિલ્હી

માર્કેટમાં ભારે વોલેટાલીટી જોવા મળી રહી છે. સવારે રેડ ઝોનમાં ૪૦૦ પોઈન્ટ નીચે ગયેલું માર્કેટ થોડી જ વારમાં ગ્રીન ઝોનમાં પરત ફરી ૫૦૦ પોઈન્ટ ઊંચકાઈ ગયું હતું.આમ આજે કલાકોમાં જ સેન્સેકસમાં ૯૦૦ પોઈન્ટની મુવમેન્ટ થઈ છે. જ્યારે નિફ્ટીમાં પણ ૨૭૧ પોઈન્ટની મુવમેન્ટ થઈ છે.

બીજી તરફ માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા વિદેશી રોકાણકારો માટે આગામી તા. ૧ ફેબ્રુઆરીથી આકરા બેનિફિશયરી ધોરણો અમલી બનાવવાની તૈયારીના અહેવાલો સહિત અન્ય પ્રતિકૂળ અહેવાલો પાછળ વિદેશી રોકાણકારો પાછળ ચોમેરથી આવેલ વેચવાલીના ભારે દબાણના કારણે ગઈકાલે બીએસઈ સેન્સેકસમાં ૧૦૫૩ જ્યારે એનએસઈ નિફટીમાં ૩૩૩ પોઈન્ટનું ગાબડું નોંધાયું હતું. જેના કારણે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૮.૫૦ લાખ કરોડનું ધોવાણ થવા પામ્યું હતું.

વિદેશી રોકાણકારો માટે અમલી બનનાર નવા નિયમોના અહેવાલ પાછળ બજારમાં ભારે ગભરાટ ફેલાયો હતો. તો બીજી તરફ ક્રૂડ ઓઈલના ભાવમાં પ્રર્વતતી વોલેટીલારી તેમજ યુએસ બોન્ડની યીલ્ડ ઊંચીરહેવાના અહેવાલો પણ પ્રતિકૂળ પૂરવાર થયા હતા. આ ઉપરાંત પરિણામોની જાહેરાત બાદ એચડીએફસી બેંકમાં વેચવાલીનું દબાણ જારી રહેતા આજે સ્ટેટ બેંક, એક્સિસ બેંક અને ઈન્ડુસઈન્ડ બેંકમાં પણ ઝડપી પીછેહઠ જોવા મળી હતી.

ગઈકાલે શેરબજાર ખાતે કામકાજનો પ્રારંભ મજબૂત ટોને થયા બાદ સેન્સેકસ ઈન્ટ્રાડે ૬૧૫ પોઈન્ટ વધી ૭૨૦૩૯ અને નિફ્ટી પણ ઈન્ટ્રાડે ૧૭૮ પોઈન્ટ ઉછળી ૨૧૭૫૦ પહોંચ્યો હતો. આ ઊંચા મથાળે બજારમાં



તેજીને બ્રેક વાગી હતી અને પ્રતિકૂળ અહેવાલો પાછળ ચોમેરથી વેચવાલીનું દબાણ આવતા પ્રારંભિક તેજી ભુંસાવા સાથે ઝડપી પીછેહઠ નોંધાઈ હતી.

વિદેશી રોકાણકારોની સાથે ચોમેરથી વેચવાલીનું દબાણ આવતા સેન્સેકસ ઝડપથી તુટીને પાછો ફર્યો હવે અને કામકાજના અંતે ૧૦૫૩.૧૦ પોઈન્ટ તુટીને ૭૦૩૭૦.૫૫ની સપાટીએ ઉતરી આવ્યો હતો. જ્યારે નિફ્ટી ૩૩૩ પોઈન્ટ તુટીને ૨૧૨૩૮.૮૦ની સપાટીએ બંધ રહ્યો હતો. પ્રારંભિક તેજી બાદ વધ્યા મથાળેથી સેન્સેક્સ ૧૬૬૮ અને નિફ્ટી ૫૧૧ પોઈન્ટ તુટયો હતો.

ગઈકાલે વિવિધ ક્ષેત્રના શેરોમાં પીછેહઠ થવા સાથે સ્મોલકેપ અને મિડકેપ શેરોમાં પણ મોટાપાયે ગાબડા નોંધાયા હતા. જેના પગલે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧૨૪૫ અને મિડકેપ ઈન્ડેકસમાં ૧૧૩૩ પોઈન્ટનું ગાબડું નોંધાયું હતું. આજે ટ્રેડિંગ થયેલી ૪૦૬૭ સ્ક્રિપોમાંથી ૩૦૪૯ નેગેટીવ બંધ રહી હતી.

આજે બુધવારે શેરબજારમાં કારોબારની નીરસ શરૂઆત જોવા મળી હતી. બંને મુખ્ય ઈન્ડેક્સ લાલ નિશાનમાં ખુલ્યા હતા જોકે ગણતરીના સમયમાં તેજી પરત ફરી હતી. વૈશ્વિક બજારમાંથી સ્થિર સંકેતો મળી રહ્યા છે. ગિફ્ટ નિફ્ટી ફ્લેટ કારોબાર કરી રહ્યો છે. એશિયન અને અમેરિકન માર્કેટમાં પણ સ્થિરતા જોવા મળી રહી છે. પરિણામોની સીઝન વચ્ચે યુએસ માર્કેટ સતત ત્રીજા દિવસે તેજી સાથે બંધ થયું હતું. ડાઉ જોન્સમાં લગભગ ૯૬ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો.

## બેટી બચાવો, બેટી પઢાવો : આજે રાષ્ટ્રીય બાલિકા દિવસ

# દીકરીઓ પ્રત્યેની સંકુચિત માનસિકતામાં બદલાવ લાવવો જરૂરી

### નવા સંસદ ભવનના પ્રારંભે જ 'નારી શક્તિ વંદન બિલ' પસાર કરાયું હતું : મહિલા આરક્ષણના બિલમાં મહિલાઓને ૩૩ ટકા અનામતનો લાભ મળશે

**રાષ્ટ્ર નિર્માણમાં મહિલાઓનું યોગદાન પુરુષો જેટલું જ મહત્વનું: ૨૦૦૮ થી શરૂ થયેલી આ ઉજવણીનો હેતુ તેના શિક્ષણને પ્રોત્સાહન, પોષણ ,તબીબી સંભાળ, સંરક્ષણ અને કાનૂની અધિકારો સાથે સન્માન મળે તેવી જાગૃતિ લાવવાનો છે**




આજે ૨૧ મી સદીમાં પણ આપણા દેશમાં ગર્લ ચાઈલ્ડ અસમાનતા અને ભેદભાવનું સામનો કરવો પડે છે. તેના બાળલગ્ન કુપોષણ એસિડએટેક, ઓનર કિલિંગ, તસ્કરી અને બાળકીનાં શિક્ષણ જેવા વિવિધ મુદાઓમાં જાગૃતિ લાવવાની તાતી જરૂર છે.

એક પરિવારની સંભાળ સાથે પેઢીને આગળ વધારવામાં તેનું સર્વોપરી યોગદાન છે. ૨૦૦૮ થી આપણા દેશમાં આ દિવસ ઉજવાય છે; છતા પણ ગર્લ ચાઈલ્ડને અસમાનતા અને ભેદ ભાવનો સામનો કરવો પડે છે.

૨૪ જાન્યુઆરી ૧૯૬૬ ના રોજ આપણા દેશનાં પ્રથમ મહિલા વડાપ્રધાન ઈંદિરાગાંધીની યાદમાં ઉજવાતો આજનો દિવસ ૨૦૦૮થી રાષ્ટ્રીય બાલિકા દિવસ તરીકે ઉજવાય છે. આજની ૨૧મી સદીમાં પણ દરેક પરિવારને છોકરાની પ્રથમ પસંદગી હોય છે. ત્યારે આપણા દેશમાં વર્ષોથી કન્યાઓ અસામનતા અને ભેદભાવનો શિકાર બની રહી છે. આજના યુગમાં પણ બાળ લગ્ન કુપોષણ,એસિડ એટેક, ઓનર કિલિંગ, તસ્કરી અને બાળકીનાં શિક્ષણ જેવી વિવિધ સમસ્યાઓ જોવા મળે છે આજનો દિવસ આવા વિવિધ મુદા પરત્વે જનજાગૃતિ લાવવાનો છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

'બેટી બચાવો, બેટી પઢાવો' જેવા નારા માત્રથી નહી પણ દેશનો પત્યેક નાગરીક આ બાબતે પૂર્ણ રીતે જાગૃત થાય છે તે જરૂરી છે. કારણ કે છોકરીઓ દેશનું ભવિષ્ય છે, સૌ પરિવારમાં તેની ભૂમિકા અહંમ છે. દેશના વિકાસ અને નિર્માણમાં પણ તેની ભૂમિકા મહત્વની છે. જન્મથી જ વિવિધ ભૂમિકા ભજવતી આપણી 'બેટી', બહેન,માં, પત્ની જેવી વિવિધ ભૂમિકા ભજવીને પરિવારનું જતન કરે છે.એક પરિવારની સંભાળ સાથે પેઢી ને આગળ વધારવાનું તેનું સર્વોપરી યોગદાન હોય છે. દોઢ દાયકાથી ઉજવાતા આ દિવસ છતાં આજે દેશમાં તેના ઉપર વિવિધ અત્યાચારોની ઘટના બનતી રહે છે. રાષ્ટ્ર વિકાસ માટે તેને છોકરા જેટલી જ સમાન તકો મળે તો તે છોકરા કરતા કયાંય આગળ નીકળી શકે તેવી તાકાતવાન હોય છે.

ગયાવર્ષની થીમમાં, 'ડિજિટલ પેઢી, હમારી પેઢી, હમારા સમય હે, હવે આપણો અધિકાર,આપણું ભવિષ્ય' હતી. આજના ડિજિટલ યુગમાં છોકરા સાથે છોકરીઓને આગળ વધવાની તક આપો, મા-બાપે પણ છોકરા-છોકરી વચ્ચે ભેદભાવ ન રાખવો. જોઈએ, જેન્ડર અવેરનેશ એ સૌથી અગત્યની બાબત છે. આજના યુગમાં નારી શકિતના વિવિધ રૂપોમાં વૈશ્વીક સ્તરે ભારતીય કન્યાઓ ગોલ્ડ મેડલ જીત્યા છે. બાળપણથી તેના ઉપર અંકુશની વાત દિકરીઓનો વિકાસ રૂંધે છે. મા-બાપો જ ઘણી બધી પાબંદી લગાવીને તેને શાળાએ ભણવા પણ મોકલતા નથી.

સેવ ધ ગર્લ ચાઈલ્ડ મુવમેન્ટની જાગૃતિમાં સમાજના દરેક વર્ગે જોડાવવાની જરૂર છે, કારણ કે બધાના ઘરમાં એક દિકરી હોય છે.ત્યારે તેનું ભવિષ્ય ઉજવળ બને તેવા પરિવારના પ્રયાસો હોવા જોઈએ. વુમન એમ્પાવરમેન્ટની યોજના વચ્ચેપણ બાળકીઓ વિવિધ સમસ્યાનો સામનો કરી રહી છે. તેના કાનુની અધિકારો, રક્ષણ, તબીબી સંભાળ જેવા વિવિધ મુદે આપણે હજી ઘણું કરવાનું બાકી છે. આજે પણ તેમના જીવનનાં વિવિધ તબકકાઓમાં શોષણ અને અત્યાચારો થઈ રહ્યા છે જે સમાજ માટે શરમજનક ઘટના છે. છોકરીઓ શિક્ષણ, નોકરી, કપડા જેવી વિવિધ બાબતોમાં અસમાનતા જોવા મળે છે, તે માટે જનજાગૃતિની જરૂર છે. સમાજમાં લિંગ આધારીત પૂર્વ ગ્રહો દૂર કરવા જરૂરી છે.

દેશની તમામ બાલિકાઓને ટેકો અને તકો પૂરી પાડવાના ઉદેશથી ઉજવાતો આ દિવસ ઉત્સવની જેમ ઉજવીને મહિલાઓને શિક્ષીત કરવા અને તેમને આત્મ નિર્ભર બનાવવા દરેક નાગરીકે કાર્ય કરવુંજ પડશે. કન્યાકેળવણી માટે પહેલાતો લોકોને શિક્ષીત કરવા પડશે. છોકરીઓપ્રત્યે સમાજના વલણમાં બદલાવ જરૂરી છે.સ્ત્રી ભ્રુણ હત્યા ઘટાડવા અને ઘટતા લિંગ ગુણોત્તર વિશે જાગૃતતા લાવવા સૌ કટિબધ્ધ થવું પડશે. આપણા દેશમાં કન્યાઓ માટે સુકન્યા સમૃધ્ધિ યોજના કન્યાને મફત શિક્ષણ, અનામતનોલાભ જેવી વિવિધ યોજના ચાલે છે.

તમારા પરિવારમાં બાળકી વિના સમુધ્ધિ, સુખ અને કિર્તિમેળવી શકતા નથી માટે તેનો આદર કરો, સંભાળ રાખો,

**છોકરીઓ દેશનું ભવિષ્ય છે, પરિવારમાં તેની જેટલી ભૂમિકા અહમ છે, તેટલી જ ભૂમીકા સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં પણ છેઃ જન્મથી જ એક બેટી વિવિધ ભૂમિકા ભજવે છે, જેમાં, બેટી, બહેન, પત્ની અને માઁ મુખ્યત્વે ગણાય છે**

### રાષ્ટ્ર વિકાસ અને ઉત્થાનમાં પુરૂષો અને મહિલાઓની ભૂમિકા સમાન

કોઈપણ રાષ્ટ્રના વિકાસ અને તેના ઉત્થાનમાં પુરૂષો અને મહિલાઓની ભૂમિકા સમાન હોય છે. આજે ભારતની બેટીઓ પુરૂષોની સાથે ખંભે ખંભો મિલાવીને ચાલે છે, પણ આજે કેટલાક ભાગોમાં સુષ્ટિના સર્જનની આધાર મહિલાઓનું શોષણ અને ઉત્પીડન સાથે બાલિકા સાથે ઘરેલું હિંસાની ઘટના જોવા મળે છે. દહેજના નામ ઉપર બહુ-બેટી ઉપર હિંસા થાય છે. તેમની સ્વતંત્રા છીનવીને ઘરની ચાર દિવારીમાં કેદ કરી દે છે, છતા આજે પહેલા કરતા ભારતમાં મહિલાની સ્થિતિ હવે સુધરતી જોવા મળે છે.

આજના દિવસે બાળકીની સુરક્ષા અને વિકાસ માટે વચનબધ્ધ થઈને કાર્યરત થવું પડશે. આજે રાષ્ટ્રપતિના વરદ હસ્તે બાળકીને પુરસ્કાર આપવામાં આવે છે. આજે બાલિકાઓ અને મહિલાઓને તેના અધિકારો બાબતે જાગૃત, આત્મનિર્ભર અને સ્વતંત્ર બનાવવાની પહેલનો દિવસ છે. વૈશ્વીક સ્તરે ૧૧ ઓકટોબરે 'ઈન્ટરનેશન ગર્લ ચાઈલ્ડ દિવસ ઉજવાય છે.ભારત સરકારે મહિલાઓની સુરક્ષા અને સમાનતાને સુનિશ્ચિત કરવા ઘરેલુ હિંસા કાયદો ,બાળ વિવાહ વિરોધ કાયદો ૨૦૦૯ તથા દહેજ વિરોધી કાયદો ૨૦૦૬ જેવા વિવિધ પગલા લઈને કાયદો લાગુ કરેલ છે. આજ કારણે ગ્રામ્ય વિસ્તારોમાં આ વિષયક ઘટનાઓ ઓછી થઈ છે.

# શિક્ષણની ગુણવત્તાનું ગુલાબી ચિત્ર કેટલું વાસ્તવિક, કેટલું આભાસી ?

### 'શિક્ષણનું પતન પ્રલય લાવી શકે' : ચાણક્ય

**ચિંતનની પાંખે**



**વિઠ્ઠલભાઈ વઘાસિયા**
Vdvaghasia@gmail.com.

નવી શિક્ષણનીતિ ૨૦૨૦ માં જે આયોજનો દર્શાવવામાં આવ્યા છે,એ સાકાર થાય તો ચોક્કસ શિક્ષણનું ગુલાબી ચિત્ર જોવા મળે જ,પરંતુ ખાટલે મોટી ખોડ એ છે કે આજે શિક્ષણ ક્ષેત્રે વાસ્તવિકતા કંઈક જુદી જોવા મળી રહી છે. શિક્ષણનું સ્તર દિવસે દિવસે કથળતું જાય છે.ભૂતકાળમાં જે જે રાષ્ટ્રીય શિક્ષણ પંચ કે શિક્ષણ નીતિઓ આવી તેમાં આવા જ આયોજન દર્શાવવામાં આવ્યા હોય છે,પરંતુ તેનો અમલ કરીને નક્કર સ્વરૂપ આપવામાં ખૂબ જ કચાશ રહી જતી હોય છે.પરિણામે શિક્ષણ ક્ષેત્રે સંતોષકારક પ્રગતિ જોવા મળી નથી.આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે,તેમ છતાં હજુ સુધી લોકોને શિક્ષણ ક્ષેત્રે સંતોષનો ઓડકાર આવ્યો નથી.લંબાણભયે એ ચર્ચા ટાળીએ.વાસ્તવમાં જે જે અહમ્ મર્યાદાઓ જોઈ રહ્યા છીએ,તેની છણાવટ કરવી જરૂરી લાગે છે.

કથળતા શિક્ષણને કાંઠે લાવવું હશે તો સૌ પ્રથમ શિક્ષકોની અછતને કાયમી ધોરણે દૂર કરવી પડશે. આમ તો ૨૦૧૭ થી શિક્ષકોની કાયમી જગ્યાઓ પૂરાતી જ નથી અને પ્રવાસી શિક્ષકો, જ્ઞાન સહાયકોથી સરકાર સંતોષનો ઓડકાર લે છે. શિક્ષકોની અછત એટલી બધી જોવા મળે છે કે અમુક સ્કૂલોમાં અગત્યના વિષયના શિક્ષકો જ ઉપલબ્ધ નથી.૧૯૯૮ થી શરૂ થયેલી વિદ્યા સહાયકોની યોજનામાં અમુક વર્ષની નોકરી થતા કાયમી નોકરીનો લાભ મળતો હતો.તાજેતરમાં સરકારને એવી સમજણ આવી કે કોઈ કાયમી થઈ જશે તો તેને નોકરીના લાભ આપવા પડશે,એટલે વિદ્યા સહાયકની યોજના રદ કરીને ૧૦ જુલાઈ,૨૦૨૩થી નવી યોજના 'જ્ઞાન સહાયક' દાખલ કરી.તેમાં વિદ્યા સહાયક કરતાં પગાર લગભગ ડબલ કરી દેવાયા એટલે કે વધારે પગારની લાલચથી કોઈ બહુ ઊહાપોહ ન કરે.કોઈ હલકી મનોવૃત્તિનો વેપારી પણ ન રમે,એવી રમત આમાં રમવામાં આવી.નોકરીનો કોન્ટ્રાક્ટ ઊભો કરવામાં આવ્યો.૧૧ મહિના પૂરા થાય એટલે નોકરી પૂરી.પછી ફરી નોકરી મળે તો મળે !

આજે હજારો વિદ્યાર્થીઓ બી.એડ.અને પીટીસીની ડિગ્રી મેળવ્યા પછી શિક્ષક બનવા માટેની જરૂરી પરીક્ષા એચટાટ કે એચટેટ પાસ કરીને કાયમી નોકરીની રાહમાં દિવસો પસાર કરી રહ્યા છે.આ વિદ્યાર્થીઓએ જ્યારે ડિગ્રી લીધી હશે,ત્યારે કેવાં કેવાં સપનાં જોયાં હશે ! એક શિક્ષક તરીકેની કાયમી નોકરી મેળવશે.પોતાના કુટુંબનો જીવન નિર્વાહ ચલાવશે,વગેરે વગેરે.પરંતુ વાસ્તવિકતા તો કંઈક જુદી જ સર્જાશે.આ નોકરી વાંચ્છું ઉમેદવારો માટે હવે પાંચ વર્ષની વિદ્યા સહાયક તરીકેની નોકરી પૂરી કર્યા પછી પૂરા પગારની કાયમી નોકરી મળવાની યોજના જ સંકેલાઈ ગઈ. ઉપર જણાવ્યા મુજબ આવા ઉમેદવારોને હવે માત્ર જ્ઞાન સહાયક તરીકે જ નોકરી કરવાની તક મળશે.નવી દાખલ કરવામાં આવેલી આ જ્ઞાન સહાયકની આખી યોજના અમાનવીય અને નિષ્ઠુર છે.એટલા માટે કે તેમાં કાયમી નોકરીની કોઈ તક જ નથી.સીધો અને સરળ અર્થ એવો થઈ શકે કે,બધી પાત્રતા હોવા છતાં આવા ઉમેદવારોને જિંદગીભર કરાર આધારિત બાંધ્યા પગારથી નોકરી કરવાની રહે ! એક બાજુ સરકાર નવી શિક્ષણ નીતિ આધારે શિક્ષણને વિશ્વ કક્ષાનું બનાવવા માંગે છે અને બીજી બાજુ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શિક્ષકનો રોલ અહમ્ હોવા છતાં,તેમને કાયમી કરવા માટે કે આપવાના થતાં જરૂરી લાભ આપવા માટે સરકાર આવા ત્રાગા કરી રહી છે ! શિક્ષિત બેકારોની મશ્કરી થઈ રહી હોય એવું સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે.આનો સીધો અર્થ એ થાય કે હવે સરકારને અન ઉત્પાદક ખર્ચામાં બિલકુલ રસ નથી.સરકારી શાળાઓને કેમ જલદી તાળા લાગે અને ખાનગી શાળાઓ કેમ ફૂલે ફાલે એમાં જ સરકારને રસ છે.

એવી કોઈપણ નોકરી નથી કે જેમાં પાંચ વર્ષે પેન્શન મળતું થાય,પણ વિધાનસભ્ય કે સંસદસભ્ય તરીકેની પાંચ વર્ષની ટર્મ પૂરી થતાં પેન્શન મળી શકે છે ! કરોડોનો લાભ રાજકારણીઓ મેળવી શકે છે.અને તે એક નહીં,બે નહીં,ત્રણ ત્રણ પેન્શન પણ મેળવી શકે છે.તો પછી શિક્ષકને કાયમી કરવામાં આટલો દ્વેષ કેમ ? શિક્ષકની કાયમી ઘટ પૂરી કરવામાં સરકારની ઢીલી નીતિ પાછળનો ભેદ શું ?

કાયમી શિક્ષકના વિકલ્પે સરકારે વિદ્યા સહાયક પ્રવાસી શિક્ષક અને હવે જ્ઞાન સહાયક શોધ્યા છે.

વર્ષ ૨૦૦૨૩ - ૨૪ થી જ્ઞાન શકિત યોજના હેઠળ જ્ઞાન શક્તિ,રેસીડેન્સીયલ સ્કૂલ,જ્ઞાન શકિત ટ્રાયબલ રેસીડેન્સીયલ સ્કૂલ,રક્ષા શક્તિ સ્કૂલ શરૂ કરવાની વાત હતી તેના માટે હોશિયાર વિદ્યાર્થીઓની ધોરણ છ માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ પણ લેવામાં આવી હતી.પાંચેક લાખથી વધારે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી.પરંતુ તેનું પરિણામ આવે તે પહેલા આખો જ્ઞાન સેતુ પ્રોજેક્ટ રદ કરી દેવામાં આવ્યો.લીધેલી પરીક્ષા માથે ન પડે એટલે જ્ઞાન સેતુ સ્કૂલને 'મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ' યોજનામાં તબદિલ કરવામાં આવી.એક બાજુ પૂરતા અભ્યાસ વગર આવી યોજનાઓ ઉતાવળે દાખલ કરવાનું અને પછી રદ કરવાનું બને છે.બીજી બાજુ નવી શિક્ષણ નીતિનો અમલ કરવાની તૈયારી આદરી દેવામાં આવી છે.આ વાસ્તવિકતા વચ્ચે શિક્ષણના સ્તરને સુધારવું અને આંતરરાષ્ટ્રીય કક્ષાનું બનાવવું એ કેટલું શક્ય બને ???

સરકારી શાળાઓમાં શિક્ષકોની ભયંકર ઘટ હોવાની સાથે સાથે જે કોઈ શિક્ષકો કાર્યરત છે તેમની પાસેથી પણ શિક્ષણ સિવાયનું અનેક ગણું કાર્ય લેવામાં આવી રહ્યુ છે.એક બાજુ શિક્ષણની ગુણવત્તા સુધારવાની છે અને બીજી બાજુ શિક્ષકે શિક્ષણની ગુણવત્તા સુધારવાની સાથે સાથે સરકાર દ્વારા બીજા જે જે કાર્યો સોંપવામાં આવે તે પણ કરવાના છે.

બધાને એમ છે કે માસ્તરો સાવ નવરા છે.પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની વેબસાઈટ અને એપ્લીકેશનોની આ માયાજાળ જુઓ: SSA આધાર ડાયસ,SSA ઓનલાઈન હાજરી, SSA ટ્રાન્સપોર્ટેશન,SSA માઈગ્રેશન,SSA એકમ કસોટી,દિક્ષા એપ,જી- શાલા એપ,ડીજીટલ ગુજરાત,વોટ્સ એપ સ્વમૂલ્યાંકન,ગરૂડા એપ (બી.એલ.ઓ.માટે),ફિટ ઈન્ડિયા - ખેલો ઈન્ડિયા,જ્ઞાનકુંજ પ્રોજેક્ટ,સરલ ડેટા એપ,મધ્યાહ્ન ભોજન યોજના એપ,સ્વચ્છતા પુરસ્કાર એપ,માઈક્રોસોફ્ટ ટીમ,SAS પગારબીલ,SAS માસિકપત્રક,SAS તફાવત બીલ,SAS મોંઘવારી તફાવત બીલ,બેઝ લાઈન સર્વે ઓનલાઈન ડેટા,એકમ કસોટી ઓનલાઈન, BLO ONLINE,કેશબૂક અન્ય ૨૦ થી વધુ રજીસ્ટર રોજ ઓફલાઈન અપડેટ કરવાના તે અલગ,દરરોજ શાળા સફાઈ,બાળકોના આધાર કાર્ડ- તમામ વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટ ખોલાવવા,ગેરહાજર બાળકોનું સર્વે,૧૫ થી ૧૮ વર્ષના શાળાએ ન ગયેલાઓની સર્વે કામગીરી.આટલું બધું ઓનલાઈન અને ઓફલાઈન કામ.આમ,વિવિધ ૩૮ પ્રકારની કામગીરી હોવા છતાં ભૂલ થાય તો સસ્પેન્ડ.સર્વિસબૂક ખોઈ નાખનાર સસ્પેન્ડ ન થાય.પૂલ તૂટી જાય તો સસ્પેન્ડ નહીં પણ ૧૬૦ ના ૧૬૫ ગુણ થઈ જાય તો સસ્પેન્ડ? ! ઉપરોક્ત કામગીરી ઉપરાંત જી-મેઈલ અને વોટ્સ એપ પર પરિપત્રો અને પત્રકોનો મારો ! એટલું જ નહીં બલકે આ તમામ માહિતી અર્જન્ટ મોકલવાની હોય છે.ખબર નહીં પણ શિક્ષણની દશા અને દિશા આ રીતે બદલાઈ શકે ? આપણને કોઈ પૂછે કે તમારાં સંતાનને સરકારી સ્કૂલમાં કેમ ભણાવતા નથી ? તો આપણો જવાબ એ જ હોયને કે,સરકારી સ્કૂલોમાં શિક્ષકોને ભણાવવા દે છે ખરાં ? !

જે દિવસે શિક્ષકોની કાયમી ઘટ,કાયમી શિક્ષકોથી પૂરી કરવામાં આવશે અને શિક્ષકો પાસે વર્ગખંડમાં ભણાવવા સિવાય અન્ય કોઈ પ્રવૃતિઓ કરાવવામાં નહીં આવે,તે દિવસે ખાનગી શાળાઓનાં વળતાં પાણી થશે.એટલું જ નહીં બલકે શિક્ષણ આંતર રાષ્ટ્રીય કક્ષાનું બની જશે,એ નક્કી વાત છે.પરંતુ આ થોડું શક્ય છે ...!

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**૨૪ -૦૧-૨૦૨૪ બુધવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (શુ તમે કુંવારા છો )
૦૨:૦૦ થી ૦૨:૩૦ સમાચાર
૦૨:૩૦ થી ૦૩:૩૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ રસથાળ (કબાબ)
૦૪:૦૦ થી ૦૭:૩૦ ભાગવત કે રામ કથા (ભાઈશ્રી રમેશભાઈ ઓઝા)
૦૭:૩૦ થી ૦૮:૦૦ સ્ટેન્ડ એ કોમેડી
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**૨૫-૦૧-૨૦૨૪ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભગવત કથા (પૂ.દિપાલી દીદી )
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ (જય વસાવડા )
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીતગુંજવાલી

## અબતક પંચાગ

### તા.૨૫-૧-૨૦૨૪ ગુરૂવાર

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૦ **શાલીવાહન શકિ:** ૧૯૪૫ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૪ |
| તિથી | પોષશુદ પુનમ પોષી પુનમ |
| નશ્રત્ર | પૂનવર્સુ |
| યોગ | વિષ્કુંભ **કરણઃ** વિષ્ટિ |
| સુર્યોદય | ૭.૨૮ **સુર્યાસ્તઃ** ૬.૩૧ |
| ચંદ્ર રાશી | કર્ક |
| રાશિ અક્ષર | ડ.હ |
| દિશાશૂળ | દક્ષિણ દિશાતરફ |
| રાહુકાળ | બપોરે ૧.૩૦ થી ૩ |
| દિવસનાચોઘડીયા | શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ |
| રાત્રીનાચોઘડીયા | અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૩૭ થી ૧.૨૦ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૬૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | | | ૫ | ૪ | ૧ | |
| ૪ | ૧ | ૨ | | ૮ | ૭ | | | ૫ |
| ૫ | | | | ૩ | | ૬ | | ૮ |
| | | | | ૯ | | ૮ | ૭ | |
| ૨ | ૯ | | ૭ | | | | | |
| | | ૮ | | ૫ | | | ૬ | ૯ |
| ૧ | | ૭ | | | | | ૪ | |
| | | ૫ | | | | ૭ | ૯ | ૩ |
| | ૨ | ૪ | ૫ | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૬૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૨ | ૬ | ૧ | ૩ | ૪ | ૫ | ૭ |
| ૭ | ૩ | ૫ | ૨ | ૮ | ૪ | ૯ | ૬ | ૧ |
| ૪ | ૬ | ૧ | ૯ | ૭ | ૫ | ૮ | ૩ | ૨ |
| ૯ | ૨ | ૩ | ૭ | ૬ | ૮ | ૧ | ૪ | ૫ |
| ૬ | ૫ | ૪ | ૩ | ૯ | ૧ | ૭ | ૨ | ૮ |
| ૧ | ૭ | ૮ | ૪ | ૫ | ૨ | ૬ | ૯ | ૩ |
| ૨ | ૮ | ૯ | ૧ | ૩ | ૬ | ૫ | ૭ | ૪ |
| ૫ | ૪ | ૭ | ૮ | ૨ | ૯ | ૩ | ૧ | ૬ |
| ૩ | ૧ | ૬ | ૫ | ૪ | ૭ | ૨ | ૮ | ૯ |

## આજનું રાશિફળ

**તા. ૨૪ .૧.૨૦૨૪ બુધવાર ,સંવંત ૨૦૮૦, પોષ સુદ ચતુર્દશી, પુનર્વસુ નક્ષત્ર, વૈધુતિ યોગ, ગર કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે.**

**મેષ (અ,લ,ઈ) :** ભાગ્ય ની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે,મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.

**વૃષભ (બ,વ,ઉ) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે,અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો,દિવસ મધ્યમ રહે.

**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો,દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.

**કર્ક (ડ,હ):** શત્રુઓ થી સાવધાન રહેવું,વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે,અંગત લોકોમાં મતભેદ રહી શકે .

**સિંહ (મ,ટ) :** સંતાન અંગે સારું રહે,અંગત સંબંધો સુધારી શકો,મનની વાત વ્યક્ત કરી શકો,શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** જમીન મકાન વાહન સુખ સારું રહે,પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.

**તુલા (ર,ત) :** નોકરિયાતવર્ગને સારું રહે,સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,નવા કાર્ય માં લાભ મેળવી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** આર્થિક બાબતો માં સારું રહે,બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ):** મિત્રોની મદદ મળી રહે,કામકાજ માં સફળતા મળે,દિવસ પ્રગતિકારક રહે.

**મકર (ખ,જ) :** ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી,બજાર બાબતનું ગણિત સંભાળી ને કરવું,વધુ વિશ્વાસે ના ચાલવું.

**કુંભ (ગ,સ,શ ) :** સગા સ્નેહી મિત્રો થી સારું રહે,કાર્ય માં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ):** નવા કાર્ય અંગે ઠોસ કદમ ઉઠાવી શકો,આશાનું કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

### પૈસો,પદ,પ્રતિષ્ઠા, ભોગ, વિલાસ પ્રાપ્ત કરવા માટે શુક્રની સહાયતાની જરૂર પડે છે

આજના સમયમાં ભૌતિક દોડમાં પૈસો,પદ,પ્રતિષ્ઠા, ભોગ, વિલાસ પ્રાપ્ત કરવા માટે શુક્રની સહાયતાની જરૂર પડે છે. જન્મકુંડળીમાં શુક્રની સ્થિતિ મુજબ વ્યક્તિને જીવનની ચમક દમકને ભોગ વિલાસ મળતા હોય છે. મારા વર્ષોના જ્યોતિષ અનુભવમાં મેં જોયું છે કે જયારે શુક્રના કારણે વિવાહનો પ્રશ્ન બનતો હોય કે જીવનમાં સારા સંબંધોમાં અડચણ આવતી હોય કે પૈસાનો પ્રવાહ રોકાતો હોય ત્યારે શુક્રના પ્રયોગ કરવાથી લાભ થાય છે. ખાસ કરીને શુક્રની અસર ધરાવતા અત્તરનો ઉપયોગ કરવાથી શુક્ર મજબૂત બને છે જો કે શુક્ર ક્યાં સ્થાનમાં છે અને કઈ રાશિમાં તથા ક્યાં ગ્રહની અસરમાં છે એ પ્રમાણે અત્તરનો શું પ્રયોગ કરવો એ નક્કી કરી શકાય છે અને એ મુજબ અત્તરનો સ્નાનમાં પ્રયોગ કે અત્તરને કપડાં પર લગાવવાનો પ્રયોગ કે જે તે વ્યક્તિને ભેટ આપવાનો પ્રયોગ કે પાણી માં વહાવવાનો પ્રયોગ કે એ મુજબના અત્તરના વિવિધ પ્રયોગ અને અત્તર સાથે અન્ય દ્રવ્ય ના પ્રયોગ અને અત્તર સિદ્ધ કરવાના પ્રયોગથી શુક્રને ચમક મળે છે. આપણી આસપાસની વસ્તુઓ માંથી જ પ્રયોગ બનતા હોય છે જન્મકુંડળીના અને ઓરાના યોગ્ય અભ્યાસ દ્વારા નિદાન કરી પ્રયોગ કરવામાં આવે તો અવશ્ય લાભ થાય છે.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

# “અમૃત” સ્ટેન્ડિંગમાં જમીન વેંચાણની દરખાસ્ત ફગાવાઈ

## અમૃત મિશન-૨.૦ અંતર્ગત રૂ.૪૬.૬૧ કરોડના ૬ કામોને બહાલી આપતી સ્ટેન્ડિંગ: ૪૧ દરખાસ્તો મંજૂર

### એચપીસીએલને વર્ષ-૨૦૨૧માં નક્કી કરાયેલા ભાવે જમીન આપવાની દરખાસ્ત નામંજૂર



તસવીરઃ કરન વાડોલીયા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં આજે બપોરે ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષસ્થાને મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૪૨ પૈકી ૪૧ દરખાસ્તોને મંજૂરીની મહોર મારવામાં આવી હતી. અમૃત મિશન-૦.૨ અંતર્ગત રૂ.૪૬.૬૧ કરોડના ૬ કામોને પણ બહાલી આપવામાં આવી હતી. ખડી સમિતિની બેઠકમાં કુલ ૫૬.૬૧ કરોડના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી. એચપીસીએલને ૨૦૨૧માં નક્કી કરાયેલી કિંમત મુજબ જમીન વેંચાણની અગાઉ પેન્ડિંગ રખાયેલી દરખાસ્ત નામંજૂર કરવામાં આવી છે.

આ અંગે વધુ માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકરે જણાવ્યું હતું કે અમૃત યોજના-૦.૨ અંતર્ગત વોર્ડ નં.૧૧માં સુએજ પમ્પીંગ સ્ટેશન મુંજકાને લાગૂ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર રોડ રિસ્ટોરેશન સાથે ભૂગર્ભ લાઈનનું કામ કરવા રૂ.૧૪.૮૧ કરોડ, રૂ.૯.૮૪ કરોડ અને ૭.૦૫ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત રૈયાધાર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટથી બજરંગવાડી હેડ વર્કસ સુધી ૫૦૮ એમ.એમ.ડાયાની પાઈપલાઈન લેઈંગ કરવાના કામ માટે રૂ.૫.૯૫ કરોડ અને વોર્ડ નં.૧૨માં અમૃત મિશન અંતર્ગત મવડી પાર્ટ તથા લાગૂ વિસ્તારમાં ડીઆઈ પાઈપલાઈન ડિસ્ટ્રીબ્યૂશન નેટવર્ક કરવાના કામ માટે રૂ.૭.૪૮ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો. કુલ ૫૬.૬૧ કરોડના વિકાસ કામો મંજૂર કરાયા હતા. જેમાં અમૃત મિશન-૦.૨ અંતર્ગત ૪૬.૬૧ કરોડના ૬ કામોને બહાલી આપવામાં આવી છે.

તેઓએ વધુમાં ઉમેર્યું હતું કે શહેરના વોર્ડ નં.૧૧માં સ્પિડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં મવડી તરફ જવાના રસ્તે ટીપીનો ૧૧૭૪ ચોરસ મીટરનો પ્લોટ એચપીસીએલ કંપનીને પેટ્રોલ પંપ બનાવવા માટે વેંચાણથી આપવા માટેની દરખાસ્ત જે અગાઉ પેન્ડિંગ રાખવામાં આવી હતી. દરમિયાન આજે સંકલન બેઠકમાં ભાજપના કોર્પોરેટરોએ એવું સૂચન કર્યું હતું કે પેટ્રોલ પંપ બનાવવા માટે એચપીસીએલ કંપનીને જે પ્લોટ વેંચાણથી આપવામાં આવનાર છે. તેનો ભાવ લેન્ડ રિક્વીઝેશન કમિટી દ્વારા ૨૦૨૧માં નક્કી કરાયો છે તો ત્રણ વર્ષમાં જમીનના ભાવમાં સારો એવો ઉછાળો નોંધાયો છે. ત્યારે જૂના ભાવે જમીનનું વેંચાણ જોઈએ નહિં. તેઓના આ સૂચનને માન્ય રાખવામાં આવ્યું છે અને જમીન વેંચાણની દરખાસ્ત નામંજૂર કરવામાં આવી છે.

નવેસરથી ભાવ નક્કી કરી સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મોકલવા માટે જણાવવામાં આવ્યું છે. સામાન્ય રીતે ટીપીના અનામત પ્લોટનું વેંચાણ જાહેર હરાજીથી કરવામાં આવતું હોય છે. પરંતુ સરકારના નિયમ મુજબ કોઈપણ સરકારી કંપનીને બજાર ભાવ મુજબ જાહેર હરાજી વિના જમીન વેંચાણથી આપી શકાતી હોય છે.

## કોર્પોરેટરોની સંઘ ભાવના: જયંત ઠાકર માટે એકત્રિત કરી ધનરાશિ

ભાજપના કોર્પોરેટરોમાં આર.એસ.એસ.ના તમામ સંસ્કારો જોવા મળે છે. કોર્પોરેશનમાં શાસક પક્ષના કાર્યાલયમાં મંત્રી તરીકેની જવાબદારી નિભાવતા જયંત ઠાકર છેલ્લા ઘણા સમયથી બિમાર છે. તેઓ છેલ્લા એક મહિનાથી સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક પૂર્વે મળેલી ભાજપના કોર્પોરેટરોની સંકલન બેઠકમાં ચેરમેન જયમીન ઠાકરે એવી લાગણી વ્યક્ત કરી હતી કે જયંતભાઈ માટે ધનરાશિ એકત્રિત કરવી જોઈએ. જેનું તમામ કોર્પોરેટરોએ અમલવારી કરી હતી. પુરૂષ કોર્પોરેટરોએ રૂ.૧,૦૦૦ જયારે મહિલા કોર્પોરેટરોએ રૂ.૫૦૦ ધનરાશિ આપી હતી.

## વોર્ડ નં.પમાં કોમ્પ્યૂટર લેબ સાથે મોડેલ સ્કૂલ બનશે

શહેરના વોર્ડ નં.પમાં સ્વામિ વિવેકાનંદ પ્રાથમિક શાળા નં.૭૨નું હયાત બાંધકામ તોડી તેના સ્થાને અત્યાધુનિક સુવિધાથી સજ્જ નવી શાળા બનાવવા માટે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા ૨.૮૦ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. બે માળની આ નવી શાળામાં ૧૬૦૦ ચોરસ મીટરનું બાંધકામ કરવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓ માટે ૧૪ ક્લાસરૂમ, પ્રાર્થના હોલ, પુસ્તકાલય, પ્રિન્સિપાલની ઓફિસ, સ્ટાફ રૂમ અને કોમ્પ્યૂટર લેબ જેવી સુવિધા ઉપલબ્ધ હશે. આ શાળા મોડેલ સ્કૂલ બનશે. આ કામ આર.કે. કન્સ્ટ્રકશનને રૂ.૨૨ ટકા ઓન સાથે આપવામાં આવ્યું છે.

## બુધ્ધિશાળી ઈજનેરો સરવાળામાં કાચા: રૂ.૧.૪૪ કરોડની ભૂલ !

૬ આંકડામાં પગાર લેતા કોર્પોરેશનના ઈજનેરો પ્રાથમિક શાળાના બાળકો પણ જે સરવાળા-બાદબાકી આસાનીથી કરી શકે તેમાં ભૂલ કરી રહ્યા છે. જેના કારણે રૂ.૧.૪૪ કરોડની તફાવતની રકમ મંજૂર કરવા માટે સ્ટેન્ડિંગમાં દરખાસ્ત કરવાની ફરજ પડી હતી. શહેરના વોર્ડ નં.૧માં રૈયાધાર ખાતે હયાત ૫૬ એમએલડીના એસટીપી પાસે ૨૩ એમએલડીનો નવો ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા અને તેનો પાંચ વર્ષનો કોન્ટ્રાક્ટ આપવાનું મૂળ કામ રૂ.૩૪.૭૪ કરોડનું હતું પરંતુ અગાઉ મોકલવામાં આવેલી દરખાસ્તમાં રૂ.૩૩.૩૦ કરોડનો ખર્ચ મંજૂર કરવા માટે જણાવવામાં આવ્યું હતું. જેને સ્ટેન્ડિંગ કમિટી દ્વારા બહાલી આપવામાં આવી હતી. દરમિયાન પાછળથી ભૂલ સમજાતા તફાવતની રૂ.૧.૪૪ કરોડની રકમ મંજૂર કરવા માટે આજે ફરી સ્ટેન્ડિંગમાં દરખાસ્ત રજૂ કરાઈ હતી. જેને બહાલી આપવામાં આવી છે.

---

------------------- રાષ્ટ્રીય બાલિકા દિવસ અંતર્ગત તેજસ્વિની પંચાયત -------------------

# છાત્રા જીલ કનેરિયાએ “મેયર” બની જનરલ બોર્ડ ચલાવ્યું

## ગાયત્રી મહેતા બન્યા ડે.મેયર, કૃપાલી ઉગસીયાએ મ્યુનિ.કમિશનરનું પદ શોભાવ્યું







તસવીરઃ કરન વાડોલીયા

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા આજે “રાષ્ટ્રીય બાલિકા દિવસ” નિમિતે રાજ્યવ્યાપી ઉજવણી કરવાનું નક્કી કરેલ છે. જે અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શ્રી રમેશભાઈ છાયા સભાગૃહ ખાતે તેજસ્વિની પંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજે કોર્પોરેશનના શ્રી રમેશભાઈ છાયા સભાગૃહ ખાતે યોજાયેલ તેજસ્વિની પંચાયત કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, શિશુ કલ્યાણ ખાસ ગ્રાંટ સંચાલિત યોજનાઓ અને અગ્નિ શામક દળ સમિતિ ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા, કાયદો અને નિયમોની સમિતિ ચેરમેન દેવુબેન જાદવ, પ્લાનીંગ સમિતિ ચેરમેન ચેતનભાઈ સુરેજા, કોર્પોરેટર જ્યોત્સનાબેન ટીલાળા, નાયબ કમિશનર અનિલ ધામેલીયા, ઈ.ચા.નાયબ કમિશનર એચ.આર.પટેલ, ઈ.ચા. પ્રોગ્રામ ઓફિસર તૃપ્તિબેન કામલીયા, ચીફ ફાયર ઓફિસર આઈ.વી.ખેર, પી.એ.ટુ કમિશનર અજય પરસાણા, મેનેજર કે.બી.ઉનાવા, વી.ડી.ઘોણીયા, એચ.જી.મોલીયા, આઈ.સી.ડી.એસ.શાખાના સી.ડી.પી.ઓ., અન્ય કર્મચારીઓ તથા આજના તેજસ્વિની પંચાયતકાર્યક્રમમાં કોર્પોરેટર તરીકેનો રોલ ભજવી ઉપસ્થિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓની ૧૦૦ જેટલી બાલિકાઓ ઉપસ્થિત રહેલ હતી.

આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદબોધન કરતા મેયર નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે રાજકોટ મહાનગરપાલિકાની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થયેલ છે. આ ૫૦ વર્ષમાં રાજકોટ શહેરના ઘડતર માટેના નિયમો આ સામાન્ય સભા ખંડમાં ઘડાયા છે. આ કાર્યક્રમ બદલ બાલિકાઓને બોર્ડની કાર્યવાહીનું સંચાલન કરવાની એક સુંદર તક મળેલ છે જે ખુબ ખુબ અભિનંદનને પાત્ર છે. સ્વામિ વિવેકાનંદનું સૂત્ર છે ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો આ સુત્રને ચરિતાર્થ કરવા ખુબ મહેનત કરો અને આગળ વધો તેવી શુભેચ્છા પાઠવેલ છે.

આજના તેજસ્વિની પંચાયત કાર્યક્રમમાંમેયર તરીકે જીલબેન કનેરીયા, ડેપ્યુટી મેયર તરીકે ગાયત્રીબેન મહેતા, કમિશનર તરીકે કૃપાલીબેન ઉગસીયા તેમજ સેક્રેટરી તરીકે ચાર્મીબેન વસોયાએ રોલ ભજવી ડાયસ સંભાળેલ હતું. આ કાર્યક્રમમાં સૌ પ્રથમ સામુહિક વંદે માતરમ ગાનગાઈને સામાન્ય સભાની શરૂઆત કરવામાં આવી. બાદમાં, સેક્રેટરીએ વિવિધ કોર્પોરેટરે રજુ કરેલ પ્રશ્નનું વાંચન કરેલ અને તેનો વિગતવાર જવાબ કમિશનરે રજુ કરેલ હતો.

આ કાર્યક્રમમાં સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓને ટોકન સ્વરૂપે સહાય કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું શાબ્દિક સ્વાગત પ્રવચન સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર દ્વારા કરવામાં આવ્યું તેમજ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યું. આ કાર્યક્રમની આભારવિધિ શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા દ્વારા કરવામાં આવેલ.

---

# પ્રેમના પાયા પર ઉભેલા પરિવારના ઘરે ‘શ્રીરામ’ની પ્રતિષ્ઠા કરો, આનંદની અનુભૂતિ થશે: પૂ. ભાઈશ્રી

## સાંસદ રામભાઈ મોકરિયા પરિવાર દ્વારા આયોજીત શ્રીમદ્ ભાગવત સપ્તાહ અંતર્ગત: ભવ્ય સમુહ લગ્નોત્સવમાં પૂ. ભાઈશ્રીએ નવયુગલોને આપ્યા આશિર્વાદ





**અબતક, રાજકોટ**

રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા પરિવારના સૌજન્ય- સહયોગથી રાજકોટના રેસકોર્સ મેદાન અયોધ્યા નગરી ખાતે વિદ્વાન કથાકાર પૂજ્ય રમેશભાઈ ઓઝા ના વ્યાસને શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન થયું છે. રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારના હજારો ધર્મનું રાગી શ્રોતાઓ આ પ્રેરણાદાયી કથા પ્રસાદ અને કથા વિરામમાં દરરોજ ભોજન પ્રસાદ નો લાભ લઈ રહ્યા છે. આજે તારીખ ૨૪ કથા યાત્રા અંતિમ ચરણોમાં છે.

રામભાઈ મોકરીયા પરિવાર આયોજિત ભાગવત સપ્તાહમાં સતત સાતમાં દિવસે રાજકોટના શ્રધાળું ભક્તજનોએ પૂ.ભાઈશ્રીની અલૌકિક અમૃત વાણી નો લાભ લીધો હતો અને ભાગવત સપ્તાહ ના સાતેસાત દિવસો દરમીયાન રેસકોર્સ મેદાન જાણે ખરેખર અયોધ્યા નગરી સ્વરૂપ બની હોય તેવો ધાર્મિક માહોલ છવાયો હતો. ભાગવત સપ્તાહ અંતર્ગત તા.૨૩ જાન્યુઆરી ના રોજ શાસ્ત્રી મેદાન ખાતે સેવાના પ્રકલ્પ રૂપે આયોજિત થયેલ ભવ્ય સમૂહ લગ્નોત્સવમાં પૂ. ભાઈ શ્રી પોતાનો અમુલ્ય એવો કીમતી સમય આપી હાજર રહ્યા હતા અને ૨૫ નવયુગલોને આશીર્વાદ આપ્યા હતા. પ્રભુતામાં પગલા પાડનાર આ નવયુગલો એ પૂજ્ય ભાઈશ્રીના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી.

ગઈકાલ મંગળવારે, કથાના સાતમા દિવસે કથા પ્રારંભમાં પૂ.ભાઈશ્રી એ કહ્યું કે, પ્રત્યેક માનવીએ મંદિરની ગરિમા નો ખ્યાલ રાખવો જોઈએ, મંદિરની પવિત્રતા જાળવી રાખવી, મંદિર હંમેશા સ્વચ્છ રાખવું, તેમાં સ્થાપિત ગાદી નથી વ્યાસપીઠ છે, મંડળ નથી મંદિર છે, ગાદી નથી ગોવિંદ છે. પ્રેમના પાયા ઉપર મંદિર ઉભું થાય, જ્યાં પ્રેમ હોય છે ત્યાં ત્યાગ કરવો પડતો નથી, ત્યાગ પ્રેમની શરત નથી, સ્વભાવ છે. પ્રેમના પાયા ઉપર ઉભેલા પરિવારના નિવાસસ્થાનમાં શ્રીરામની પ્રતિષ્ઠા કરો, બધાને આનંદની અનુભૂતિ થશે, પરિવારના પ્રેમની અને સમર્પણની ભાવના જીવંત રહેશે.

વ્યાસપીઠેથી ભાઈશ્રી એ કહ્યું કે, શ્રીમદ ભાગવત માં ઊંચાઈ અને ઊંડાણ છે. દરિયો ઊંડો છે પણ ઊંચો નથી એ જ રીતે હિમાલય ઊંચો છે પણ ઊંડો નથી. મહર્ષિ વેદવ્યાસ રચિત અને દેવાથી દેવ ગણપતિજી લેખિત શ્રીમદ ભાગવત ગ્રંથ, જે માત્ર ભાગવત નથી, કૃષ્ણની લીલાઓનું વર્ણન કરતો નથી પરંતુ યુગે યુગે તત્કાલીન માનવ સમાજને દિવ્ય જીવનનો સંદેશો આપે છે. કાળરૂપી સાપ સર્વજીવોને એક સરખો જ ડંખ મારે છે આ કાળરૂપી સર્પ એ જ તક્ષક છે. તક્ષકના ડંખથી મુક્તિ મેળવવા ભાગવત કથા શ્રેષ્ઠ સાધન છે, આ કથા પ્રાચીન છે પરંતુ તેનું વિષયવસ્તુ અર્વાચીન છે, પરમ વિવેકી મહાપુરુષોની કથા છે પ્રત્યેક વ્યક્તિના પ્રત્યેક પ્રશ્નનું સમાધાન ભાગવતમાં મળે છે, તેનું શ્રવણ કરનાર પુણ્યત્મા હોય .છે વર્તમાન સમયમાં બેસુરા જીવનથી સંસારમાં ક્યાંય શાંતિ નથી, જીવનના સાધુને સૂરમાં મેળવીને એક સૂરમાં ગાઈએ-એ સમયની માંગ છે. મિલે સૂર તુમ્હારા-હમારા ભારતમાં આ સ્થિતિ સર્જવાનું સામર્થ્ય કેવળ ભારતીય ગ્રંથોમાં છે. ભાગવત પ્રેમની પરબ છે, ધર્મ કથાઓ પ્રેમના પરબો છે. માણસ આ ધરતી ઉપર ન હોય તો પૃથ્વી પહેલા જેવી થઈ જાય, સમસ્યા અને સમાધાન એકમાત્ર માણસ છે. માણસ સુધરી જાય તો વિશ્વ સુધરી જાય.

પૂજ્ય ભાઈએ શાંત તથા પ્રવાહ દરમિયાન ભાગવત અને રામાયણ ગ્રંથની કેટલીક પ્રેરણાદાયી વાતો કરતા કહ્યું કે, જે જાગે છે તેને પરમાત્મા ના દર્શન થાય છે, જે સુતેલા છે તેને સંસાર મળે છે. આ મોહરુપી રાત્રિમાં સુઈ રહેનારા અનેક પ્રકારના સ્વપનમાં રાચે છે, ભોગ ભોગવે છે, વાસના વધારે છે, એમાં જ રચ્યા પચ્યા રહે છે અને તેથી તે સદા ઊંઘતા રહે છે, પણ જે યોગી છે, જ્ઞાની છે, પરમાર્થી છે, ભક્ત છે, જેણે માયા ના પ્રપંચને દૂર કર્યો છે તે આ સંસારમાં જાગે છે. વિષય ભોગનો જે ત્યાગ કરે છે, જેના હૃદયમાં સંસાર પ્રત્યેની કોઈ આશક્તિ રહેતી નથી... તે આ જગતમાં જાગ્યો છે, સુતેલો સંસાર સુખ ભોગવે છે અને જાગેલો પરમાત્માનો આનંદ અનુભવે છે, જાગનારને ઈશ્વરના દર્શન થાય છે. જે કામને આધીન છે તે સુતેલો છે, જેનો મોહ છૂટી ગયો છે, જેનામાં વિવેક-વૈરાગ્ય સ્થિર થયા છે, તે જાગ્યો છે, તેને જ પરમાત્માની પ્રીતિ થાય છે... જીવ ન જાગે ત્યાં સુધી એને પરમાત્મા ના દર્શન થતા નથી. રામ વનવાસ સમયે ભરત રાજા બનવાની ના પાડે છે અને શ્રીરામને કહે છે, આપ ભૂપતિ પૃથ્વીના પતિ છો, આપની ગેરહાજરીમાં દુષ્ટ લોકો પૃથ્વીને ધરાતાર કરવાની કોશિશ કરશે, પૃથ્વી આપણી માતા છે, દુષ્ટ લોકો પૃથ્વીનો ભોગ કરવા માંગે છે, પૃથ્વી પાસે માનવીની આવશ્યકતાઓ પૂરી કરવા માટે ખૂબ છે, પાણી આપે છે, અનાજ આપે છે અને ‘યજ્ઞ-સત્કર્મ’ કરશો ત્યાં સુધી વરસાદ વરસતો રહેશે. - રામચરિત માનસ કહે છે કે, બીજાનું હિત કરવા જેવો કોઈ ધર્મ નથી. - ખેડૂત જગતનો તાત છે, તેની ખેતીની ઉપજ માંથી ભગવાનનો ભાગ કાઢે છે... જોકે આ પરંપરા આજકાલ નહિવત છે.



# મોદી સ્કૂલના ત્રિવેણી સંગમ સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળ કલાકારોએ મન મોહી લીધા








## બાલ ભવનના રંગમંચ પર સ્કાઉટ ગાઈડનો દીક્ષા વિધિ એવોર્ડ વિતરણ અને રામ પ્રતિષ્ઠા સંસ્કૃતિ કાર્યક્રમમાં મહાનુભાવો થયા ભાવવિભોર

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના શિક્ષણ ક્ષેત્રે બાળકેળવણીમાં ભણતર સાથે વિદ્યાર્થીઓને ઈતર પ્રવૃત્તિમાં પારંગત બનાવી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં પારંગત બનેલી મોદી સ્કૂલના ત્રિવેણી સંગમ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

બાલભવનના રંગમંચ પર સ્કાઉટ ગાઈડ ની દીક્ષા વિધિ રાજ્યપાલ પુરસ્કાર એવોર્ડ વિજેતાઓનું સન્માન સન્માન અને ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠા અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ માં બાળકોની એક થી એક ચડિયાતા પરફોર્મન્સે સૌના મન મોહી દીધા હતા અને લોકો ભાવવિભોર બની ગયા હતા

૨૨ જાન્યુઆરીના રોજ મોદી સ્કુલ દ્વારા બાલભવન ખાતે ૪૩૦ વિદ્યાર્થીઓનો દિક્ષાવિધિ કાર્યક્રમ અન ૧૮૫ વિદ્યાર્થીઓને રાજ્યપાલ પુરસ્કાર એવોર્ડ આપી સન્માનીત કરેલ સાથે રામભકિતને ઉજાગર કરતો સાંસ્કૃતિક કાર્યક્રમ, રેલી, તેમજ વિવિધ કાર્યક્રમો યોજાયો હતો.

કાર્યક્રમની શરુઆત મહેમાનોના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના ગીત શાળાના પ્રિન્સીપાલ નિલેશભાઈ સેંજલીયાએ મહેમાનોનું સ્વાગત અને મેનેજીંગ ટ્રસ્ટી ડો. આર.પી. મોદી, મેનેજીંગ ડાયરેકટર ધવલભાઈ તેમજ પ્રિન્સીપાલ ઝાલાભાઈ, અમિભાઈ, ભૂમિકાબેન અને ડોલીબેન એ મહેમાનોનું સ્કાર્ફ અને કાર્ડ દ્વારા સ્વાગત કરેલું. ધો. ૭-૮ ના ૪૩૦ જેટલા વિદ્યાર્થીઓને દિક્ષાઅર્પણ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને દિક્ષાની અમૂલ્ય ભેટના સહભાગી બનવા રાજકોટ જિલ્લા પ્રમુખ જનાર્દનભાઈ પંડયા, નેશનલ કમિશ્નર સ્કાઉટ મનિષભાઈ મહેતા, જીલ્લા ચીફ કમિશ્નર ભીખાલાલ સીદપરા, જિલ્લા મંત્રી ભરતસિંહ પરમારએ હાજરી આપી હતી.

શાળાના મેનેજીંગ ટ્રસ્ટ ડો. આર.પી. મોદીએ વિદ્યાર્થીઓને આ પ્રસંગે કહ્યું હતું કે સમગ્ર ગુજરાત રાજયમાં રાજયપાલ એવોર્ડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ત્રીજા ભાગની સંખ્યા રાજકોટની છે. જયારે રાજકોટ જિલ્લામાં રાજયપાલ એવોર્ડની ૫૦ ટકા સંખ્યા મોદી સ્કુલની છે તે આનંદની વાત છે. ત્યારબાદ સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. અને મહેમાનઓના હસ્તે સ્કાઉટ- ગાઈડને સ્કાર્ફ પહેરાવવામાં આવેલ હતા. પ્રવતિનો હેતુ બાળકોને શરીરથી દઢ, મનથી જાગૃત અને પ્રમાણિક બનાવવાનો હતો. વિદ્યાર્થીઓમાં અનેરો આનંદ જોશ જોવા મળ્યો હતો.

સ્કાઉટ ગાઈડને આ તકે મેજેજીંગ ટ્રસ્ટી ડો. આર.પી. મોદી મેનેજીંગ ડાયરેકટર ધવલ મોદી તેમજ તમામ ઉપસ્થિત મહેમાનોના વરદ હસ્તે શિલ્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

શાળામાં સ્કાઉટ ગાઈડ પ્રવૃતિ ચલાવતા શાળાના શિક્ષકોનું પણ શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીઓ સાહસિક પ્રવૃતિમાં જોડાયેલા રહે તે માટે શાળામાં અનેક કેમ્પ

(અનું. આઠમાં પાને)

### રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાને અનુલક્ષીને

# રાજકોટ ઉમિયા ધામ દ્વારા યોજાયેલી ઓપન 'રામાયણમ' કિવઝમાં પુતિકા ગોધાણી પ્રથમ



## સંસ્થાના ટ્રસ્ટીઓ આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિ

**અબતક, રાજકોટ**

અયોધ્યામાં પ્રભુશ્રી રામની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠાની તવારીખ સાંસ્કૃતિક અવસરને અનુલક્ષી ઉમિયા માતાજી સંસ્થાન રાજકોટ (ઉમીયા ધામ) દ્વારા યોજાયેલી ઓપન રામાયણમ કવીઝ સ્પર્ધામાં રાજકોટની યુતિકા વિજયભાઈ ગોધાણીએ પ્રથમ સ્થાન હાંસલ કર્યુ હતું.સ્પર્ધાના માધ્યમથી દેશના ભાવિ નાગરીકો હિંદુ ધર્મના પવિત્ર ગ્રંથો માટે અનુરાગ કેળવે તેવા કેન્દ્રવર્તી વિચાર સાથે સંસ્થાની યુવા સંગઠન ટીમે યોજેલી સ્પર્ધામાં અનુષ્કા ભાયાણીએ દ્વિતીય તથા આયુષી બોડાએ તૃતીય સ્થાન હાંસલ કર્યુ હતું. સ્પર્ધામાં ત્રણ રનર્સ અપને પણ પુરસ્કૃત કરાયા હતા. જેમાં વિશેષ પુરોહિત, રૂદ્ર તિવારી અને કકશા કાથરોટિયાનો સમાવેશ થાય છે.સ્પર્ધામાં રાજકોટના કુલ ૧૫૭ સ્પર્ધકો સામેલ થયા હતા. સ્પર્ધામાં વિજેતા ક્રમાંક મેળવનારાઓને તો ઈનામો અપાયા હતા, પરંતુ વધુ અનુકરણીય વાત એ હતી કે તમામ સ્પર્ધકને પણ પ્રમાણપત્ર અને શાળા, ઉપોગી ચીજ-વસ્તુની ગીફ્ટ આપી પ્રોત્સાહીત કરાયા હતા.નવી પેઢી પણ હિંદુ સંસ્કૃતિ ભરું આદર અને આસ્થા કેળવે તેવા ઉમદા હેતુને બિરદાવી સમગ્ર કાર્યક્રમ રાજકોટના કટારીયા એન્ટરપ્રાઈઝના ધરોહર હતા. વલ્લભભાઈ બાવનજીભાઈ કટારીયાએ સ્પોન્સર કર્યો હતો.સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ કણસાગરા (ફિલ્મ માર્શલ) એ મા ઉમિયાનો ખેસ પહેરાવી વલ્લભભાઈનું સન્માન કર્યુ હતું. તેમના ધર્મપત્ની મંજુલાબેન કટારીયાનું સન્માન



મહિલા સંગઠન સમિતિના પ્રમુખ હેતલબેન કાલરીયાએ તથા કટારીયા પરિવારના રિમલભાઈ કટારીયાનું વિશેષ સન્માન યુવા સંગઠન મંત્રી વિજયભાઈ ગોધાણીએ કર્યુ હતું. તમામ સ્પર્ધકોને પોકેટ રામાયણ આપનારા અલ્પાબેન ભાલોડીયાન પણ સન્માનીત કરાયા હતા. તે જ રીતે સ્પર્ધા આયોજનમાં સહયોગી

(અનું. આઠમાં પાને)

# શ્રીનાથધામ હવેલીમાં વ્રજકુમારજી મહાદેવના સાનિધ્યમાં મનોરથી વૈષ્ણવો ભકિતમાં ભીંજાયા

## દિપદાન મનોરથે સર્જ્યો દિવાળી જેવો માહોલ



**અબતક,રાજકોટ**

સૌરાષ્ટ્રના પાટનગર રંગીલાનગર રાજકોટના ધર્મમય માહોલમાં રામ પ્રતિષ્ઠાન દિવસ ૨૨મીએ નાના મોવા શ્રીનાથધામ હવેલીમાં દિપદાન મનોરથ દીવાળી જેવા માહોલમાં વૈશ્નવોને ભકિતમાં ભીંજવી દીધા હતા.

રાજકોટ નાના મૌવા ખાતે આવેલ શ્રીનાથ ધામ હવેલી ખાતે ૨૨ના રોજ ગોસ્વામી ૧૦૮ વ્રજરાજકુમારજી મહોદય શ્રી ની મંગલ ઉપસ્થિતિમાં ઠાકોરજીના સુખાર્થે ભવ્યાતિત ભવ્ય દીપ દાન મનોરથના દર્શન ૧૧૦૦ દીવડા પ્રગટાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે હવેલીમાં જાણે દિવાળી મહોત્સવ હોય તેવો ઝગમગાટ થતા હજારોની સંખ્યામાં શહેરીજનોએ શ્રી ઠાકોરજીના દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. દર્શન બાદ તમામ ભકતજનોએ પૂજય વ્રજકુમારજીના આશીર્વાદ મેળવ્યા હતા.

# ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહે સેવાકાર્યો સાથે ઉજવ્યો જન્મદિન





## એસબીઆઈ આરસેટીના તાલીમાર્થીઓને સર્ટિફિકેટ વિતરણ બ્લડ ડોનેશન કેમ્પ સહિતના કાર્યક્રમો યોજાયા

**અબતક,રાજકોટ**

ધારાસભ્ય ડો. દર્શિતા શાહનો તાઃ૨૩ ના રોજ જન્મદિવસ હોય તેઓ દ્વારા દર વર્ષની જેમ પોતાનો જન્મદિવસ એકદમ સાદાઈથી ઉજવેલ છે. જે અંતર્ગત તેઓ દ્વારા એસબીઆઈ આર સેટી ના તાલીમાર્થી બહેનોને જુદા જુદા કોર્ષ જેવા કે કોમ્પ્યુટર એકાઉન્ટ, બ્યુટીપાર્લર વિગેરે કોર્ષ સફળતા પૂર્વક પૂર્ણ કરી ૭૦ જેટલા બહેનોને સર્ટીફીકેટ વિતરણ કરવામાં આવેલ તેમજ સરકારની સુકન્યા સમૃધ્ધિ યોજના અંતર્ગત પોસ્ટ ઓફીસ માં બાળકીઓના ઈનીસીયલ એકાઉન્ટ ખોલાવી ધારાસભ્ય દ્વારા પ્રથમ રકમ જમા કરવામાં આવેલ તેમજ બહેરા-મુંગા શાળા, ચિલ્ડ્રન હોમ ફોર બોયસ/ગર્લ્સ, મનોદિવ્યાંગ બાળકો, અંધ અપંગ વૃધ્ધાશ્રમ, સદ્ભાવના તથા રમણીક કુંવરબા વૃધ્ધાશ્રમમાં મીઠાઈ વિતરણ કરેલ તેમજ વિધાનસભા-૬૯ ના જનસેવા કાર્યાલય ખાતે સિવિલ હોસ્પીટલના દર્દીઓના લાભાર્થે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશન ના સહયોગ થી આ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ આ બ્લડ ડોનેશન કેમ્પનું દીપ પ્રાગટય થેલેસેમિયા ગ્રસ્ત બાળકીઓના હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે સિવિલ હોસ્પીટલના ડો.ગૌરવીબેન ધ્રુવ તથાક વિનયભાઈ જસાણી ઉપસ્થિત રહેલ. આમ સતત સેવા,સંગઠન અને સમર્પણના મંત્રને વરેલા ધારાસભ્ય ડો.દર્શિતા શાહ દ્વારા પોતાના જન્મદિવસની ઉજવણી એકદમ સાદાઈથી કરેલ.

# કેન્સરના નિદાનમાં રેડીયોલોજી તપાસ અનિવાર્યઃ ડો. દિવ્યા

## રાજકોટ કેન્સર સોસાયટી ખાતે રોજના ૧૦૦થી વધુ દર્દીઓનો રેડીયોલોજી વિભાગમાં તપાસ થાય છે



**અબતક,રાજકોટ**

કેન્સરની સારવારમાં છેલ્લા ઘણા દાયકાઓથી ઘણા બદલાવ થયા છે.જેમાં ખાસ કરીને રેડીયોલોજીનો ફાળો કેન્સરની સારવારમાં ખુબ જ મહત્વનો છે.કેન્સરનું વહેલુ નિદાન કેન્સરની સંપુર્ણ સારવાર માટે ખુબ જ અગત્યનું છે અને વહેલા નિદાનથી યોગ્ય પરિણામ મેળવી શકાય છે.

રેડીયોલોજીના આધુનિકરણ ને કારણે કોઈપણ જાતની સર્જરી વિના શરીરના અંદરના ભાગમાં રહેલી ગાંઠને શોધી તેની ઈમેટ ગાઈડ બાયેપસી કરવામાં આવે છે.જેનાથી ચોક્કસ પણે ગાંઠ કેન્સરની છે કે નહિં તેની ખબર પડે અને જો ગાંઠ કેન્સરની છે તો ક્યા પ્રકારનું કેન્સર છે તેનુ પણ નિદાન કરી શકાય છે અને ઓન્કોસર્જન અને ઓન્કોલોજીસ્ટને દર્દીની સારવારનો પ્લાન અને મોનીટર કરવામાં ખુબ જ મદદરૂપ સાબિત થાય છે.

રાજકોટ કેન્સર સોસાયટીના ફુલટાઈમ સીનીયર રેડીયોલોજીસ્ટ ડો.દિવ્યાના જણાવ્યા મુજબ અહીં કેન્સર નિદાન અને સારવાર માટે સીટીસ્કેન અને સોનોગ્રાફી વડે બાયોપ્સી લેવામાં આવે છે. જેમાં મુખ્યત્વે સ્તન,લીવર,ફેફસા,સ્વાદુપીંડ,મણકા અને પેટના અંદરના ભાગમાં રહેલી ગાંઠો માંથી બાયોપ્સી લેવાય છે.તદઉપરાંત (ટ્રાન્સરેકટલ સોનોગ્રાફી) અને (ટ્રાન્સવેજાઈનલ સોનોગ્રાફી) વડે બાયોપ્સી લેવામાં આવે છે.

નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ (રાજકોટ કેન્સર સોસાયટી) માં મેડીકલ તથા પેરામેડીકલ સ્ટાફ આ પ્રકારની બાયોપ્સીની પ્રક્રિયા દરમ્યાન ક્યારેક ઉદભવતી ઈમરજન્સીને પહોંચી વળવા સક્ષમ છે.નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલમાં કુંડારીયા પ્રેવેન્શન ફાઉન્ડેશનના સહયોગથી હોસ્પિટલમાં ૧૦,૦૦૦ થી વધુ સ્ક્રીનંગ મેમોગ્રાફી અત્યંત આધુનિક મેમોગ્રાફી મશીન દ્વારા કરવામાં આવી છે.ડો.દિવ્યાના જણાવ્યા મુજબ સ્તનમાં રહેલી નાની ગાંઠ જે બહાર દેખાતી ન હોય તેનું સોનો મેમોગ્રાફી દ્વારા નિદાન કરી હુક વાયર કોકલાઈઝેશનથી કાઢવામાં આવે છે જેથી પુરા સ્તનના ભાગને બચાવી શકાય.

નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલમાં તાજેતરમાં ૧.૫ટી એમઆરઆઈ મશીન કેન્સરના વધુ સચોટ નિદાન માટે લેવામાં આવ્યુ છે. તદઉપરાંત હોસ્પિટલમાં ૨ સી.ટી. સ્કેન મશીન,૨ આધુનિક સોનોગ્રાફી મશીન અને ડીઝીટલ મેમોગ્રાફી મશીન કેન્સરના સચોટ નિદાન માટે ઉપલબ્ધ છે.જેનાથી કેન્સર કેટલુ આગળ વધ્યુ છે તે જાણી શકાય. રાજકોટ કેન્સર સોસાયટીમાં રોજના ૧૦૦ થી વધુ દર્દી રેડીયોલોજી વિભાગમાં તપાસ અર્થે આવે છે.જેમાંથી ૫૦-૬૦ દર્દીની સોનોગ્રાફી મશીનથી કેન્સરની તપાસ અને ૩૦-૫૦ દર્દીના સી.ટી.સ્કેન દ્વારા તપાસ કરવામાં આવે છે.

# પૂ. ધીરગુરુદેવ પ્રેરિત મેડિકલ કેમ્પમાં ડો. ધર્મેશ શાહની અનોખી સેવા



**અબતક, રાજકોટ**

વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ સંચાલીત શિવકુંવરબેન બચુભાઈ દોશી મેડીકલ સેન્ટર, વૈશાલીનગર ના ઉપક્રમે આયોજીત સર્વરોગ નિદાન સારવાર સર્જરી કેમ્પમાં આંખના સર્જન ડો. ધર્મેશ શાહે પોતાની અર્હમ હોસ્પિટલમાં આંખના ઓપરેશન કરી અનેકને સાતારુપ બન્યા છે. તે બદલ ડો. સંજય શાહ, મહેશભાઈ વાધર વગેરેએ તેઓની સેવા બિરદાવી અભિવાદન કરેલ.

# કોર્પોરેશન આયોજીત સેવા સેતુ કેમ્પનો બહોળી સંખ્યામાં લોકોએ લીધો લાભ



## કેમ્પમાં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ સહિતના અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત



**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પારદર્શી પ્રશાસન માટે પ્રતિબધ્ધ સરકાર પ્રજાની લાગણી, માંગણી, અપેક્ષા પૂર્ણ કરવાના શુભ હેતુથી સરકારની જુદી જુદી યોજનાઓ સંબંધે લાભાર્થીઓને ઘર આંગણે સુવિધા મળી રહે, તેવા શુભ હેતુથી રાજ્ય સરકાર દ્વારા વિશેષ નવમા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ યોજવાનો નિર્ણય કરેલ છે. જેના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ મહાનગરપાલિકાને લગત જુદી જુદી સેવાઓ અંગેના નગરજનોના પ્રશ્નો તેમજ સરકારની યોજનાઓ વિગેરેના નિકાલ માટે નવમાં તબક્કાનો સેવા સેતુ કેમ્પનુ આજે સવારે ૦૯:૦૦ કલાકે, વેસ્ટ ઝોનમાં અમીન માર્ગના છેડે, ૧૫૦ ફૂટ રિંગ રોડ ખાતે આવેલ ગ્રાઉન્ડમાં આયોજન કરવામાં આવેલ. આ આ કેમ્પને દિપ પ્રાગટ્ય ધારાસભ્ય ડો. દર્શિતા શાહનાં વરદ હસ્તે કરી ખુલ્લો મુકવામાં આવેલ. આ કેમ્પમાં અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડિયા ઉપસ્થિત રહેલ.

આ સેવા સેતુ કેમ્પ માંનાગરિકોને સરકારની જુદી જુદી યોજનાઓનો લાભ મેળવવા માટે જુદી જુદી સરકારી કચેરીઓમાં ધક્કા ખાવા ન પડે, તે હેતુથી સેવા સેતુ કેમ્પમા પોતાના જ વિસ્તારમાં ઉકેલી શકાય તેવા પ્રશ્નોનો સ્થળ ઉપર જ તે દિવસે જ નિકાલ થશે એટલે કે, લોકોના ઘર આંગણે જ તંત્ર ઉપસ્થિત રહી પ્રશ્નોનો નિકાલ કરવામાં આવનાર છે. સરકારશ્રીનીવિવિધયોજનાઓ જેવી કે, પી.એમ. સ્વનિધિ યોજના, હેલ્થ કેમ્પ, આર.સી.એચ., આયુષ્યમાન યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પી.એમ. ભારતીય જન ઔષધી યોજના, આધાર નોંધણી, પી.એમ. આવાસ યોજના (અર્બન), સ્વચ્છ ભારત અભિયાન (અર્બન), પી.એમ. ઈ-બસસેવા, અમૃત યોજના, પી.એમ. ઉજ્જવલા યોજના, પી.એમ. મુદ્રા લોન યોજના, ડિજિટલ પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પી.એમ. વિશ્વકર્મા યોજના, ઉજાલા યોજના, ખેલો ઈન્ડિયા, ઉડાન યોજના, વંદે ભારત, અમૃત ભારત સ્ટેશન યોજના અને મામલતદાર કચેરી હસ્તકનીસરકારશ્રીનીવિવિધયોજનાઓ અંગે કામગીરી સવારે ૯:૦૦ કલાકથી બપોરે ૨:૦૦ કલાક સુધી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય ડો.દર્શિતા શાહએ સૌ લાભાર્થીઓને લાભ લેવા અનુરોધ કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જે આયુષ્યમાન ભારત કાર્ડ યોજના અમલમાં મૂકી છે એ વિશ્વની સૌથી

(અનું. આઠમાં પાને)

# કોળી યુવકની હત્યામાં ૧૨ શખ્સોનો નિર્દોષ છૂટકારો

## કુંદણી ગામે ૧૫ વર્ષ પહેલા ફાયરીંગ અને સામુહિક હુમલામાં એકનું મોત નિપજયું હતુઃ ૧૪ સામે ગુનો નોંધાયો તો

**અબતક,રાજકોટ**

જસદણ તાલુકાના કુંદણી ગામે ૧૫ વર્ષ પહેલાના ફાયરિંગ અને તીક્ષ્ણ હથિયારથી સામુહિક હુમલામાં કોળી યુવકની હત્યા કેસ રાજકોટ સેશન્સ અદાલમા ચાલી જતા બાર આરોપીઓને છોડી મુકવાનો હુકમ કર્યો છે.

આ કેસની ફરિયાદની હકીકત મુજબ, જસદણ તાલુકાના કુંદણી ગામે માવજી ભીખાભાઈ વૈજીયા અને રમેશ આંબાભાઈ વૈજીયા બંને પિતરાઈ ભાઈઓ પ્રાઈવેટ દુધની ડેરીમાં ભાગીદાર હોય, તેમાં દુધ ભરવા બાબતની અદાવત રાખી ગઈ તા. ૧૧/ ૦૮/ ૨૦૦૯ના રોજ સાંજના ૭:૧૫ વાગ્યે કુંડળી જસદણ રોડ ઉપર પારેવાળા ગામની સીમમાં રમેશભાઈ વૈજીયા ઉપર લાલ રંગની ખુલ્લી જીપમાં આવેલા મુન્નો બાબભાઈ બસીયો, નરેશ વિનુભાઈ ખાચર, કિશોર વિનુભાઈ ખાચર, ગભરૂ ભાયાભાઈ, અમકુ ભાયાભાઈ, ભાભલુ વલકુભાઈ, વિનુ અનકભાઈ ખાચર અને ભાભલુભાઈ અનકભાઈ ખાચર તથા અજાણ્યા માણસો (રહે. બધા કુંદણી) વગેરેએ ફાયરિંગ કરવા ઉપરાંત તીક્ષ્ણ હથિયારથી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડતા રમેશભાઈનું લોહી લોહાણ હાલતમાં તરફડીયા મારતા મૃત્યુ થતા ઉપરોક્ત ટોળકીએ મોતને ઘાટ ઉતાર્યા અંગેની ફરિયાદ માવજી ભીખાભાઈ વૈજીયાએ ભાડલા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. તેમાં હત્યાના કારણમાં કાઠી દરબારો દૂધ મંડળી ચલાવે છે સામે રમેશભાઈ અને માવજીભાઈ પ્રાઈવેટ દૂધ ડેરી માટે દૂધ ભરતા હોય આ ધંધાકીય ખારની અદાવત રાખી આ બનાવ બન્યો હોવાનો ફરિયાદમાં જણાવ્યું હતું.

આ ફરિયાદના કામે પોલીસે તપાસ દરમ્યાન ઉપરોકત આરોપીઓને અટક કરેલ હતા અને ફરિયાદમાં નામ ન હોય તેવા આરોપીઓ બાવકુભાઈ વલકુભાઈ, શિવકુભાઈ શાંતુભાઈ, સુરેશ ભુપતભાઈ, જુસન ઉર્ફે જુસબ અબ્બાસભાઈને પોલીસ ધરપકડ કરી હતી. આથી કુલ આરોપીની સંખ્યા ૧૪ થઈ હતી, તપાસનાં અંતે પોલીસ દ્વારા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. જે કેસ કમિટ થઈ સેશન્સ કોર્ટમાં નિર્ણીત થવા માટે આવેલ હતો.



કેસની ટ્રાયલ દરમ્યાન પોલીસ દ્વારા વધુ બે પુરવણી ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યા હતા. જે બંને કેસો મુળ કેસ સાથે કોન્સોલીડેટ કરી ચલાવવામાં આવેલ હતા અને તમામ કેસો એકી સાથે ચલાવવામાં આવેલ હતા.

આ તમામ આરોપીઓનો કેસ સેશન્સ કોર્ટમાં ચાલવા માટે આવતા ફરિયાદ પક્ષે કુલ ૧૦૧ જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ હતા તથા કુલ ૭૩ સાહેદોને તપાસવામાં આવેલ. આ કેસનો પુરાવો નોંધાઈ રહયો હતો, તે દરમ્યાન ભાભલુભાઈ વલકુભાઈ ધાંધલ અને વિનુભાઈ અનકુભાઈ ખાચરનું ચાલુ કેસ દરમ્યાન મૃત્યુ થતા તેમની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ હતો. મુખ્ય આરોપી બાવકુ વલકુભાઈ લાંબો સમય સુધી જેલ કસ્ટડીમાં રહેલા હતા, બચાવ પક્ષે રોકાયેલા એડવોકેટસ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે ફરિયાદી કે નજરે જોનાર સાહેદોએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલું નથી. જે સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલું છે તે તમામ સાહેદો મરણજનારના કુંટુંબીજનો છે અને હાલના આરોપીઓ પાસે કયા આરોપીઓ પાસેથી હથિયાર અને કપડાં કબજે કરવામાં આવેલ હતા તે અંગેનો એક પણ પુરાવો સાબિત થયેલ નથી. તેમજ બંને પક્ષો વચ્ચે ઘણા સમયથી દુધની ડેરી બાબતે મનદુઃખ ચાલતું હોવાનું પોલીસ દ્વારા જે ચાર્જશીટમાં જણાવેલ હતું તે કારણ પણ ટકી શકે નહી કારણ કે બંને પક્ષો વચ્ચે ઘણા સમયથી સમાધાન થયેલ હતું. અંતમાં બચાવપક્ષનાં વકીલો દ્વારા પુરાવાનાં અભાવે અને પોલીસની તપાસમાં રહેલ ખામીઓને ઉજાગર કરી તમામ આરોપીઓને છોડી મુકવા રજૂઆતો કરી હતી.

બંને પક્ષોની વિગતવારની દલીલો તેમજ બંને પક્ષો દ્વારા રજુ કરવામાં આવેલ વડી અદાલતોના તેમજ સર્વોચ્ચ અદાલતનાં વિવિધ ચુકાદાઓને પણ ધ્યાનમાં લઈ સેશન્સ કોર્ટે તમામ આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવા હુકમ ફરમાવેલ હતો.આ કામમાં આરોપી વતી એડવોકેટ તરીકે અંશ ભારદ્વાજ, દીલીપ પટેલ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, અમૃતા ભારદ્વાજ, ગૌરાંગ ગોકાણી, પથીકભાઈ દફતરી, ભાવિનભાઈ દફતરી, નેહા દફતરી, નુપુર દફતરી, દિનેશ રાવલ, મુકેશ કેશરીયા, સંજયસિંહ જાડેજા, યુવરાજસિંહ જાડેજા , રવિરાજસિંહ જાડેજા, પીયુષ શાહ, અશ્વિન ગોસાઈ, નીવીદ પારેખ, નીતેશ કથીરીયા, હર્ષીલ શાહ, ચીરાગ શાહ, પરાગ લોલારીયા અને રઘુવીર બસીયા રોકાયા હતા.

# ચેક રિટર્ન કેસમાં વેપારીને ૧ વર્ષની સજા , રૂ.૮ લાખનું વળતર શિક્ષકને ચૂકવવાક્ષ હુકમ

## કોર્ટનું અવલોકન : ચેક ઈશ્યૂ કરનારે સ્ટોપ પેમેન્ટ કરાવેલ હોય તોપણ સજા થઈ શકે

**અબતક,રાજકોટ**

શહેરમાં રહેતા શિક્ષકએ મિત્રતાના દાવેઆપેલી રકમ પરત કરવા આપેલો ચેક રીટર્ન થવાના ગુનામાં દવાના વેપારીને એક વર્ષની શાદી કેદની સજા અને ચેકની રકમ મુજબનું વળતર ચૂકવવા અદાલતે હુકમ કર્યો છે

વધુ વિગત મુજબ શહેરના નિર્મલા કોન્વેન્ટ સ્કૂલ પાસે મંગલ શાંતિ એપાર્ટમેન્ટ માં રહેતા અને દવા નો વ્યવસાય કરતા ધનવીરભાઈ દીપકભાઈ મહેતા નામના વેપારીએ મિત્ર ઘનશ્યામસિંહ ચૌહાણ નામના શિક્ષક પાસે થી પોતાના ધંધા ના વિકાસ માટે વર્ષ ૨૦૧૬ માં રૂ.૮ લાખ હાથ ઉછીના લીધેલ હતા. જે પેટે ધનવીરભાઈ મહેતા એ પ્રોમિસરી નોટ લખી આપેલી હતી અને કાયદેસર ના લેણા ની ચુકવણી પેટે તા.૨-૫-૨૦૧૭ ના રોજ ચેક આપેલો હતો. ચેક બેન્ક માં નાખતા સ્ટોપ પેમેન્ટ ના શેરા સાથે ચેક વગર ચૂકવણે પરત ફરેલો હતો. બાદ ફરિયાદીએ આ અંગે કોર્ટ માં ફરિયાદ કરી હતી. બાદ બાદ કાયદાકીય જોગવાઈ મુજબ નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં લેણી રકમનો ચૂકવતા અદાલતમાં ની નેગોસીએબલ એકટ હેઠળ આરોપી વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. જે કેસ ચાલી જતા કોર્ટે ફરિયાદીના વકીલની દલીલ ને ધ્યાને લઈ ધનવીરભાઈ દીપકભાઈ મહેતા ને ૧ વર્ષ ની સાદી કેદ અને ચેક ની રકમ રૂપિયા ૮ લાખ નું વળતર ચૂકવવાનો હુકમ કરેલો છે. આ કામે ફરિયાદી વતી પંડિત એશોસીએટ ના એડવોકેટ સંજય પંડિત, વૈશાલી વિઠલાણી, કલ્પેશભાઈ મોરી અને બીનીતા જે. પટેલ વિગેરે રોકાયેલા હતા.

# ઓનલાઈન ફ્રોડના મુદામાં સાયબર માફિયાના જામીન રદ

## રેવન્યુ પ્રેકટીશનર વકીલો ઓનલાઈન સાયબરનો ભોગ બન્યા તા

**અબતક,રાજકોટ**

રાજકોટમાં જુદી જુદી સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં રેવેન્યુ પ્રકટીસ કરતા ૨૫ જેટલા વકીલો સાથે થયેલ ઓનલાઈન ફ્રોડના ચકચારી ગંભીર ગુનામાં આરોપીની રેગ્યુલર જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજુર કરી છે.

બનાવની હકીકત એવી છે કે, ગઇ તા. ૨૨/ ૦૮/ ૨૦૨૩ પહેલાના સમય દરમિયાન કેટલાક શખ્સોએ યુકો બેન્કમાં બી.સી. એકાઉન્ટ ખોલાવી સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં પ્રેક્ટિસ કરતા કેટલાક વકીલોના આધારકાર્ડ સંલગ્ન થમ્બ ઈમ્પ્રેશનનો ડેટા કોઈ કોમ્પ્યુટર રિસોર્સ દ્વારા આધાર એનેબલ સીસ્ટમની મદદથી મેળવી લઈ ફરિયાદી સહિતના વકીલોના બેન્ક એકાઉન્ટમાંથી તેઓની જાણ બહાર



કુલ રૂા. ૧૩.૫૩ લાખ ઉપાડી લઈ તેઓની સાથે ઓનલાઈન ફ્રોડ કરેલ હતું. આ કામના આરોપી કૈલાસ કાનારામ ઉપાધ્યાયે રેગ્યુલર જામીન પર છુટવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ અતુલ એચ. જોષી હાજર રહેલા અને તેઓએ પોલીસ પેપર્સ, સોગંદનામું તથા મુળ ફરિયાદી તરફેના વાંધા રજુ રાખેલ હતા અને એ રીતની દલીલો કરેલ હતી કે, આરોપી મુળ રાજસ્થાનનો રહેવાસી છે. તે આશરે ચારેક મહીના પછી અટક થયેલ છે. તપાસ હજુ ચાલુ છે. મુખ્ય આરોપીને હજુ પકડવાનો બાકી છે. રેવેન્યુ તરફે વકીલાત કરતા વકીલો તથા સાહેદો સાથે જે ઓનલાઈન ફ્રોડ થયેલ છે તેની રકમ ખુબ મોટી છે. આરોપીએ આ રકમનો ઉપયોગ કઈ જગ્યાએ કર્યો તથા કોના ખાતામાં કેટલા રૂપિયા ટ્રાન્સફર કર્યા તેની તપાસ ચાલુ છે. ફરીયાદી સહીત આશરે ૨૦થી ૨૫ લોકોના એકાઉન્ટમાંથી તેની જાણ બહાર રકમ ઉપડી ગયેલ છે. જેથી આવા આરોપીને જો જામીન આપવામા આવશે તો તેને ગુનાની ગંભીરતા સમજાશે નહી અને તે આવા જ પ્રકારના ગુનાઓ આચરશે. જે ધ્યાને લઈ સેશન્સ કોર્ટે આરોપી કૈલાસ કાનારામ ઉપાધ્યાયની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરી હતી.આ કામે સરકાર તરફે સરકારી વકીલ અતુલ એચ. જોષી , પરાગ એન. શાહ અને મુળ ફરીયાદી તરફે રેવેન્યુ બાર એસો.ના પુર્વ પ્રમુખ એડવોકેટ સી.એચ.પટેલ, જીગ્નેશ સી. પંડયા, મનીષ ડેડકીયા, કુલદીપ રામાનુજ, તથા અંકીત કુવાડીયા, પ્રશાંત ગોહિલ તથા હર્ષ વાઘેલા રોકાયા હતા.

# લિવ ઈનમાં રહેતી પરિણીતાએ બાળકોની કસ્ટડી પતિને સોંપવા હુકમ

## આધારકાર્ડમાં પિતાનું નામ બદલી નાખી સંતાનોનું સ્કુલમાં પ્રવેશ લીધો

## મામલતદાર, પોલીસ અને શિક્ષણ વિભાગના અધિકારીની સ્પષ્ટતા કરવા તાકીદ

**અબતક,રાજકોટ**

બાળકોની કસ્ટડી માટે ચાલી રહેલા કેસ દરમિયાન પતિ સાથે છૂટાછેડા લીધા વગર લિવ ઈનમાં રહેતી પરિણીતાએ ખોટા સોગંદનામાના આધારે બાળકોના આધારકાર્ડમાં પતિનું નામ કમી કરાવી લિવ ઈન પાર્ટનરનું નામ ચડાવી દીધાનો કિસ્સો પ્રકાશમાં આવ્યા બાદ એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજે તંત્રની ગંભીર ભૂલો અને નિષ્ફળતાની નોંધ ધ્યાને લઈ બાળકોની કસ્ટડી પિતાને સોંપી ગોંડલ સિટી પોલીસ ઈન્સ્પેક્ટર અને આધારકાર્ડ ઓથોરિટીની બેદરકારીની પણ ટીકા કરી છે.તેમજ શાળા પ્રશાસન દ્વારા ખોટા દસ્તાવેજના આધારે બાળકોને પ્રવેશ આપી દેવાતા કોર્ટે ગંભીર નોંધ લઈ ચુકાદાની નકલ હાયર ઓથોરિટીને મોકલીને જે તે અધિકારી અને પ્રશાસનની સ્પષ્ટતા કરવા આદેશ કર્યો છે.

આ કેસની વિગત એવી છે કે, જસદણ તાલુકાના વેરાવળ ગામે રહેતા સુરેશ હંસરાજભાઈ હરખાણીએ બાળકોની કસ્ટડીના મામલે પત્ની દયાબેન હરખાણી સામે કેસ કર્યો હતો. પત્ની ગોંડલ તાલુકાના મોટી ખીલોરી ગામે ભરત રામોલિયા સાથે લિવ ઈનમાં રહેતી હોય તેની ખરાબ અસર બાળકોના મગજ પર ન પડે તે માટે બાળકોનો કબજો માગ્યો હતો. આ કેસ ચાલી રહ્યો હતો.ત્યારે સામે આવ્યું હતુ કે,પત્ની દયાબેને આધારકાર્ડમાં પિતાનું નામ હટાવીને પોતાના લિવ ઈન પાર્ટનર ભરત રામોલિયાનું નામ બાળકોના પિતા તરીકે દર્શાવી નાખ્યું હતું. જોકે દયાબેને પતિ સાથે છૂટાછેડા લીધા ન હતા. આ મામલે સુરેશભાઈની ગોંડલ પોલીસે ફરિયાદ લેવામાં આવી ન હતી. કેસની સુનાવણી દરમિયાન દલીલો થતા અદાલતે નાયબ મામલતદાર અને આધાર ઓથોરિટીનો જવાબ માગ્યો હતો. જેમાં નાયબ મામલતદાર દ્વારા એવું કહી દેવામાં આવ્યું હતું કે, જે સમયે ફેરફાર થયો તે સમયે આધાર કિટ સસ્પેન્ડ કરી દેવામાં આવી હતી. આધાર કાર્ડમાં ફેરફાર તેમની ઓફિસ દ્વારા કરાયા નથી. આ જવાબની નોંધ લેતા કોર્ટે ટિપ્પણી કરી હતી કે, આ મામલે જવાબદારીની ફેંકાફેંકી થઈ રહી છે. આ ઉપરાંત ફરિયાદ નોંધાવા માટે ગયેલા સુરેશભાઈની ફરિયાદ સાંભળવામાં ન આવતા કોર્ટ દ્વારા તેની ગંભીર નોંધ લેવામાં આવી હતી . ચુકાદામાં કહ્યું હતુ કે, ગોંડલના પોલીસ ઈન્સ્પેકટર ડામોરે પોતે જ ફાઈનલ ઓથોરિટીની જેમ ચુકાદો આપીને ફરિયાદ બનતી ન હોવાનું કહી દીધું હતું. જે તપાસ અધિકારી તરીકેની નિષ્ફળતા બતાવે છે.ફરિયાદીની ફરિયાદ ઉપર ચુકાદો આપવાનો અધિકાર તેઓ પાસે નથી. મોટી ખીલોરી ગર્લ્સ સ્કૂલના પ્રિન્સિપાલે ખોટા દસ્તાવેજના આધારે કરેલી પ્રવેશ પ્રક્રિયાને પણ ગેરકાનૂની ગણાવી હતી. કોર્ટે ટીકા કરી કે આધારકાર્ડ ઓથોરિટી, શાળા પ્રશાસન અને પોલીસ તંત્રએ ખોટા દસ્તાવેજોના આધારે દયાબેન હરખાણીને સવલિયત આપી દીધી તે ખૂબ જ ગંભીર બાબત છે અને ત્રણેય ઓથોરિટીના ઉપરી અધિકારીઓએ જવાબદારોની સ્પષ્ટતા માગવી જોઈએ. અદાલતે નવા શૈક્ષણિક સત્રથી બન્ને બાળકોની કસ્ટડી પિતા સુરેશભાઈને સોંપી દેવા આદેશ આપ્યો હતો. આ કેસમાં સુરેશભાઈ હરખાણી વતી એડવોકેટ કૈલાસ જાની તથા લત્તાબેન જોશી રોકાયેલા હતા.

# બાળ મજૂરીની ફરિયાદના આધારે લેબર વિભાગનો આજી જીઆઈડીસીમાં દરોડો

## બાળ મજૂર મળી આવતા ફેક્ટરી સંચાલકો સામે ફરિયાદ નોંધાઈ

**અબતક, રાજકોટ**

રાજકોટના આજી જીઆઈડીસીમાં આવેલા ભાવેશ ગ્લાસ હાઉસ નામની ફેક્ટરીમાં બાળ મજૂરો પાસે મજૂરી કરાવાતી હોવાની માહિતીના આધારે લેબર વિભાગે દરોડો પાડ્યો હતો અને તેમાં એક બિહારની બાળકી મજૂરી કરતા મળી આવતા અને તેની ઉંમરનો કોઈ પુરાવો ન હોય મેડિકલ રિપોર્ટ કરાવ્યા બાદ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

લેબર વિભાગના અધિકારી એમ પી જોશીએ જણાવ્યું હતું કે, ભાવેશ ગ્લાસ હાઉસના આજી જીઆઈડીસી અને ચુનારાવાડમાં આવેલા બન્ને યુનિટો પર દરોડા પડાયા હતા. જેમાં આજી જીઆઈડીસીમાં ૨ અને ચુનારાવાડમાં ૧ મળી ૩ બાળમજૂરો મળતા નોટિસ અપાઈ છે. આજી જીઆઈડીસીમાં આવેલી ફેક્ટરીમાંથી એક બિહારની બાળકી મળી આવી હતી. જેનો એજ ડિટર્મિનેશન માટે સિવિલમાં મેડિકલ રિપોર્ટ કરાયો હતો અને બાળકીની ઉંમર ૧૪ વર્ષથી ઓછી હોવાનું સાબિત થતા બાળકીને સ્પેશિયલ હોમ ફોર ગર્લ્સ ખાતે રખાઈ છે અને ભાવેશ ગ્લાસ હાઉસના માલિક સામે લેબર ઓફિસર મિતેશ જોશીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# ચકચારી ડુપ્લીકેટ આયુર્વેદીક સિરપકાંડમાં વધુ એક શખ્સ જામીન મૂકત

## આયુર્વેદિકના ઓઠા હેઠળ નશીલા પદાર્થનો પર્દાફાશ કરી કરોડોનો મુદામાલ કબ્જે કર્યો

**અબતક,રાજકોટ**

ચકચારી ડુપ્લીકેટ આયુર્વેદ નશીલા સિરપકાંડમાં મુખ્ય આરોપીઓ પૈકીનાં જયરાજ ખેરડીયાની સેશન્સ કોર્ટમાં જામીન અરજી મંજુર કરી હતી.

વધુ વિગત મુજબ હુડકા ચોકડી સર્વિસ રોડ માધવ પાર્કિંગમાં આઈસર મળી પાંચેય ગાડીઓમા આયુર્વેદિક હર્બલતા.૩૦/૭/૨૩ની ૧૨ રાતે ડી.સી.બી.ને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી આઈસર ગાડીની તલાસી લેતા જેમાં બોકસમાં હર્બલ આયુર્વેદીકની બોટલો ભરેલ પુઠાના બોક્સ હોય જે ચોકકસ બાબતે આઈસર ગાડીના ડ્રાઈવરો પાસે કોઈ આધાર પુરાવા કે લાયસન્સ વગરનો લાખો રૂપિયાનો આયુર્વેદીક બોટલનો જથ્થો સાથે આરોપીઓ ધર્મેન્દ્ર ડોડીયા, રૂપેશ, ડોડીયા, અશોક ચૌહાણ, જયરાજ ખેરડીયા વિગેરે દ્વારા આલ્કોહોલ ભેળવી આયુર્વેદ દવા નામે નશાકારી સીરપની બોટલો ઉપર ખોટા નામવાળા બનાવટી સ્ટીકરો મારી ગુનાહિત કાવતરૂ રચી આયુર્વેદિક હર્બલ પીણાની બોટલો નંગ ૭૨૨૭૫ પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલ હોય જેની કિંમત આશરે રૂા. ૭૩,૮૭,૫૦૦/- નો આરોપીઓએ સામે ધોરણસરની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જયરાજ ખેરડીયાની ધરપકડ કરવામાં આવતા આરોપી તેમના એડવોકેટ સ્તવન જી. મહેતા મારફત રાજકોટની સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી.જેમાં બન્ને પક્ષકારોને સાંભળી તથા પોલીસ પેપર્સો તથા મુળ ફરિયાદીનાં લેખિત વાંધાઓ ધ્યાને લઈ સેશન્સ જજે આરોપી જયરાજ અમરશીભાઈ ખેરડીયાની જામીન અરજી શરતોને આધિન મંજુર કરી છે. આ કામમાં આરોપી વતી યુવા ધારાશાસ્ત્રી સ્તવન જી. મહેતા, નિકુંજ એમ. શુકલા, બ્રિજેશ ચૌહાણ, નિલરાજ રાણા, શ્યામ ત્રિવેદી , મદદનીશ તરીકે નિશાંત ચાવડા, સત્યજીસિંહ જાડેજા અને ઋષિત રોહિત રોકાયા હતા.

# દ્વારકા પ્રાઈડ નજીક ખાનગી કંપનીના મેનેજરે આપી તબીબને હત્યાની ધમકી

## કનેક્શન બાબતે તબીબને માર મારી હત્યા ધમકી દેતાં યુનિવર્સિટી પોલીસમાં નોંધાતો ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ નજીક દ્વારકા પ્રાઈડ બિલ્ડીંગમાં ઓફિસ નં. ૪૧૨માં મીરેકલ નામે કલીનીક ચલાવતા તબીબને કનેકશન લેવા બાબતે જીટીપીએલ મેનેજરે માર મારી હત્યા કરી નાખવાની ધમકી આપતા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

૧૫૦ ફૂટ રિંગ રોડ પર ગોકુલ મથુર ૩ એપાર્ટમેન્ટ પાછળ અક્ષર હાઈટ્સમાં રહેતા બીએએમએસ તબીબ રાજકુમાર ગજેરા એ જીટીપીલ મેનેજર વિવેક પઢિયાર સામે માર મારી હત્યાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવી છે.ફરીયાદીએ પોલીસને જણાવ્યું કે, તેના કલીનીકની બાજુમાં ચાર્ટડ “ એકાઉન્ટની ઓફિસ ધરાવતા નરેન્દ્રભાઈ બારોટ સાથે સંયુકતમાં જીટીપીએલનું કનેકશન લેવાનું હોવાથી ગઈ તા. ૧૭નાં આ અંગે અરજી કરી હતી. આથી કંપનીના મેનેજર આરોપી વિવેકે નેરનદ્રભાઈની ઓફિસે જઈ જગ્યાની વિઝીટ કરી સાંજ સુધીમાં કનેકશન ચાલુ થઈ જશે તેમ વાત કરી હતી.પરંતુ આજ સુધી કનેકશન ચાલુ નહી થતા સાંજે તેણે આરોપીને વિવેકને કનેકશન બાબતે ફોન કરી પૂછતાં બંને વચ્ચે રકઝકનો ખાર રાખી ગઈ કાલે બપોર આરોપી વિવેકે કનેકશન બાબતે ઝગડો કરી ઢીકાપાટુનો મારી હથોડી વડે મારવાનો પ્રયાસ કરી નીચે ઉતર એટલે તારૂ મર્ડર કરી નાખીશ એમ કહી ધમકી આપતા આરોપી વિવેક પઢિયાર સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન

SnT-E-12R2, તા.16-01-2024.

(2) ₹ 79,16,466.97/-

₹ 1,58,300/-

15-02-2024

www.ireps.gov.in

RJT-180

twitter.com/WesternRly

:: અધિસૂચના ::

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૦(૧) અને ૫૨ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૯ના નિયમ-૨૬(૧) અને ૨૬(૩)

રાજકોટ મહાનગરપાલિકાની મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૬ (મવડી)

હું નીચે સહી કરનાર નગર રચના અધિકારી, નગર નિયોજક-૨, રાજકોટ નગર રચના યોજના, રાજકોટ સદરહું યોજના વિસ્તારના તમામ જમીન માલિકો અને હિત સંબંધ ધરાવતી તમામ વ્યક્તિઓને જણાવું છું કે, ગુજરાત સરકારશ્રીના તા.૧૨/૧૨/૨૦૨૩ની અસાધારણ રાજ્યપત્ર ભાગ-૪ બી ના પાના નં.૩૫૫-૧ થી ૩૫૫-૨ ઉપર પ્રસિધ્ધ કરેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરની તા.૧૨/૧૨/૨૦૨૩ની અધિસૂચના ક્રમાંકઃ જીએચ/વી/૨૦૨૩નો ૨૪૩/UDUHD/TPS/e-file/18/2023/4656/L થી મારી હોદ્દાની રૂએ નગર રચના અધિકારી, તરીકે રાજકોટ મહાનગરપાલિકાની મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૬(મવડી)ને આખરી કરવા અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૦ ની પેટા કલમ-૧ હેઠળ નિમણુંક કરી છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૯ના નિયમ-૨૬ના પેટા નિયમ-૧ ની જોગવાઇ મુજબ જરૂરી છે એ પ્રમાણે હું આથી નોટીસ આપું છું કે, તા.૨૨/૦૧/૨૦૨૪ને સોમવારના રોજ નગર રચના અધિકારી તરીકે સદરહું ફરજો સંભાળી લીધેલ છે.

સદરહું મુસદારૂપ નગર રચના યોજના નં.૩૬(મવડી)ના વિસ્તારમાં મવડી ગામના રેવન્યુ સર્વે નં.૧૫ પૈકી, ૧૬ પૈકી, ૩૭૦ પૈકી થી ૩૯૦ પૈકી, ૩૯૭ પૈકી થી ૪૧૧ પૈકી તેમજ સરકારી ખરાબાના ટ્રાવર્સના સર્વે નંબર ૧૯૪ પૈકીની જમીનનો સમાવેશ થાય છે. તેની હદ વિસ્તાર (ચતુઃસીમા) નીચે પ્રમાણે છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૬(મવડી)નો હદ વિસ્તાર (ચતુઃસીમા)

ઉતરે :- આખરી નગર રચના યોજના નં.૨૭(મવડી)ની હદ તથા મવડી ગામના સર્વે નંબર આવેલ છે.

દક્ષિણે :- મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૫(વાવડી)ની હદ તથા રૂડા વિસ્તારના પાળ ગામનો સીમાડો આવેલ છે.

પૂર્વે :- આખરી નગર રચના યોજના નં.૧૫(વાવડી)ની હદ તથા મવડી ગામના સર્વે નંબર આવેલ છે.

પશ્ચિમે :- સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૫(મવડી)ની હદ આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-૩ની જોગવાઈ મુજબ જરૂરી છે, એ પ્રમાણે સદરહું મુસદારૂપ નગર રચના યોજના નં.૩૬(મવડી)માં સમાવિષ્ટ બાબતો પૈકી કોઇપણ બાબતમાં હિત ધરાવતી અથવા તેનાથી અસર પામતી તમામ વ્યક્તિઓને આથી હું જણાવુ છું કે, તેમણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૨માં જણાવેલ બાબતોના સંબંધમાં ગુજરાત સરકારશ્રીના રાજ્યપત્રમાં આ અધિસુચના પ્રસિધ્ધ થયા તારીખથી ૨૦ દિવસની અંદર, તેમના લેખિત વાંધા અને રજુઆતો જરૂરી અધિકૃત માલિકી આધાર-પુરાવા અને દસ્તાવેજો સહિત મારી સમક્ષ રજુ કરવા, તેમજ ઉક્ત મુસદ્દારૂપ નગર રચના યોજનાને કારણે કોઇ વ્યક્તિઓને નુકશાનકારક અસર પહોંચી હોય તો તે સદર અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૮૨ અનુસાર નુકસાની મેળવવાને હક્કદાર છે અને આવી વ્યક્તિઓએ આ અધિસુચના ગુજરાત સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩ મહિનાની અંદર તેમના હક્ક-દાવા જરૂરી દસ્તાવેજો પ્રમાણિત પુરાવા સહિત મારી સમક્ષ રજુ કરવા.

સરકારશ્રી દ્વારા તા.૧૨/૧૨/૨૦૨૩ના રોજ મંજુર કરવામાં આવેલ મુસદારૂપ નગર રચના યોજના નં.૩૬(મવડી)ની એક નકલ જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, નકશા, ફોર્મ સહિત જાહેર રજાના દિવસો સિવાયના તમામ દિવસોએ કચેરી સમય દરમ્યાન નગર રચના અધિકારીની નીચેના સરનામે આવેલ કચેરીમાં ખુલ્લી રાખવામાં આવેલ છે અને આ જમીનોમાં હિત ધરાવતી તથા નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામનાર પ્રત્યેક વ્યક્તિને આ યોજનાનું નિરિક્ષણ કરવાની વિનંતી કરવામાં આવે છે. કચેરીમાં યોજનાની દરખાસ્તો સમજુતી આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

સ્થળ : રાજકોટ
તારીખ : ૨૨/૦૧/૨૦૨૪

(એલ.આર.શેઠ)
નગર રચના અધિકારી
નગર નિયોજક-૨
રાજકોટ નગર રચના યોજના
રાજકોટ

કચેરીનું સરનામુઃ-
નગર રચના અધિકારીની કચેરી, નગર નિયોજક-૨,
રાજકોટ નગર રચના યોજના, રાજકોટ,
ઠે.આર.એમ.સી. મલ્ટીએક્ટીવીટી સેન્ટર, પ્રથમ માળ, નાનામવા સર્કલ,
૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ.૩૬૦૦૦૫, ફોન નં.૦૨૮૧-૨૪૭૬૩૦૭.

માહિતી/રાજ/૧૪૬૩/૨૪

# ટીપી શાખા બેફામ: સંકલન બેઠકમાં ભાજપના કોર્પોરેટરોની તડાપીટ

## ટીપીઓ અને એટીપી ફરિયાદો સાંભળતા ન હોવાની શિકાયત ખુદ ભાજપના ૧૦ કોર્પોરેટરએ સ્ટે.ચેરમેન સમક્ષ કરી

## ૧૦ કોર્પોરેટરોએ એક સાથે ટીપી શાખા સામે બાંયો ચડાવતા કોર્પોરેશનમાં ખળભળાટ

**અબતક રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં આજે બપોરે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠક પૂર્વેની ભાજપના કોર્પોરેટરની સંકલન બેઠકમાં ટીપી શાખાના અધિકારીઓ અને કર્મચારીઓના બેફામ વર્તન અંગે ખુદ શાસક પક્ષ ભાજપના કોર્પોરેટરોએ અવાજ ઉઠાવતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.આ અંગે મ્યુનિસિપલ કમિશનરનું ધ્યાન દોરવામાં આવશે જો જરૂર જણાશે તો તપાસ સમિતિની પણ રચના કરવામાં કવશે તેવી ખાતરી સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકર દ્વારા નગરસેવકોને આપવામાં આવી હતી.

સ્ટેન્ડિંગ કમિટીની બેઠક પૂર્વે ભાજપના તમામ કોર્પોરેટરોની એક બેઠક મળતી હોય છે.આ સંકલન બેઠકમાં સ્ટેન્ડિંગની દરખાસ્તો મંજૂર કરવી કે ના મંજૂર તે અંગે ઊંડાણપૂર્વક ચર્ચા વિચારણા કરવામાં આવતી હોય છે.આજે સ્ટેન્ડિંગ પૂર્વે મળેલી સંકલન બેઠકમાં ખુદ શાસકપક્ષ ભાજપના ૧૦ જેટલા કોર્પોરેટરોએ ટીપી શાખાની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા.ટીપીઓ અને એટીપી ગેરકાયદે બાંધકામો સહિતની કોર્પોરેટરોની જ ફરિયાદો ધ્યાનમાં લેતા ન હોવાની ફરિયાદ મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિત પાંચેય પદાધિકારીઓ સમક્ષ કરવામાં આવી હતી. પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ હોવાના કારણે પ્રજાના કામો અને ફરિયાદ આવતી હોય ત્યારે તમામ શાખાના અધિકારીઓને કોર્પોરેટર દ્વારા ફરિયાદ કરવામાં આવે છે.ટીપી શાખાના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ ચૂંટાયેલા જનસેવકોની ફરિયાદો કાને ધરતા નથી અને એકપણ ફરિયાદોનું નિકાલ કરવામાં આવતો નથી.ગેરકાયદે બાંધકામો અંગેની ફરિયાદોને પણ ઉલાળિયો કરી દેવામાં આવતો હોવાનો અવાજ એક સાથે ભાજપના ૧૦ કોર્પોરેટરોએ ઉઠાવ્યો હતો. ટીપીઓ અને ત્રણેય ઝોનના એટીપીને જાણે ઉપરથી જ આદેશ આપવામાં આવ્યા હોય તેવુ બેહુદુ વર્તન નગરસેવકો સાથે કરવામાં આવે છે. જો એક જ ફરિયાદ વારંવાર કરવામાં આવે તો મ્યુનિસિપલ કમિશનરને આગળ ધરી દેવામાં આવે છે અને ટીપીના અધિકારીઓ એવા બહાના આપે છે કે આ કામ કરવાની મ્યુનિસિપલ કમિશનરે ના પાડી હોવાના કારણે આવા કામ થઈ શકે તેમ નથી.

વિવાદો અને વહીવટ માટે પંકાયેલી ટીપી શાખા સામે ભાજપના ૧૦ જેટલા કોર્પોરેટરો લએ એક સાથે ફરિયાદનો મારો ચલાવતા કોર્પોરેશનમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.

### મ્યુનિસિપલ કમિશનરનું ધ્યાન દોરાશે, જરૂર પડે તપાસ સમિતિ રચાશે: ચેરમેન

સંકલન બેઠકમાં ભાજપના ૧૦ જેટલા કોર્પોરેટરોએ ટીપી શાખાના અધિકારીઓ અને કર્મચારીઓની કામગીરી સામે અવાજ ઉઠાવતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકરે તમામને એવું આશ્વાસન આપ્યું હતું કે, આ અંગે મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલનું ધ્યાન દોરવામાં આવશે તેમ છતાં જો ટીપી શાખાની કામગીરી અને વર્તનમાં કોઈ ફેરફાર નહીં આવે તો તપાસ સમિતિની પણ રચના કરવામાં આવશે. ચૂંટાયેલા પ્રતિનિધિ હોવાના કારણે લોકો કોર્પોરેટર સમક્ષ ફરિયાદ કરતા હોય છે ત્યારે કોર્પોરેશનના અધિકારી તમામ શાખાના અધિકારીઓએ કોર્પોરેટરોની ફરિયાદોને ગંભીરતાથી લેવી જોઈએ. ટીપી શાખા સામે આજે જે રીતે દસ કોર્પોરેટરોએ એક સાથે અવાજ ઉઠાવ્યો છે તેના આગામી દિવસોમાં ઘેરા પડઘા પડે તેવી શક્યતા પણ નકારી શકાતી નથી.

## જાહેરમાં ગંદકી કરવા બદલ રવેચી ટી સ્ટોલ સીલ




**અબતક રાજકોટ**

શહેરમાં આનંદ બંગલા ચોક સ્થિત રવેચી ટી સ્ટોલ દ્વારા જાહેરમાં સ્વચ્છતા જાળવતા ન હોવાથી અને ગંદકી સબબ ન્યુસંન્સ ફેલાવતા હોવાથી જાહેર આરોગ્યને નુકસાન કરે તે રીતે જાહેર ગંદકી તેમજ કચરો કરવામાં આવતો હોય, આ બાબતે નોટીસ અપાય હતી.વહીવટી ચાર્જની વસુલાત કરવામાં આવી હતી. આ ઉપરાંત આ શોપના સંચાલકોને જાહેરમાં ગંદકી ન કરવા તેમજ સ્વચ્છતા જાળવવા અવાર-નવાર સુચના આપવામાં આવેલ. તેમ છતાં જાહેર સ્વચ્છતા ન જળવતા સ્થળ તપાસ કરતાં શોપની આસપાસ ખુબજ ગંદકી તેમજ કચરો જોવા મળેલ હતો. રવેચી ટી સ્ટોલ સંચાલકોને નોટીસ આપીને ધી જી. પી. એમ. સી. એક્ટ - ૧૯૪૯ની કલમ - ૩૭૬ એ હેઠળ સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

## ૩૧મીએ કોર્પોરેશનનું બજેટ: કદ રૂ. ૨૭૦૦ કરોડ આસપાસ રહે તેવી સંભાવના

### ગત વર્ષે બજેટમાં કરબોજ ઝીંકવામાં આવ્યો હોય ચૂંટણી વર્ષમાં કરબોજ વિહોણું વાસ્તવિક બજેટ રજૂ કરવાના કરાશે ભરપૂર પ્રયાસો

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ-૨૦૨૪-૨૦૨૫નું અંદાજપત્ર અને ૨૦૨૩-૨૦૨૪નું રિવાઈઝડ બજેટ આગામી ૩૧મી જાન્યુઆરીએ મ્યુનિ.કમિશનર આનંદ પટેલ દ્વારા દરખાસ્ત સ્વરૂપે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવશે. ગત વર્ષે બજેટમાં તોતીંગ કરબોજ લાદવામાં આવ્યો હોય આ વર્ષે નવા કરબોજ વિહોણું ફૂલગુલાબી અને વાસ્તવિક બજેટ આપવાના પ્રયાસો કરવામાં આવશે.

ચાલુ નાણાકીય વર્ષના બજેટમાં મ્યુનિ.કમિશનર દ્વારા રૂ.૧૦૧ કરોડનો કરબોજ સૂચવવામાં આવ્યો હતો. જેમાં સ્ટેન્ડિંગ કમિટીએ મોટો કાપ મૂકી માત્ર ૪૦ કરોડના કરબોજ સાથેનું રૂ.૨૬૩૭.૮૦ કરોડનું મંજૂર કર્યું હતું. પાણી વેરામાં ૭૮ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. આ વર્ષે મ્યુનિ.કમિશનર દ્વારા ૩૧મી જાન્યુઆરીએ ડ્રાફ્ટ બજેટ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવશે. બજેટનું કદ આશરે ૨૭૦૦ કરોડ રૂપિયા આસપાસ રહે તેવી સંભાવના જણાઈ રહી છે. બજેટ મોટાભાગે તૈયાર થઇ ગયું છે. માત્ર આવક અને જાવકના આંકડાઓ સરભર કરવાની કામગીરી ચાલી રહી છે. નવા



નાણાકીય વર્ષના બજેટમાં રાજકોટવાસીઓ પર એકપણ રૂપિયાનો નવો કરબોજ લાદવામાં આવે તેવી સંભાવના ખૂબ નહિંવત જણાઈ રહી છે. છતાં જો મ્યુનિ.કમિશનર દ્વારા કરબોજ સૂચવવામાં આવશે તો લોકસભાની ચૂંટણી વર્ષમાં ભાજપના શાસકો તેને એક ઝાટકે નામંજૂર કરી દેશે તે પણ ફાઈનલ છે. મ્યુનિ. કમિશનર દ્વારા રજૂ કરવામાં આવનાર ડ્રાફ્ટ બજેટ પર સ્ટેન્ડિંગ કમિટી દ્વારા એક સપ્તાહ દ્વારા ઉંડાણપૂર્વકનો અભ્યાસ કરવામાં આવશે. ત્યારબાદ તેમાં કેટલીક નવી યોજનાઓનો ઉમેરો કર્યા બાદ ફેબ્રુઆરી માસના પ્રથમ સપ્તાહમાં તેને બહાલી આપી દેવામાં આવશે. રાજ્ય સરકારના નિયમ મુજબ ૨૦મી ફેબ્રુઆરી સુધીમાં બજેટ જનરલ બોર્ડમાં મંજૂરી કરી મોકલી દેવાનું રહે છે.

## જાહેરમાં કચરો સળગાવનાર સફાઇ કામદારને દંડ



**અબતક, રાજકોટ**

શહેરમાં સફાઈ અંગે જાગૃતિ આવે ન્યુસન્સ પોઈન્ટ ખાતે કચરો ફેંકતા લોકોને તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા, જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓ ને તેમજ જાહેરમાં પાન-ફાકી ખાઈ થુંકનારને સીસીટીવી કેમેરાના માધ્યમ દ્વારા ઝડપી લઈ દંડ વસુલાતની કામગીરી હાથ ધરવામાં આવે છે, જે અંતર્ગત ૧૦ વ્યક્તિઓને જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા તેઓને ઈ-ચલણ દ્વારા દંડ કરવામાં આવ્યો હતો.

કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કુલ ૧૦૦૦ કેમેરા દ્વારા દિનભરમાં ૧૩૫૫ લોકેશન ચેક કરવામાં આવેલ, જે અંતર્ગત કુલ ૪૭૦ સફાઈ કામદારો ની સફાઈ કામગીરી નું નિરીક્ષણ કરવામાં આવેલ છે, જેમાં વોર્ડ નં.૧૩/બ નાં એક સફાઈ કામદાર જાહેરમાં કચરો સળગાવતા નજરે પડેલ જેને રૂ.૨૫૦/- દંડ ફટકારવામાં આવેલ હતો.

## ભવાની ટ્રેડર્સ અને ઓમ ઈન્ડસ્ટ્રીઝ ફેબ્રીકેશન સીલ

### બાકીદારોની ૩૧ મિલકતોને સીલ કરતું કોર્પોરેશન: સાતના નળ જોડાણ કપાયા




**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની વેરા વસૂલાત શાખા દ્વારા આજે હાથ ધરવામાં આવેલી ટેક્સ રિકવરીની કામગીરી અંતર્ગત શહેરના અલગ-અલગ વિસ્તારોમાં બાકીદારોની ૩૧ મિલકતોને સીલ કરી દેવામાં આવી હતી. ચુનારાવાડ રોડ પર ભવાની ટ્રેડર્સ અને વાવડી વિસ્તારમાં ઓમ ઈન્ડસ્ટ્રીઝ ફેબ્રિકેશનને સીલ કરી દેવામાં આવ્યા હતા. ૧૦ મિલકતોને ટાંચમાં લેવામાં આવી હતી. જ્યારે સાત બાકીદારોના નળ જોડાણ કપાત કરવામાં આવ્યા છે. રૂ.૫૦.૪૧ લાખની વસૂલાત થવા પામી હતી. યાજ્ઞિક રોડ પર સિધ્ધી વિનાયક કોમ્પ્લેક્સમાં પાંચ મિલકત સીલ કરાઈ હતી. જ્યારે ભૂપેન્દ્ર રોડ પર રામાણી કોમ્પ્લેક્સમાં ૬ યુનિટ સીલ કરવામાં આવ્યા હતા. પેડક રોડ, સાધુ વાસવાણી રોડ, શ્રી હરિ ઉદ્યોગ વિસ્તાર, નવા થોરાળા, મનહર સોસાયટી, સોરઠીયા વાડી સહિતના વિસ્તારોમાં સાત બાકીદારોના નળ જોડાણ કપાત કરાયા છે. આજ સુધીમાં ૩,૬૬,૧૭૮ મિલકત ધારકોએ વેરા પેટે કોર્પોરેશનની તીજોરીમાં ૩૦૫.૪૧ કરોડ જમા કરાવી દીધા છે.

## કાલે શ્રીશાન વાડેકર રાજકોટવાસીઓને ડોલાવશે

### કોર્પોરેશન દ્વારા "પ્રજાસત્તાક પર્વ"ની ઉજવણી અંતર્ગત રેસકોર્સ ખાતે શ્રીશાન વાડેકરની "સંગીત સંધ્યા"



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૨૬-મી જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત કાલે ગુરૂવારના રોજ રાત્રે ૦૮:૩૦ કલાકે કવિ શ્રી રમેશ પારેખ રંગદર્શન, ઓપન એર થીએટર રેસકોર્ષ ખાતે સુપ્રસિદ્ધ પ્લેબેક સિંગર શ્રીશાન વાડેકર પ્રસ્તુત સંગીત સંધ્યા મ્યુઝિકલ નાઈટ યોજાશે. આ સંગીત સંધ્યા કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય અગ્રણી ઉદ્યોગપતિ મનીષભાઈ માદેકાના વરદ હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે. આ સંગીત સંધ્યા મ્યુઝિકલ નાઈટ કાર્યક્રમમાં સુપ્રસિદ્ધ પ્લેબેક સિંગર શ્રીશાન વાડેકર, સહાયક કલાકાર નિરૂપમા ડે (સારેગામા ફેઈમ), અંકિતા ભ્રામેહ, મ્યુઝિશિયનોની ટીમ અને એન્કર તરીકે ભીમસિંઘ કોટલ વગેરે અવનવા ગીતો રજુ કરી શહેરીજનોને ડોલાવશે.

આ સંગીત સંધ્યા કાર્યક્રમના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તડામાર તૈયારી ચાલી રહેલ છે. આ સંગીત સંધ્યા મ્યુઝિકલ નાઈટ કાર્યક્રમ અન્વયે આજે સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ અધિકારીઓ તથા વિવિધ એજન્સીઓના પ્રતિનિધિઓને સાથે રાખીને મંડપ, બેઠક વ્યવસ્થા, પાર્કિંગ, એલ.ઈ.ડી.સ્ક્રીન, એન્ટ્રી ગેઈટ, લાઈટ, સાઉન્ડ વગેરે કામગીરી અંગે સુચનાઓ આપવામાં આવેલ છે. તેમજ આ કાર્યક્રમના અનુસંધાને તા.૨૫/૦૧/૨૦૨૪ના રોજ બપોર સુધીમાં તમામ વ્યવસ્થા ગોઠવાઈ જાય તે અંગે અનુરોધ કરેલ છે. આ સંગીત સંધ્યા મ્યુઝિકલ નાઈટ કાર્યક્રમમાં ઉમટી પડવા શહેરીજનોને રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ તથા મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલએ હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે.

## રેલનગરમાં ડિમોલિશન: રૂ.૬.૮૪ કરોડની જમીન ખૂલ્લી કરાવાય




**અબતક, રાજકોટ**

ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા રેલનગર વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા ડિમોલીશનમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરી ૬.૮૪ કરોડની કિંમતની ૩૨૫૭ ચો.મી.જમીન ખૂલ્લી કરાવાય હતી.

શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૩માં રેલનગર કુંજ રોડ પર ટી.પી. સ્કીમ નં. ૨૩ (રાજકોટ)ના સેલ ફોર કોમર્સિયલ હેતુના એફ.પી. નં.૩૦/એફ તથા રેલનગર વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૧૯(રાજકોટ)ના પાર્કિંગ હેતુના એફ.પી.નં.૨૦/એ અનામત પ્લોટમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરી, અંદાજે ૬.૮૪ કરોડની કિંમતની ૩૨૫૭ ચો.મી. જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી.

## કોર્પોરેશનની સેન્ટ્રલ ઝોન કચેરીમાં કરાશે પ્રજાસત્તાક પર્વની ઉજવણી



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે ૨૬ જાન્યુઆરીના રોજ ૭૫માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે રાષ્ટ્રધ્વજને સલામી સમારોહમાં મેયર નયનાબેન પેઢડીયા ત્રિરંગો લહેરાવી, રાષ્ટ્રધ્વજને સલામી અર્પણ કર્યા બાદ ઉપસ્થિત મહાનુભાવો તથા અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા સામુહિક રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવશે અને ત્યારબાદ મેયર નયનાબેન પેઢડીયા દ્વારા શહેરીજનોને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છાઓ પાઠવશે તથા શહેરીજનો જોગ સંદેશ આપશે. આ પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાના પ્રટાંગણમાં જુદી જુદી વ્યવસ્થાઓ જેવી કે, મંડપ, સાઉન્ડ, પોડિયમ, બેઠક વ્યવસ્થા, પરેડ, સફાઈ, એન્કર વગેરે સહિતની બાબતોનું આજે સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ ચીફ ફાયર ઓફિસર આઈ.વી.ખેર, સિટી એન્જી. બી.ડી.જીવાણી, એ.એ. રાવલ, પર્યાવરણ ઈજનેર નીલેશભાઈ પરમાર, ડાયરેક્ટર પાર્કસ એન્ડ ગાર્ડન આર.કે. હીરપરા, મેનેજર ઉનાવા તથા અન્ય અધિકારીઓ, એજન્સીના પ્રતિનિધિઓને સાથે રાખીને રૂબરૂ મુલાકાત કરી રીવ્યુ કરેલ છે.

# કોંગ્રેસના કદાવર નેતા અર્જુન મોઢવાડિયા કેસરિયો ધારણ કરે તેવી સંભાવના

### ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં દિલ્હી ખાતેથી મોઢવાડિયા ભાજપમાં જોડાઈ તેવી શકયતા : કોંગ્રેસને એક પછી એક ડેમેજ યથાવત રહેવાનું નિષ્ણાંતોનું અનુમાન

**અબતક, ગાંધીનગર**

લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસને મોટાપાયે ડેમેજ થયાનું જાણવા મળી રહ્યું છે. જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે. તેમ નેતાઓ પક્ષ બદલી રહ્યા છે તેમજ રાજીનામાનો દોર ચાલી રહ્યો છે. હજુ થોડા દિવસ પહેલા જ ગુજરાત કોંગ્રેસના વિજાપુરના ધારાસભ્ય સીજે ચાવડાએ રાજીનામું આપ્યું હતું, ત્યારે હવે પોરબંદરના કોંગ્રેસના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ શકે તેવા અહેવાલ મળી રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ અર્જુન મોઢવાડિયા ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં મોઢવાડિયા ભાજપમાં જોડાઈ તેવી શક્યતા છે.

હાલ રાજ્યમાં રાજકીય ઉથપાથલ જોવા મળી રહી છે. ગુજરાતમાં ભાજપે ગઈકાલે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીનું રણશિંગુ ફૂક્યું હતું અને તમામ લોકસભા બેઠકના મધ્યસ્થ કાર્યાલયન શરુ કર્યા હતા. ભાજપનું ગુજરાતમાં ઓપરેશન લોટ્સ ચાલુ છે જે હેઠળ કોંગ્રેસ અને આપના નેતાઓને ભાજપમાં સામેલ કરવામાં આવી રહ્યા છે. અગાઉ કોંગ્રેસના દિગ્ગજ કહી શકાય એવા વિજાપુરનાં ધારાસભ્ય સી. જે. ચાવડાએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યું અને હવે કેસરિયા કરવાના છે ત્યારે હવે ઓપરેશન લોટ્સમાં સુદામાપુરી એટલે કે પોરબંદરની બેઠક અને કોંગ્રેસનાં સિનિયર નેતા અને ધારાસભ્ય અર્જુનભાઈ મોંઢવાડીયાનું નામ છાનેખૂણે ચર્ચામાં છે.

ભાજપમાં ભરતી મેળો શરૂ થયો છે. જેમાં કોંગ્રેસ નેતા વિપુલ પટેલ ભાજપમાં જોડાયા છે. વિપુલ પટેલ ૨૦૦૬થી સાબર ડેરીમાં ડાયરેક્ટર છે. વિપુલ પટેલ સાથે મોટી સંખ્યામાં સમર્થકો ભાજપમાં જોડાયા છે. સાથે જ મહુધાના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રજીત ઠાકોર ભાજપમાં જોડાયા છે.



ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના હસ્તે તમામ ભાજપમાં જોડાયા છે. ત્યારે કોંગ્રેસના ઉપપ્રમુખ રુપલ પંડ્યા પણ ભાજપમાં જોડાતા વિવિધ ચર્ચા શરૂ થઈ છે. મહુધાના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રજીત ઠાકોર ભાજપમાં જોડાયા છે. ત્યારે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે જણાવ્યું છે કે ભાજપ, દેશનું નેતૃત્વ નરેન્દ્રભાઈ કરે છે. પીએમ મોદી ગુજરાતના છે તે આપણા માટે ગૌરવની વાત છે. રાજનેતા વચનો કરે પણ પૂરા ન થયા. ભાજપની સ્થાપના પછી વચનો આપવામાં આવ્યા છે તે પૂર્ણ કર્યા છે. ગેરંટી આપીયે તે પૂર્ણ થાય છે. તમે પાર્ટી છોડી આવો છો તે ખરાબ છે તેમ હું નહીં કહું. હું કોઈ પાર્ટીની ટીકા કરતો નથી તમે આજે તમારા વિસ્તાર માટે આગળ આવ્યા છે. દેશ અને દુનિયાના લોકોની અપેક્ષા હતી કે રામ મંદિર બને. તે અપેક્ષા નરેન્દ્ર મોદીએ પૂર્ણ કરી છે. ભગવાન રામ રાજા હતા એટલે રાજાને શોભે તેવું મંદિર બન્યુ છે.

સાબરકાંઠા અરવલ્લી જ નહિ અન્ય જિલ્લાઓમાં પણ કોંગ્રેસમાં ગાબડું પડયુ છે. જેમાં મહુધાના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રજીત ઠાકોર ભાજપમાં જોડાયા છે. ઈન્દ્રજીતના પિતા નટવરસિંહ લાંબા સમયથી કોંગ્રેસમાં હતા. નટવરસિંહ અનેક વાર કોંગ્રેસમાંથી ધારાસભ્ય રહ્યા છે. ૨૦૧૭ માં ઈન્દ્રજીત ઠાકોર કોંગ્રેસમાંથી ધારાસભ્ય બન્યા હતા. મહુધાના પૂર્વ ધારાસભ્ય ભાજપમાં જોડાયા છે. તેમજ સાબરડેરી ડિરેક્ટર અને કોંગ્રેસ નેતા વિપુલ પટેલ પણ ભાજપમાં જોડાયા છે.

આ ઉપરાંત અર્જુન મોઢવાડિયા કોંગ્રેસના ધારાસભ્ય પદેથી રાજીનામું આપશે. તેઓ આગામી ફેબ્રુઆરીમાં બીજેપીમાં જોડાશે. ૫૦૦૦થી વધુ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો સાથે બીજેપીમાં જોડાશે. જેમાં માહિતી સામે આવી રહી છે કે ફેબ્રુઆરીમાં પ્રથમ સપ્તાહમાં બીજેપીમાં જોડાશે. તેવું સૂત્રો જણાવી રહ્યા છે.

(પહેલા પાનાનું ચાલું)

### પેટ્રોલ-ડિઝલ

૨૦૨૨ના છેલ્લા દિવસોમાં અને ૨૦૨૩ના શરૂઆતના મહિનામાં તેમને નુકસાન થયું હતું. પરંતુ, જ્યારે ગત વર્ષે જુલાઈથી સપ્ટેમ્બર વચ્ચે ક્રૂડના ભાવ ઘટી રહ્યા હતા ત્યારે પણ ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ભાવમાં ઘટાડો કર્યો ન હતો. મતલબ કે ઘણો નફો થયો. તે જ સમયે, જીઓ-બીપી અને રોસનેફ્ટ સમર્થિત ખાનગી ક્ષેત્રની પેટ્રોલ પંપ કંપની નાયરાએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૧ રૂપિયાનો ઘટાડો કર્યો હતો.

### તબીબી વિદ્યાર્થી

ઘણીવાર લોન તરીકે ચૂકવવા માટે મોટી રકમ ન હોવાને કારણે પ્રવેશ લઈ શકતા નથી. આ ઉપરાંત, તે એવા વિદ્યાર્થીઓને પણ લાભ કરશે જેઓ કેટલાક અનિવાર્ય કારણોસર તેમનો અભ્યાસ અધવચ્ચે છોડી દેવા માંગે છે. બંધનને કારણે ઘણા વિદ્યાર્થીઓ એટલા અસહાય અનુભવવા લાગે છે કે તેઓ આત્મહત્યા જેવું ભયંકર પગલું ભરે છે. આ સંદર્ભમાં, બોન્ડ સિસ્ટમ સમાપ્ત કરવાથી વિદ્યાર્થીઓ પર માનસિક દબાણ ઘટશે.

ડો. વણિકરે જણાવ્યું કે મધ્યપ્રદેશની એક કોલેજના પીજી વિદ્યાર્થીને સતત ૩૬ કલાક ડ્યુટી કરવી પડી હતી. તે સીટ છોડવા માંગે છે, પરંતુ કોલેજ તેને ૩૦ લાખ રૂપિયાનો દંડ ભરવાનું કહે છે. આર્થિક રીતે નબળા હોવાને કારણે વિદ્યાર્થીના પિતાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને ફરિયાદ કરી હતી. એ જ રીતે, મહારાષ્ટ્રની સરકારી મેડિકલ કોલેજમાં જનરલ સર્જરી વિભાગમાં એમએસ કોર્સના પ્રથમ વર્ષના વિદ્યાર્થીએ માનસિક રીતે ત્રાસ આપ્યા બાદ અભ્યાસ અધવચ્ચે જ છોડી દેવાનું નક્કી કર્યું, પરંતુ બોન્ડના રૂપમાં ભારે દંડ અને કડક કાયદાને લીધે, તે કરી શક્યો નહીં. તે કરશો નહીં.

ડો. વણિકરે કહ્યું કે આ નીતિ હવે સંબંધિત નથી. કારણ કે, છેલ્લા ૧૦ વર્ષમાં મેડિકલ સીટોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. હવે પહેલાની જેમ સીમિત સીટો નથી, જેના કારણે વિદ્યાર્થી સીટ છોડી દે તેવી સંભાવના છે. હવે, તબીબી શિક્ષણ માટેની બેઠકોમાં નોંધપાત્ર વધારો થયો છે અને જો કાઉન્સેલિંગમાં લાયક વિદ્યાર્થીઓ ન મળે તો બેઠકો ખાલી રહે છે.

### ચૂંટણી

આયોજન પ્રવૃત્તિઓના સંદર્ભ તરીકે કરવામાં આવ્યો હતો. મુખ્ય ચૂંટણી અધિકારીનું કાર્યાલય શક્ય મતદાનના દિવસે પોસ્ટ કરે છે. તે સ્પષ્ટ કરવામાં આવે છે કે આ તારીખનો ઉલ્લેખ માત્ર ચૂંટણી પંચની ચૂંટણી યોજના મુજબની પ્રવૃત્તિઓનું આયોજન કરવા અધિકારીઓના 'સંદર્ભ' માટે કરવામાં આવ્યો હતો.

૧૯ જાન્યુઆરીના રોજ તમામ ૧૧ જિલ્લા ચૂંટણી અધિકારીઓને જારી કરાયેલા પત્રમાં, સીઈઓ ઓફિસે ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલ ચૂંટણી યોજનાનો ઉલ્લેખ કર્યો હતો જેમાં ચૂંટણી તૈયારીઓના ભાગરૂપે વિવિધ પ્રવૃત્તિઓની વિગતો આપવામાં આવી હતી અને તેમાંની દરેકની સમયરેખા અને અવધિ પણ સામેલ છે. પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે, ''સંદર્ભના હેતુ માટે અને ચૂંટણી આયોજનમાં શરૂઆત અને સમાપ્તિ તારીખોની ગણતરી માટે, પંચે ૧૬ એપ્રિલ, ૨૦૨૪ની તારીખ લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે સંભવિત મતદાન દિવસ તરીકે આપી છે.

(ચોથા પાનાનું ચાલુ)

### મોદી સ્કૂલ

મુલાકાતો થતા રહે છે. જેમ કે પંચમઢી ખાતે એડવેન્ચર કેમ્પ, દિલ્હી ગઢપુરી, મનાલી એડવેન્ચર કેમ્પ, ગોવા એડવેન્ચર કેમ્પ ઓખા સી કેમ્પ, ઓસમ કેમ્પ જુનાગઢ પર્વતારોહરણ ગાંધી મ્યુઝિયમ મુલાકાત પોલ્યુશન સ્વચ્છતા, ટ્રાફીક અવરનેશ માટે સાઈકલ રેલી, રક્ષાબંધન પોલીસ હેડકવાર્ટર ખાતે ઉજવેલ

આ દરેક વિદ્યાર્થીઓની સફળતાને અને તેને ટ્રેનીંગ આપતા શાળાના શિક્ષકોને શાળાના મેનેજીંગ ટ્રસ્ટી ડો. આર.પી. મોદી મેનેજીંગ ડાયરેકટર ધવલભાઈ મોદી, પ્રિન્સીપાલ તથા શાળા પરિવારે શુભેચ્છા પાઠવી હતી.

### રાજકોટ ઉમિયા ધામ

આશિષભાઈ કોઠડીયાને પણ સન્માનીત કરાયા હતા.

સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ કણસાગરા (ફિલ્મ માર્શલ) દાતા વલ્લભભાઈ કટારીયા (કટારીયા ગ્રુપ) ટ્રસ્ટી નંદલાલભાઈ માંડવીયા, કાંતિભાઈ મકાતી, કિશોરભાઈ ઘોડાસરા તથા રમેશભાઈ ઘોડાસરાના વરદ હસ્તે સ્પર્ધકોને ઇનામો અપાયા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મિલનભાઈ ધમસાણીયાએ કર્યુ હતું. ઉપસ્થિત વાલીઓને ઉમિયા માતાજી સંસ્થાન (ઉમિયાધામ) તથા તેની ભગિની સંસ્થા પટેલ સેવા સમાજ અને પટેલ પ્રગતિ મંડળની પ્રવૃત્તિ તથા UMIYADHAM મોબાઈલ એપ વિષે વિજયભાઈ ગોધાણીએ માહિતગાર કર્યા હતા.

વિનુભાઈ ઈસોટીયા, સુરેશભાઈ અઘેરા, વિજયભાઈ વામજા, રસિકભાઈ ચીકાણી, ડો. વિશાલ વાછાણીએ ઓ.એમ.આર. ટેસ્ટ માટે સુંદર વ્યવસ્થા કરી હતી.

બઝર રાઉન્ડ માટે અરવિંદભાઈ, હરિકૃષ્ણભાઈ, કેવીનભાઈ, પીન્ટુભાઈ, પ્રતિકભાઈ તથા સંદીપભાઈએ સુંદર આયોજન કર્યુ હતું.

કર્મચારી ગ્રુપના રોહનભાઈ, મૌલિકભાઈ, જયેશભાઈ, યશભાઈ, દીપભાઈ તથા અનિલભાઈએ નોંધણી તથા તમામને ગીફ્ટ વિતરણની ઝીણવટભરી કામગીરી સરળતાથી પાર પાડી હતી.

જય ગીરનાર ગ્રુપના સદસ્યો વિપુલભાઈ, અશોકભાઈ, નીલેશભાઈ, વિવેકભાઈ, સંજયભાઈ, રાકેશભાઈ, મેહુલભાઈ, દિવ્યેશભાઈ સહીતની ટીમ કાર્યક્રમની સફળતા માટે સતત દોડતા રહ્યાં હતા.

યુવા સંગઠનના પ્રમુખ ડેનીસભાઈ કાલરીયાના નેતૃત્વમાં મયુરભાઈ, સૌમ્યભાઈ, પલકભાઈ તથા હિતેશભાઈની ટીમે સમગ્ર કાર્યક્રમનું સુંદર સંકલન કર્યુ હતું.

### સેવા સેતુ કેમ્પ

મોટી આરોગ્ય સહાય યોજના કહી શકાય. આયુષ્યમાન ભારત યોજનાનો લાભ લેવા આપણે સૌ જાણીએ છીએ કે ત્રણ સ્થળોએ જવું પડે છે પરંતુ વડાપ્રધાનએ તેની પણ ચિંતા કરી લોકોને તકલીફ ન પડે તેના માટે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કર્યું જ્યાં માત્ર એક જ સ્થળ પર એક જ વાર આવવાથી આયુષ્યમાન ભારત કાર્ડનો લાભ લઈ શકાય છે. સાથોસાથ સરકારની અન્ય યોજનાઓ પણ રાખવામાં આવી છે અને કોઈ લાભાર્થી લાભ લેવાથી વંચિત ન રહી જાય તેવું આયોજન કર્યું છે.

(બારમા પાનાનું ચાલું)

### સરકારી નોકરી

સંયોજક પ્રોફેસર નિકેશભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

એડિશનલ કલેક્ટર ચેતનભાઈ ગાંધીએ પોતાની સફળતા અને સંઘર્ષ ની વાતો સાથે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કરતા જણાવેલ કે કોઈપણ સરકારી નોકરી ને નાની ન ગણતા પણ તેને સફળતાનું પ્રથમ પગથિયું ગણિ આગળ વધજો તથા સફળતા મેળવવા માટે ગહન અભ્યાસ ખૂબ જ જરૂરી છે તેમને ઉલ્લેખ કરતા જણાવેલ કે સરકારી નોકરી મારફત તમે રાષ્ટ્રની સેવા કરી શકો છો જેમ બોર્ડર ઉપર રહેલ સૈનિક રાષ્ટ્ર સેવા કરે છે તેમ તમે પણ નિષ્ઠા અને પ્રમાણિત નથી તમારી નોકરી

મારફત લોકોની સમાજની અને તેના માધ્યમથી રાષ્ટ્રની સેવા કરી શકો છો તો પૂર્ણ સમય આપી ખંત થી મહેનત કરી સફળતા મેળવો તેવી શુભેચ્છાઓ સાથે કેટલીક જરૂરી ટિપ્સ વિદ્યાર્થીઓને આપી હતી. યુવા અધ્યાપક અને જાણીતા લેખક ગવર્મેન્ટ ઈજનેરી કોલેજના પ્રોફેસર આશિષભાઈ શુક્લા એ છાત્રો ને પ્રોત્સાહિત કરતાં જણાવેલ કે ગૌરવ ભેર સરકારી નોકરી મેળવી રાષ્ટ્રની ઉન્નતી માં વધારો કરશો તેમને રમુજી પંક્તિ દ્વારા જણાવેલ કે, કપડુ ઓછું હોય તો દરજીને કેજો કે એક ખિસ્સું ઓછું કરે પણ કોલર જરૂર કરે તેમ ગૌરવ ભેર સફળતા મેળવવા સુભાષિત આપેલ હતા. સેવાભાવી વોર્ડ નંબર ૧૦ ના કોર્પોરેટર નરેન્દ્રસિંહ વાઘેલાએ જણાવેલ કે ભારતના વડાપ્રધાન એ નરેન્દ્ર ભાઈ મોદીએ દરેક સ્પર્ધાત્મક પરીક્ષાઓ કેલેન્ડર મુજબ લેવાય અને ત્વરિત ભરતીઓ થાય તે પ્રકારનું નેટવર્ક દેશભરમાં ઊભું કરેલ છે ત્યારે યુવાનોએ આ તક ઝડપી અને સફળતા મેળવવા યથાર્થ પ્રયત્ન કરવા જોઈએ તેને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ને અભિનંદન પાઠવતા જણાવેલ કે યુનિવર્સિટીએ યુવાનોને સરકારી નોકરી મેળવવા માટે મદદરૂપ થવા તાલીમ વર્ગોનું આયોજન કરેલ છે જે અભિનંદનની છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલસચિવલી રમેશભાઈ પરમારે છાત્રોને જણાવેલ કે, અમારા સમયમાં આ પ્રકારની તાલીમ શાળાઓ ન હતી જ્યારે અત્યારે તમામ સગવડો યુનિવર્સિટી યુવાનોને આપવા તૈયાર છે ત્યારે તેનો મહત્તમ લાભ ઉઠાવવા અપીલ કરેલ હતી. પ્રોફેસર નિકેશભાઈ શાહે સીસીડીસી ની વિવિધ પ્રવૃત્તિઓ અંગે જણાવેલ. સ્પીપા મારફત બેસ્ટ તજજ્ઞનો એવોર્ડ પ્રાપ્ત દિનેશભાઈ કણત અને યુપીએસસી પરીક્ષાને બે વખત સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરનાર તજજ્ઞ ધવલભાઈ મારુ એ કાર્યશાળામાં ભાગ લેનાર ઉમેદવારોને રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય પ્રવર્તમાન પ્રવાહો ભારતનું બંધારણ ગુજરાતની અને ભારતની ભૂગોળ વગેરે અનેક વિષયો ઉપર સતત આઠ કલાક ઉપયોગી તાલીમ આપેલી હતી અને પરીક્ષામાં પાસ થવા માટેની શોર્ટકટ સ્માર્ટ ટ્રીક અંગે છાત્રને માહિતગાર કરેલ હતા.

કાર્યક્રમનું સફળ સંચાલન ભૌતિકશાસ્ત્ર ભવનની પીએચ.ડી.છાત્રા કુમારી નીતા ચંદ્રવાડીયા એ કરેલ હતું. ટીમ સીસીડીસી ના સુમિતભાઈ મહેતા, ચિરાગભાઈ તલાટીયા, દીપ્તિબેન ભલાણી, હીરાબેન ગઢવી, આશિષભાઈ, સોનલબેન નીમ્બાર્ક વિગેરે કાર્યક્રમને સફળ બનાવવા મહેનત કરેલ હતી. ગુજરાત ગૌણ સેવા ની ૪૦૦૦ જગ્યાઓ માટે સીસીડીસી ખાતે તાલીમ વર્ગો શરૂ થવાના હોય વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન કરાવવા અનુરોધ કરાયેલો હતો.

### ફિઝિક્સ ભવન

રોજ થવા જઈ રહ્યો છે. જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના ભૌતિક શાસ્ત્ર ભવનની એમએસસીમાં અભ્યાસ કરતી ૨ વિદ્યાર્થીઓ દેવાંશી પરીખ અને નમ્યા જોટાનીયાનું ચયન થયું છે. ખુબ જટિલ ચયન પ્રક્રિયા બાદ જે વિદ્યાર્થીઓની અરજી સૌથી શ્રેષ્ઠ હોય તેવા વિદ્યાર્થીઓનું જ આ IMPRESS પ્રોગ્રામમાં ચયન થતું હોય છે. જે ભવન માટે ગર્વની વાત છે. આ વિદ્યાર્થીનીઓ આઈઆઈજી મુંબઈમાં IMPRESS પ્રોગ્રામમાં ભાગ લેશે તેમજ જીઓ મેગ્નેટિઝમ વિષય પર પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરશે. ઉપરાંત આ પ્રોગ્રામમાં આવનાર દેશભરના વૈજ્ઞાનિકોને મળવાની તક વિદ્યાર્થીઓને મળશે. આ વિદ્યાર્થીઓને ઘણા વૈજ્ઞાનિક ઉપકરણોના સિદ્ધાંતો અને કાર્યશૈલી વિષે માહિતગાર કરવામાં આવશે જેનાથી તેઓ પૃથ્વીની બહારનું વાતાવરણ પૃથ્વીને કેવી રીતે અસર કરે છે તેના વિશે જાણી શકશે.

સંશોધન ક્ષેત્રે આગળ વધવાની ઈચ્છા ધરાવતી આ વિદ્યાર્થીનીઓ માટે આ ખુબ મહત્વની તક છે. ભૌતિક શાસ્ત્ર ભવનના અધ્યક્ષ પ્રોફેસર નિકેશભાઈ શાહ એ જણાવ્યું કે આ બંને વિદ્યાર્થીનીઓ ત્યાં જઈ Geomagnetism અને Space science ના ઘણા વૈજ્ઞાનિકોને મળશે અને તાજેતરમાં આ વિષયો પર થઈ રહેલા સંશોધન વિશેની માહિતી મેળવશે અને ત્યાંની રિસર્ચ લેબોરેટરીઓનો પણ અભ્યાસ કરશે જે એમને ભવિષ્યમાં પોતાની સંશોધનક્ષેત્રે કારકિર્દી બનાવવામાં ઉપયોગી નીવડશે.

ઈમ્પ્રેસ કાર્ય શાળામાં પસંદગી પામનાર છાત્રાઓને માર્ગદર્શન પૂરું પાડનાર ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રોફેસર એચપી જોશી અને પ્રોફેસર હીરેનભાઈ જોશી એ ખુશી વ્યક્ત કરેલ છે તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના પ્રોફેસર નીલમબરીબેન દવે, કુલસચિવ ડોકટર રમેશભાઈ પરમાર, ભવનના અધ્યાપકો ડો. પી એસ સોલંકી, ડો. દેવીત ધ્રુવ, ડો. મેઘા વાગડિયા, પ્રો. હર્ષકાંત જેઠવા, પ્રો. કુણાલ મોદી,પ્રો. જે.એ ભાલોડીયા, બિન શૈક્ષણિક સ્ટાફ ના વિરલભાઈ પરમાર, યોગેશભાઈ દેવમુરારી, દેવેન્દ્રભાઈ વિગેરે એ ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ છે.

### વાછાણી પરિવાર

માટે શૈક્ષણીક સહાય, મેડીકલ સહાય, ગૃહઉદ્યોગ સહાય, વિધવા સહાયની નેમ વ્યક્ત કરી હતી.

વાછાણી પરિવારના સ્નેહમિલન પ્રસંગે શ્રીજી પુર્ણિમા સત્સંગ મંડળ દ્વારા શ્રીનાથજીની ઝાંખી શ્રીઠાકોરજી પધાર્યા મારે ઘેર નો અનેરો સાંસ્કૃતીક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કડવા પાટીદાર કુળદેવી મા ઉમિયાની મહાઆરતી યોજવામાં આવી હતી. સમગ્ર સ્નેહમિલન ને સફળ બનાવવા પ્રમુખ કે.બી.વાછાણી, ઉપપ્રમુખ કિરણભાઈ વાછાણી, મંત્રી મગનભાઈ વાછાણી, તથા કોર કમીટીના સભ્યો વિનોદભાઈ, પીયુશભાઈ, હાર્દિકભાઈ, વિકાસભાઈ, વિવેકભાઈ, ઋષિતભાઈ, વૈભવભાઈ, અજયભાઈ, સંજયભાઈ, કિંજલભાઈ એ જહેમત ઉઠાવી હતી.

આ સ્નેહમિલન પ્રસંગે શ્રી ઉમિયા પદયાત્રીક પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી ફીડમાર્શલ બ્લડ બેંક દ્વારા રક્તદાન કેમ્પ યોઃયો હતો.

### સાળંગપુર

ગુજરાતની અન્ય યુનિવર્સિટીમાંથી ૪ વિદ્વાનો તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાંથી ૬ વિદ્વાન મહાનુભાવો પધાર્યા હતા. તથા પરિસંવાદમાં પ્રસ્તુત શોધપત્રો દ્વારા વૈદિક અક્ષરપુરુષોત્તમ દર્શનના સિદ્ધાંતો તથા ઈતિહાસને જાણી પ્રભાવિત થયા હતા. સાથે સાથે પરિસંવાદના આયોજનને સ્વનિર્ભર(આત્મનિર્ભર) આયોજન કહીને પ્રશંસા કરી હતી.

આ પંચદિવસીય આંતરરાષ્ટ્રીય પરિસંવાદ તારીખ ૨૧ જાન્યુઆરીના રોજ પૂર્ણ થયો હતો. જેના પૂર્ણાહુતિ સત્રમાં આર્ષ શોધ સંસ્થાનના અધ્યક્ષ પ્રો. પૂજ્ય શ્રુતિપ્રકાશ સ્વામીએ સમાપ્તિ પ્રવચનમાં સમગ્ર પરિસંવાદનો સાર જણાવ્યો હતો. આ સમાપન સમારોહમાં અતિથિ નડિયાદ સ્થિત બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રાચાર્ય ડો. અમૃતલાલ ભોગાયતાજી તથા સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના રજીસ્ટ્રાર દશરથભાઈ જાદવ પધાર્યા હતા તાથ પોતાના વકતવ્યમાં ઈઅડજ સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ વ્યવસ્થાની પ્રશંસા કરી હતી.

### અમિત શાહ

શાસનમાં વિમલ મંત્રીએ જૈન મંદિર બનાવવા માટે અર્બુદ ગીરી ટૂંક માગી હતી. આ સમયે રાજા ભીમદેવે પર્વતની ટોચ જેટલી સુવર્ણ મુદ્રાઓની કિંમત માગતા વિમલ મંત્રીએ ચોરસ સુવર્ણ મુદ્રા બનાવીને તેની કિંમત ચૂકવવાનો પ્રયાસ કર્યો હતો. આ પવિત્ર ધામ માત્ર જૈન જ નહીં પરંતુ જૈનેતરોને પણ આત્મ કલ્યાણનો રસ્તો બતાવશે તેવો વિશ્વાસ શાહે વ્યક્ત કર્યો હતો.

શાહે કહ્યું હતું કે ૧૯ જાન્યુઆરીથી ચાલુ થયેલા પંચ કલ્યાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૨૬ જાન્યુઆરી સુધી ચાલશે અને ૨૬ મી એ અભિષેક થશે. આ પ્રક્રિયામાં ગર્ભ જન્મ અને દીક્ષા કલ્યાણ પૂર્ણ થયા છે જ્ઞાન અને મોક્ષ કલ્યાણ પછી અભિષેક અને અનુસરવામાં આવશે પંચકલ્યાણક મહોત્સવ એ દરેક જીવને પાંચ સ્તરનો બોધ આપનાર પ્રસંગ છે. ગર્ભા અવસ્થામાં જ બાળકને આદર્શ બનાવવાનો વિચાર, જન્મ કલ્યાણકમાં જન્મથી લઈ ગુરુ ન મળે ત્યાં સુધી કઈ રીતે જીવન જીવવું, દીક્ષા અને તપ કલ્યાણકમાં દીક્ષાના જીવનથી પોતાનો અને અનેકાનેક જીવોનો ઉદ્ધાર કરવો, સદમાર્ગ પર કઈ રીતે લઈ જવા તે પ્રમાણે મોક્ષ સુધીનો સંદેશ આ પાંચ દિવસમાં ધર્મએ બનાવેલ વિધિ એ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ છે. આ આખી પ્રક્રિયાનો મર્મ સમજાય તો જ જીવનનું કલ્યાણ થાય.

શાહે ઉમેર્યું હતુ કે મનમાં જે ભાવ સન્માન હોય તેની પૂર્ણ અભિવ્યકિત તેમજ ભગવાન પ્રત્યેનો ભાવ જીવન સંદેશ માટે કરોડો રૂપિયા ખર્ચ કરી તીર્થ સ્થળ નથી બનાવાતા પણ ભગવાન અને ગુરુદેવના સિદ્ધાંતોને અનેક વર્ષો સુધી વાચા આપવા તેમજ તેનાથી અનેક જીવોનો કલ્યાણ થાય તે આવી તપો ભૂમિઓનો ધ્યેય હોય છે. તેઓએ કહ્યું કે હજાર વર્ષ પહેલા કર્ણાટકમાં બાહુબલીની પ્રતિમા બની હતી. આજે સોનગઢમાં ૪૧ ફૂટ ઊંચી, ૨૦૦ ટન વજનની અને ૫૦ ફૂટની કૃત્રિમ પહાડી પર તેને સ્થાપિત કરવામાં આવી છે. સુમેરુ પર્વત અને જાંબુદ્વીપના સંયોજનના અહીં સર્જન સાથે જન્મથી લઈ મોક્ષ સુધી આ પરિસરની બહાર ક્યાંય ન જવું પડે તેવી વ્યવસ્થા અહીં ઊભી કરવામાં આવી છે. શાહે આ માટે ટ્રસ્ટના મંત્રી નિમેષભાઈ શાહ સહિત તમામ ટ્રસ્ટીઓને મનથી સાધુવાદ પાઠવ્યા હતા. તેઓએ કહ્યું હતું કે કાનજી સ્વામી માટે આ પંથકમાં ખૂબ પૂજ્ય ભાવ રહેલો છે અને તેઓએ નિશ્ચિત ભાવે કહ્યું હતું કે સોનગઢ સુવર્ણ ધામ ગુજરાતના આધ્યાત્મિક કેન્દ્રમાં ખૂબ મહત્વનું સ્થાન ધરાવતું કેન્દ્ર બની રહેશે. કાનજી સ્વામી એ ૪૫ વર્ષ સુધી પોતાના સંદેશથી જૈન શાસનના સિદ્ધાંતોને સરળ બનાવ્યા, દરેક સિદ્ધાંતનું વૈજ્ઞાનિક મહત્વ સમજાવ્યું તેમ જ અનુયાયીઓ માટે અનુસરવાનો રસ્તો પણ દર્શિત કર્યો.

વધુમાં વાત કરતાં જણાવ્યું હતું કે, એક જ જીવનમાં ચાર દશકમાં ૬૬ દિગંબર જૈન મંદિરો સહિત નૈરોબીમાં પણ મંદિર અને અનેક લોકોને જીવનમાં સદમાર્ગે થવાની વૃત્તિની જાગૃતિ કાનજી સ્વામી એ કરી. આ પુણ્યકારી પ્રકલ્પમાં હિસ્સેદાર થવાનો મોકો આપવા બદલ શ્રી શાહે તમામ ટ્રસ્ટીઓ તેમજ મુમુક્ષોનો આભાર પ્રગટ કર્યો હતો.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, રાજ્યના ગૃહરાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવી, ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી, ટ્રસ્ટના મંત્રી નિમેષભાઈ શાહ,આણંદજી કલ્યાણજી પેઢીના ટ્રસ્ટી સુધીરભાઈ મહેતા, જૈન સમાજના શ્રેષ્ઠિઓ ટ્રસ્ટના હોદેદારો તેમજ મૂમુક્ષો ઉપસ્થિત રહ્યા હતા.

(અગિયારમાં પાનાનું ચાલું)

### બિઝનેસ ફેર....

વેજીટેબલ્સ વગેરેની ખરીદી કરી શકશે. ગેમઝોનમાં વિવિધ પ્રકારની રાઈડ્સ, ચક્કરડી, જમ્પીંગ વગેરે બાળકોના આનંદ-પ્રમોદના સાધનો ગોઠવેલા છે. જ્યાં બાળકો નિદોર્ષ આનંદ માણી શકશે. આઈસ્ક્રીમ, લાઈવ ચોકલેટ, ચા-કોફી, અવનવા સ્નેક્સ અને ક્રન્ચી બાઈટ્સ પણ ઉપલબ્ધ થશે.

આ બિઝનેસ ફેર દરમ્યાન બાળકો ।રા સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ શ્રેષ્ઠ આયોજન કરવામાં આવેલ છે. જેમાં વિદ્યાર્થીઓ પોતાની કલાનું નિદર્શન કરી શકશે.

બિઝનેસ ફેરનું સમગ્ર સંચાલન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જ કરવામાં આવશે. આ બિઝનેસ ફેર થકી વેપાર કેવી રીતે કરી શકાય તેની તાલીમ વિદ્યાર્થીઓ પોતે જ વસ્તુઓની લે-વેચ ।રા પ્રાપ્ત કરશે. વિદ્યાર્થીઓને પ્રવર્તમાન બજારના પ્રવાહોથી વાકેફ કરાવવા માટે ધોળકિયા સ્કૂલ્સ્ ।રા તેઓને આ તક આપવામાં આવી છે.

ગુજરાત એટલે બિઝનેસ પીપલ સ્ટેટ અને ગુજરાતીઓ એટલે બિઝનેસના પાયોનિયર એ સનાતન સત્યને આ નવી પેઢી આગળ ધપાવે તેવો શુભ આશય આ બિઝનેસ ફેરના આયોજનના પાયામાં છે.

જેમ એક સમયે ટાટા-બિરલાનું ઈન્ડિયા કહેવાતું હતું તેમાં અત્યારે અદાણી-અંબાણીનું ભારત એ વિચાર વેપાર ઉદ્યોગમાં પ્રબળ બન્યો છે ત્યારે મુકેશ અંબાણી-કે-ગૌતમ અદાણી એ તેમના બિઝનેસને વિકસાવવા આકાશ અંબાણી-ઈશા અંબાણી-અનંત અંબાણી-કે- કરન અદાણી-જીત અદાણી ને જવાબદારીઓ સોંપી રહ્યા છે તેમ ભવિષ્યમાં આ વિદ્યાર્થીઓના પિતા પણ તેમના બિઝનેસને વિકસાવવા માટેની જવાબદારીઓ સોંપી શકે તે માટે તેઓને સક્ષમ બનાવવા-કેળવવા-ઘડતર કરવા-ધોળકિયા સ્કૂલ્સે સામાજીક જવાબદારીના ભાગરૂપે આ બિઝનેસ ફેરનું આયોજન કરેલ છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### 'હોમવર્ક',....

પ્રયાસો કરવા તાકીદ કરી હતી. રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોચાડવા પણ ખાસ હોમ વર્ક આપવામાં આવ્યું છે.

### 'સ્વાગત' ઓનલાઈન ....

દર મહિનાના અંતિમ ગુરૂવારે યોજાતા સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં અનેક પ્રશ્નોનું સુખદ સમાધાન કરવામાં આવતું હોય છે.

### ઠરાવ પસાર...

મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવશે. રામ મંદિરના નિર્માણ અને રામલલ્લાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા માટે કેન્દ્ર સરકાર અને દેશવાસીઓને અભિનંદન આપતો ઠરાવ કેબિનેટમાં પસાર કરનાર લગભગ ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે.

### અમિત શાહ....

તેવુ તેમણે ઉમેર્યું હતું. મંત્રીએ કહ્યું હતું કે અંગ્રેજો વખતના ૧૫૦ વર્ષ આઈ.પી.સી. સી.આર.પી.સી અને તે વખતના પુરાવા અધિનિયમ કાયદાઓ બદલીને આપણે નાગરિકોને દંડ નહીં પણ ન્યાય અપાવવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ભારતીય ન્યાય સંહિતા અને ભારતીય પુરાવા બિલ એમ ત્રણ નવા કાયદા અમલી બનાવ્યા છે.

આ કાયદામાં સૌથી પહેલા મહિલાઓ અને બાળકોના સામે થતાં અપરાધ અટકાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ત્રણ કાયદામાં ૧૦૦ વર્ષમાં આવનાર ટેકનોલોજીને ધ્યાને લઈને તેમાં ફેરફાર કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ટેકનોલોજીના મહત્તમ ઉપયોગથી ન્યાય પ્રણાલી વધુ મજબૂત બનશે અને ત્રણ વર્ષમાં પડતર ઋઁઈછો ઉકેલ આવશે. અત્યારે ઈ-ગવાહીના પરિણામે તેઓના ઉકેલ લાવવામાં ખૂબ ઝડપ આવી છે. આ ત્રણ કાયદામાં ફોરેન્સિક સાયન્સનો મહત્તમ ઉપયોગ થવાનો છે જેનો અભ્યાસ તમને આ ક્ષેત્રે ભરપૂર નવીન તકો ઉપલબ્ધ કરાવશે.

આ ઉપરાંત એ.આઈ.ની મદદથી ડેટા ઈન્ટિગ્રેશન પણ કરવામાં આવી રહ્યું છે. વર્તમાનમાં દેશમાં અંદાજે આઠ કરોડ ઋઁઈછ ઓનલાઇન નોંધાઈ છે.

પર્વતીય વિસ્તારના સ્થાનને બાદ કરતાં તમામ પોલીસ સ્ટેશન ઓનલાઈન જોડવામાં આવ્યા છે. ગુનેગારો, બાળ તસ્કરો, આતંકવાદી સંગઠનોના ડેટાને ઓનલાઈન કરવામાં આવ્યા છે. આ માટે એક સોફ્ટવેર તૈયાર કરીને અઈની મદદથી તમામ ડેટાનું એનાલીસીસ કરવામાં આવશે. આ વ્યવસ્થા આગામી ત્રણ વર્ષમાં કાર્યરત કરવાનું આયોજન છે. આ વન ડેટા વન એન્ટ્રીના સિદ્ધાંત પર કામ કરવા નવા સોફ્ટવેર તૈયાર કરવા પડશે. જેમાં ગઋજઅના વિદ્યાર્થીઓની મહત્વની ભૂમિકા મહત્વની રહેશે.

રાજ્યના કાયદો અને ન્યાય મંત્રી ઋષિકેશ પટેલે આ સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન ડિજિટલ ફોરેન્સિક્સ અને ''બિહેવીરીયલ ફોરેન્સિક કોન્ફરન્સને'' આવકારતા જણાવ્યુ હતું કે, આજના ટેકનોલોજીના યુગમાં વિશ્વના કોઈપણ ખૂણેથી ગુનેગારો ગુનો કરતા થયા છે ત્યારે લોકોને વધુને વધુ સુરક્ષિત કરવા આજની આ કોન્ફરન્સ મહત્વની પુરવાર થશે.

ન્યાયમૂર્તિ અને એનએચઆરસીના અધ્યક્ષ અરૂણ કુમાર મિશ્રાએ જણાવ્યું હતું કે, માનવ અધિકારોના સંરક્ષણ માટે ફોરેન્સિક સાયન્સ અને બિહેરવીરીયલ ફોરેન્સિક મહત્વની ભૂમિકા ભજવે છે. ગુનાઓ અટકાવવા માટે ડીએનએનો અભ્યાસ જરૂરી છે તેમાં આજની આ બિહેવીએરલ કોન્ફરન્સ ખૂબ જ મદદરૂપ થશે. આ ઉપરાંત વિવિધ રીતે ગુનાઓ કરતા ગુનેગારોને ગુનાખોરી છોડાવી સમાજમાં પુનઃ પ્રસ્થાપિત કરવા સંશોધન કરવા જરૂરી છે. વૈશ્વિક કલ્યાણ માટે કાર્યરત ભારતમાં તાજેતરમાં પસાર થયેલા ત્રણ કાયદા તમામને ન્યાય-અધિકારો અપાવશે તેવો પણ આ પ્રસંગે શ્રી મિશ્રાએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ઈન્ડિયન ક્રિમીનોલોજીસ્ટ સોસાયટીના ચેરમેન ડો.પૂર્વી પોખરિયાલ સ્વાગત પ્રવચનમાં આ ત્રિદિવસીય કોન્ફરન્સની વિગતો આપતા જણાવ્યું હતું કે, નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (એનએફએસયુ) અને ઈન્ડિયા સોસાયટી ઓફ ક્રિમિનોલોજી, રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (એનએચઆરસી), રાષ્ટ્રીય મહિલા આયોગ (એનસીડબલ્યુ), રાષ્ટ્રીય બાળ અધિકાર રક્ષણ આયોગ માટે (એનસીપીસીઆર) અને ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ (જીએસએચઆરસી)ના સહયોગથી ''બિહેવિયરલ ફોરેન્સિકસ-રીઈન્ટિગ્રેટિંગ એકસાન્ડિંગ કોન્ટર્સ ઓફ ક્રિમિનોલોજી એન્ડ ક્રિમિનાલિસ્ટિકસ'' વિષય આધારિત પાંચમી આંતરરાષ્ટ્રીય અને ૪૪મી રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૬૦૦થી વધુ પ્રતિનિધીઓ સહભાગી બનીને વિચારોનું આદાન પ્રદાન કરશે.

### કેસરિયા.....

ઉપપ્રમુખ રૂપલબેન પંડ્યાએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપી દીધુ છે. આજે બપોરે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં વિવિધ સમાજ, વિવિધ પક્ષના આગેવાનો, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને સભ્યો તથા વિવિધ પક્ષમાંથી સ્થાનિક સ્વરાજ્યની અથવા વિધાનસભાની ચૂંટણી લડેલા નેતાઓ કેસરિયો ખેસ ધારણ કરશે.

થોડા સમય પહેલા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ભૂપતભાઈ માવાણી, કોંગ્રેસના ધારાસભ્ય ચિરાગભાઈ પંડ્યા અને ડો.સી.જે.ચાવડાએ ધારાસભ્ય પદેથી રાજીનામા આપી દીધા છે. આવતા સપ્તાહે તેઓ વિધિવત રિતે ભાજપમાં જોડાશે. બીજી તરફ ત્રણ અપક્ષ ધારાસભ્યો પણ રાજીનામા આપી વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપના પ્રતિક પરથી ચૂંટણી લડવા માટે રિતસર તલપાપડ થઈ રહ્યા છે. લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસના હજી ત્રણથી ચાર ધારાસભ્યો અને સંગઠનના કેટલાક મોટા માથા પણ ભાજપમાં જોડાય તેવી અટકળોએ વેગ પકડ્યો છે.

### તીર્થમાં શ્રાદ્ધ-તર્પણ....

અગવડતા ન પડે; તે માટે બોર્ડ દ્વારા ઓનલાઇન ક્યૂ મેનેજમેંટ સિસ્ટમ પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યું કે આ પોર્ટલ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૪થી કાર્યરત બનશે. રાવલે વિશેષમાં જણાવ્યું છે કે બિંદુ સરોવર સિદ્ધપુર ખાતે શ્રાદ્ધ વિધિ કરાવવા ઇચ્છતા તમામ શ્રદ્ધાળુઓએ વેબસાઈટ :https://yatradham.gujarat.gov.in અથવા એન્ડ્રોઇડ એપ્લિકેશનઃ Yatradham Of Gujarat (YOG) મારફતે અથવા સ્થળ પર જ રજિસ્ટ્રેશન ઓફિસ ખાતે Offline રજિસ્ટ્રેશન કરાવી ટોકન ફી POS Machine મારફતે ૧૦૦% ડિજિટલ પેમેન્ટ કરવાનું રહેશે. ત્યાર બાદ પૂજા વિધિનો લાભ સરળતાથી મળી શકશે. આ પોર્ટલ પર સ્પેશિયલ હોલ રજીસ્ટ્રેશન, એક પરિવાર દીઠ રજિસ્ટ્રેશન, સ્થાનિક નાગરિકો માટે દર્શન સુવિધા, સ્થાનિક નાગરિકોને શ્રાદ્ધ વિધિ કરવા જેવી મહત્વની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. દેશભરમાંથી શ્રાદ્ધ વિધિ કરવા ઈચ્છતી કોઈ પણ વ્યક્તિ આ પોર્ટલ ઉપર પોતાના સ્વજનની શ્રાદ્ધ વિધિની અરજી ઑનલાઇન રજિસ્ટર કરાવી શકશે તથા રજિસ્ટ્રેશન નંબર પણ મેળવી શકશે. બિંદુ સરોવર ખાતે કઈ તારીખે, કેટલા સમયે અને કયા સ્પોટ ઉપર તેની વિધિ કરવામાં આવશે; તે પણ પોર્ટલ પર નિયત થઈ શકશે. રજિસ્ટ્રેશન ફી પણ ઑનલાઈન ઙ્ઘજ મશીન મારફતે ૧૦૦% ડિજિટલ ચૂકતે કરી શકાશે. તેમણે જણાવ્યું કે સિદ્ધપુર ખાતેના બિંદુ સરોવરનું રાજ્ય સરકારે અંદાજીત રૂ. ૭૦.૦૦ કરોડના ખર્ચે પુનઃનિર્માણ કર્યું છે અને રાજ્ય સરકારના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા હાલમાં સરસ રીતે તેની નિભાવણી અને જાળવણી થઈ રહી છે. સિદ્ધપુર યાત્રાધામ તરીકે વિકાસ પામે અને આવનારા ૨૫ વર્ષ સુધીની યાત્રાધામને અનુરૂપ જરૂરિયાત અને વ્યવસ્થાઓને અપગ્રેડેશન કરવા માટે સિદ્ધપુર તીર્થક્ષેત્રનું રૂ. ૩૩.૦૦ કરોડના ખર્ચે માસ્ટર પ્લાનિંગ પણ હાથ ધરવામાં આવી રહેલ છે. તેનાથી સિદ્ધપુર શહેર તથા તાલુકા ક્ષેત્રમાં આવેલા તીર્થસ્થળોનો વિકાસ થશે અને યાત્રાળુઓની સુવિધામાં પણ વધારો થશે. આમ, સિદ્ધપુર માતૃગયા તીર્થ ક્ષેત્રનો રાજ્ય સરકાર અગ્રતાના ધોરણે વિકાસ કરી રહી છે જેથી સ્થાનિક પ્રજાજનોમાં આનંદની લાગણી જન્મી છે.

## દુઃખદ અવસાન

**સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

### ભરતભાઈ ડાયાભાઈ મોણપરાનું અવસાન, શનિવારે બેસણું



**રાજકોટ :** ભરતભાઈ ડાયાભાઈ મોણપરા (ઉ.વ.૫૦) તે સ્વ.ડાયાભાઈ ગોગનભાઈ મોણપરાના પુત્ર, અશોકભાઈ ડાયાભાઈ મોણપરા, કાનજીભાઈ ડાયાભાઈ મોણપરાના ભાઈ, પ્રિન્સના પિતા તથા રવિ અશોકભાઈ મોણપરા, વિવેક અશોકભાઈ મોણપરા, જીત કાનજીભાઈ મોણપરાના કાકાનું આજરોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૭ને શનિવારે સાંજે ૪થી ૬ પાવન પાર્ક, સેટેલાઈટ ચોક, મોરબી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ. રમણીકલાલ પ્રેમજીભાઈ દક્ષીણીના પુત્ર મહેશભાઈ (મયુરભાઈ) (ઉ.વ.૬૨) તે સુધાબેનના પતિ, દેવર્ષિ, અભિષેકના પિતા, મુકેશભાઈ, સુરેશભાઈ, સ્વ. કિર્તીબેન રમેશકુમાર મોદી, પ્રજ્ઞાબેન યોગેશભાઈ કટારીયાના ભાઈ, જયંતિલાલ ત્રિકમદાસ કાનાબારના જમાઈનું તા.૨૨ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું - પીયર પક્ષની સાદડી તા. ૨૫ને ગુરુવાર સાંજે ૪.૩૦ થી ૫.૩૦ શ્રી ધારેશ્વર મહાદેવ મંદિર, ભકિતનગર સર્કલ પાસે રાજકોટ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલાઃ** ગારિયાધાર નિવાસી હાલ સાવરકુંડલા ભરતભાઈ ગીરધરલાલ સેદાણી (મામા) (ઉ.વ.૬૫) તે સ્વ. ગીરધરલાલ વનમાળીદાસ સેદાણીના પુત્ર, જય (વિકી), હર્ષ (બાલાજી ફરસાણ વાળા)ના પિતા, ગુણવંતભાઈ (હાલ મુંબઈ), સ્વ. પ્રફુલચંદ્ર (ગારીયાધાર)ના નાનાભાઈ, રાજુભાઈ લક્ષ્મીદાસ ભાયાણીના જમાઈનું તા. ૨૨ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું-પ્રાર્થનાસભા તા. ૨૫ ને ગુરુવારે સાંજે ૪ થી ૫.૩૦ રિધ્ધિ સિધ્ધનાથ મહાદેવ મંદિર, નાવલી પોલીસ ચોકીની સામે સાવરકુંડલા રાખેલ છે.

**વેરાવળઃ** મુળ.વેરાવળ (હાલ. રાજકોટ) નિવાસી સંદીપભાઈ હસમુખલાલ તન્ના (ઉ.૩૯) તે હસમુખલાલ ગોરધનદાસ તન્ના ના પુત્ર, ચેતનભાઈ, પ્રતિભાબેન શૈલેષભભાઈ વિઠલાણી (વડોદરા), શીતલબેન મનીષભાઈ રૂપારેલ (રાજકોટ), કીરણબેન ગોપાલભાઈ બુધ્ધદેવ(જુનાગઢ), માલાબેન જીગરભાઈ ખખ્ખર (વેરાવળ)ના ભાઈ, ચંદ્રેશભાઈ ગીરધરભાઈ ખોડાના ભાણેજનું તા.૨૩/૧ ના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટ :** ચા.મ. મોઢ બ્રાહ્મણ જયશ્રીબેન નરેન્દ્રભાઈ જોશી (ઉ.વ.૭૧) (મુળ રસનાળ કોયલી) હાલ રાજકોટ તે સ્વ.નરેન્દ્રભાઈ જે.જોશીના પત્ની, વિમલ એન. જોશી (પી.જી.વી.સી.એલ.), તુષાર એન. જોશી (રેલ્વે) દર્શનાબેન શૈલેષકુમાર ત્રિવેદીના માતુશ્રી સ્વ.બળવંતરાય જે. જોશી, રંજનબેન, સ્વ. દિલસુખભાઈ જે. જોશીના ભાભી, વિશાલ, કિશનના ભાભુ, વર્ષાબેન, કવિતાબેનના સાસુ, જીત, મીત, પ્રતિકના દાદી, સ્વ.ભગવાનજીભાઈ ભટ્ટ (સુધાધુના)ના પુત્રી, સ્વ.જુગતરામભાઈ તેમજ મહેન્દ્રભાઈના બહેનનું તા.૨૩ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. તેમના સદગતનું બેસણું તેમજ પિયરપક્ષનું બેસણું તા.૨૫ને ગુરૂવારના રોજ ગાયત્રીધામ શેરી નં.૩, મધુભાઈ ચેવડાવાળાની પાછળ, પ્રગટેશ્વર મહાદેવના મંદિરે સાંજે ૪ થી ૫ રાખેલ છે.

**રાજકોટઃ** મોરબી નિવાસી (હાલ રાજકોટ) જૈન વણિક દિનેશભાઈ રસિકલાલ વાઘજીયાણી (બીએસએનએલ) ના પત્ની ગીતાબેન (ઉ.વ.૬૪) તે કલ્પેશભાઈના માતા, યશવંતભાઈના નાના ભાઈના પત્ની, નિરુબેનના દેરાણી, જસ્મીનભાઈના કાકી, ચંદ્રપ્રભાબેન, સરલાબેનના ભાભી, દિપકભાઈ ટી. મહેતાના બહેનનું તા.૨૪ ના રોજ અવસાન થયેલ છે. તેમની સદગતનું બેસણું તા. ૨૫ નેગુરુવારના રોજ બપોરે ૪ થી ૫ તેમના નિવાસ સ્થાને ગાયકવાડી શેરી નં. ૩/૯ રિધ્ધિસિધ્ધિ એપાર્ટમેન્ટ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી મોઢવણીક બીપીનભાઈ કપુરચંદભાઈ બાબરીયાના પત્ની પ્રવિણાબેન બીપીનભાઈ બાબરીયા (ઉ.વ.૬૮) તે પ્રવિણભાઈ, વિજયભાઈના ભાભી, નિશાંતના માતાનું તા. ૨૧ ના રોજ અવસાન થયેલ છે. તેમના સદગતનું બેસણું તા. ૨૫ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાને ગોપાલનગર શેરી નં.૫, ગોપાલચોરા મંદિર સામે, સુંદર એપાર્ટમેન્ટ રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ક્રિકેટ સટ્ટાના નાણાંની હેરાફેરી માટે બોગસ બેંક એકાઉન્ટ ખોલાવવાનું મસમોટું કૌભાંડ ઝડપાયું

## સીઆઈડી ક્રાઈમની તપાસમાં મોટો ઘટસ્ફોટ : રૂ. ૧૨૦૦ કરોડના નાણાકીય વ્યવહારો ઝડપાયા

**અબતક, અમદાવાદ**

રાજ્યમાં વધતી જતી ગેમ્બલિંગબી પ્રવૃતિઓ અને સટ્ટાના નાણાંની હેરાફેરી પર લગામ લગાવવા સીઆઈડી ક્રાઈમ હરકતમાં આવી છે. સોમવારે સાંજે સીઆઈડી ક્રાઈમે સટ્ટાકિંગ તરીકે ઓળખાતા અમિત મજેઠીયા આણી ટોળકી વિરુદ્ધ બોગસ બેંક એકાઉન્ટ ખોલી આશરે રૂ. ૧૨૦૦ કરોડના કાળા નાણાંની હેરાફેરી કર્યાનો ગુન્હો દાખલ કરતા બુકી આલમમાં ઉહાપો મચી જવા પામ્યો છે.

સીઆઈડી ક્રાઈમે ક્રિકેટ સટ્ટા કિંગ અમિત મજેઠિયા આણી મંડળીએ ૧,૨૦૦ કરોડનું કાળું નાણાંની બોગસ એકાઉન્ટોમાં હેરાફેરી કર્યાનો ઘટસ્ફોટ કરી અમિત મજેઠિયા સહિત સાત આરોપી વિરુદ્ધ સોમવારે સાંજે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. તપાસમાં ખુલેલી વિગતો મુજબ આરોપીઓ લોન કે પૈસાની જરૂરિયાતવાળા લોકોને લોન અપાવવાની કે ખાતામાં સહાયની રકમ જમા થશે તેવી લાલચ આપીને બેંક એકાઉન્ટ ખોલાવવા માટે ડોક્યુમેન્ટ લેતા હતા. ત્યારબાદ જે તે વ્યક્તિના નામનું બેંક એકાઉન્ટ ખોલાવી આરોપીઓ તેને અમુક રકમ આપ્યા બાદ તેની જાણ બહાર આ બેંક એકાઉન્ટ મારફત પેઢીનું લાઈસન્સ મેળવી લેતા હતા. જેમાં ટ્રેડિંગ કંપની, એક્સપોર્ટ-ઈમ્પોર્ટની કંપનીઓ ઉભી કરવામાં આવતી હતી અને કંપનીના નામે બોગસ ખાતા ખોલાવી તેમાં કરોડોના વ્યવહારો કરતા હતા. આમ ટૂંકા ગાળામાં આ ખાતાઓમાં ૧,૨૦૦ કરોડથી વધુની હેરાફેરી કરી નાંખી હતી.

સીઆઈડી ક્રાઈમને મળેલી ગુપ્ત અરજીમાં ત્રણ બેંક એકાઉન્ટની વિગતો આપી રજૂઆત કરવામાં આવી હતી કે, આ ખાતાઓમાં કાળા નાણાંની હેરાફેરી થઈ રહી છે. જેના આધારે તપાસ કરી પોલીસે આવા ૩૫ જેટલા બેંક એકાઉન્ટ શોધી કાઢયા બાદ સ્પષ્ટ થયું કે, આ રેકેટમાં ક્રિકેટ સટ્ટા રેકેટના સૂત્રધાર અમિત મજેઠીયા આણી મંડળીનો હાથ છે.સીઆઈડી ક્રાઈમે મામલામાં કાર્યવાહી હાથ ધરી બોડકદેવના મારુતિ સેલેડ્રોન ખાતે રહેતા અને હાલ વિદેશ ભાગી ગયેલા અમિત મનસુખ મજેઠિયા, દિલ્હીના ઓમશંકર તિવારી, મૂળ જૂનાગઢના મનોરંજન કમ્પાઉન્ડમાં રહેતા અને હાલ થલતેજ કોલમ્બિયા હોસ્પિટલ પાસે લા અબિટેટ ફ્લેટમાં રહેતા ભાવેશ ગોપાલભાઈ સચાણીયા અને અશ્વિન મનસુખભાઈ સચાણીયા, બાલાસીનોરના લાટ ગામે ભાથલા ખાતે રહેતાં ધનંજય પ્રવિણભાઈ પટેલ, અમદાવાદનો વિક્કી અને કાંકરેજ તાલુકાના થરા ગામે કર્ણાવતી સોસાયટીમાં ભાવેશ ભુરાભાઈ જોશી વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

સીઆઈડી ક્રાઈમ પાસે આવેલી ગુપ્ત અરજીમાં ઈન્ડસઈન્ડ બેંકમાં હેમંત ટ્રેડિંગ નામે બેંક એકાઉન્ટ જે સિકરવાલની કંપની, આઈડીએફસી બેંકમાં શિવમ દિનેશભાઈ રાવલની કંપની શિવમ ટ્રેડિંગ નામનું ખાતું અને વાઘેલા ખોનાજી ગોકાજીના નામે ઈન્ડસઈન્ડ બેંકનું ખાતુ છે. આ ત્રણ બેંક ખાતાઓનો ક્રિકેટ સટ્ટા બેટિંગના નાણાંની હેરાફેરી થતી હોવાની વિગતો મળી હતી. આ એકાઉન્ટમાં થયેલા ટ્રાન્ઝેકશન આધારે પોલીસને ૩૫ જેટલા બોગસ એકાઉન્ટો મળી આવ્યા હતા. આ બેંક એકાઉન્ટોમાં ૧,૨૦૦ કરોડની હેરાફેરી થયાનું ખૂલ્યું હતું. આ ખાતાઓમાં અંદાજે ૬૦૦ કરોડ જમા થયાની વિગતો ખુલી હતી.

### સ્વીગીના ડિલિવરી બોયના નામે ટ્રેડિંગ એકાઉન્ટ ખોલી દેવાયું!!

હેમંત ટ્રેડિંગ નામના એકાઉન્ટ અંગે તપાસ કરતા ઠક્કરબાપાનગર ખાતે રહેતા હેમરાજ છીતરમલજી સિકરવાલ નામે કંપની એકાઉન્ટ ખૂલ્યું હતું. પોલીસે હેમરાજની પૂછપરછ કરતા તે સ્વીગીમાં પોતે ફૂડ ડિલીવરી બોય તરીકે નોકરી કરે છે. અગાઉ ફીલ્ડ મેનેજર ધનંજય પટેલે હેમરાજના ડોક્યુમેન્ટ પર હેમંત ટ્રેડિંગ કંપની ખોલી બેંક એકાઉન્ટ ખોલાવ્યું હતું. આ એકાઉન્ટ પેટે તે હેમરાજને માસીક દસ થી બાર હજારનું કમિશન આપતો હતો.

### સમગ્ર કૌભાંડનો મુખ્ય સૂત્રધાર સટ્ટાકિંગ અમિત મજેઠીયા

સીઆઈડી ક્રાઈમે મામલામાં કાર્યવાહી હાથ ધરી બોડકદેવના મારુતિ સેલેડ્રોન ખાતે રહેતા અને હાલ વિદેશ ભાગી ગયેલા અમિત મનસુખ મજેઠિયા, દિલ્હીના ઓમશંકર તિવારી, મૂળ જૂનાગઢના મનોરંજન કમ્પાઉન્ડમાં રહેતા અને હાલ થલતેજ કોલમ્બિયા હોસ્પિટલ પાસે લા અબિટેટ ફ્લેટમાં રહેતા ભાવેશ ગોપાલભાઈ સચાણીયા અને અશ્વિન મનસુખભાઈ સચાણીયા, બાલાસીનોરના લાટ ગામે ભાથલા ખાતે રહેતાં ધનંજય પ્રવિણભાઈ પટેલ, અમદાવાદનો વિક્કી અને કાંકરેજ તાલુકાના થરા ગામે કર્ણાવતી સોસાયટીમાં ભાવેશ ભુરાભાઈ જોશી વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

### લોન અપાવી દેવાના બહાને ડોક્યુમેન્ટ લઈને શિવમ ટ્રેડિંગ નામનું કરન્ટ એકાઉન્ટ ખોલાવી નાણાકીય વ્યવહારો કરી લેવાયા

શિવમ ટ્રેડિંગ નામનું કરન્ટ ખાતુ શિવમ દિનેશભાઈ રાવળના નામે ખૂલ્યું તેની પૂછપરછ કરતા ઘટસ્ફોટ થયો કે, ન્યૂઝ પેપરમાં જાહેરાત વાંચી પોતે દિલ્હી દરવાજા ખાતે વિક્કી નામના શખ્સ પાસે લોનના કામથી ગયો હતો. વિક્કીને લોન લેવા માટે આધારકાર્ડ, પાન કાર્ડ સહિતના ડોક્યુમેન્ટ આપ્યા હતા. આ ડોક્યુમેન્ટ ઉપર વિક્કીએ શિવમ ટ્રેડિંગ કંપની બનાવી દીધી હતી.

# આર્થિક અનિશ્ચિતતાના પગલે ડૂબેલી ટીકટોક વધુ કર્મચારીઓની છટણી કરશે

## લોસ એન્જલસ, ન્યૂયોર્ક અને ઓસ્ટિનમાં કર્મચારીઓની છટણી કરવામાં આવી રહી છે

**અબતક, નવીદિલ્હી**

વિશ્વની સૌથી લોકપ્રિય એપ ટીકટોક કંપની બાઈટડાન્સ પણ કર્મચારીઓની છટણી કરતી મોટી ટેક કંપનીઓની યાદીમાં સામેલ થઈ ગઈ છે. ટીકટોક કેટલાક ભાગોમાં અમુક ભૂમિકાઓને ખતમ કરી રહ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે લોસ એન્જલસ, ન્યૂયોર્ક અને ઓસ્ટિનમાં કર્મચારીઓની છટણી કરવામાં આવી રહી છે. અહેવાલ મુજબ, ટીકટોકે ૨૩ જાન્યુઆરીએ ટાઉનહોલ મીટિંગનું આયોજન કર્યું છે, જ્યાં કર્મચારીઓ છટણીના સમાચાર જાહેર કરે તેવી અપેક્ષા છે. અહેવાલો સૂચવે છે કે છૂટા કરાયેલા કર્મચારીઓની સંખ્યા લગભગ ૬૦ હશે.




ટેક કંપનીઓએ ૧૦,૦૦૦થી વધુ નોકરીઓમાં કાપ મૂક્યો છે

છટણીની ગતિ ૨૦૨૩ ની શરૂઆતના ક્રૂર મહિનાઓ સાથે મેળ ખાતી નથી, તેમ છતાં, વલણ આર્થિક અનિશ્ચિતતા અને ફૂલેલા મૂલ્યાંકન વિશે ચાલી રહેલી ચિંતાઓને પ્રકાશિત કરે છે. ૨૦૨૪માં અત્યાર સુધીમાં ૬૩ કંપનીઓએ ૧૦,૯૦૦થી વધુ ટેકનિકલ કર્મચારીઓની છટણી કરી છે. આ ક્રૂર ૨૦૨૩ ને અનુસરે છે, જેમાં ૨૬૦,૦૦૦ થી વધુ તકનીકી નોકરીઓ ગુમાવી હતી, જે પાછલા વર્ષ કરતા નોંધપાત્ર વધારો છે. આ વલણ પાછળના કારણો બહુપક્ષીય છે. વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા, વધતા વ્યાજ દરો અને ઉપભોક્તા ખર્ચમાં મંદી એ ટેક્નોલોજી કંપનીઓ માટે ચુસ્ત નાણાકીય વાતાવરણમાં ફાળો આપ્યો છે.

સર્ચ એન્જિન ગૂગલ, જે તેના કર્મચારીઓના લાભો અને ભવ્ય કેમ્પસ માટે જાણીતું છે, તેણે જાન્યુઆરીમાં નોકરીમાં કાપની જાહેરાત કરી, જેનાથી ઘણા વિભાગોને અસર થઈ. ચોક્કસ સંખ્યા અજાણ છે, પરંતુ અહેવાલો સૂચવે છે કે વિભાગોમાં સેંકડો ભૂમિકાઓ દૂર કરવામાં આવી હતી. ઝેરોક્સ જેવા પરંપરાગત ટેક જાયન્ટ્સ પણ છટણીના મોજામાંથી બચી શક્યા નથી.

# બજેટ સત્રની તૈયારીઓ શરૂ : સંસદની સુરક્ષા માટે ૧૪૦ સીઆઈએસએફ જવાનોની ટુકડી તહેનાત કરાશે

## એક્સ-રે મશીન અને મેટલ ડિટેક્ટરમાં સામાનની તપાસ કરાશે : પગરખાં, હેવી જેકેટ અને બેલ્ટને ટ્રે માટે એક્સ-રે મશીનનો ઉપયોગ કરાશે

**અબતક, નવીદિલ્હી**

સરકારે ૩૧ જાન્યુઆરીથી શરૂ થનારા બજેટ સત્રની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ સમયગાળા દરમિયાન સંસદની સુરક્ષા માટે ૧૪૦ સીઆઈએસએફ જવાનોની ટુકડી સંસદ સંકુલમાં તૈનાત કરવામાં આવી છે. સીઆઈએસએફની આ ટુકડી સંસદમાં આવતા મુલાકાતીઓ અને તેમના સામાનની તપાસ કરશે. તમને જણાવી દઈએ કે ગયા વર્ષે ૧૩ ડિસેમ્બરે સંસદના શિયાળુ સત્ર દરમિયાન સુરક્ષામાં મોટી ખામી સામે આવી હતી. ૧૩ ડિસેમ્બરે કેટલાક લોકો સંસદમાં ઘૂસી ગયા હતા અને ત્યાં રંગીન ધુમાડો છોડ્યો હતો. સૂત્રોએ જણાવ્યું કે સોમવારે ૧૪૦ સીઆઈએસએફ જવાનોએ સંસદ ભવન સંકુલની સુરક્ષા સંભાળી હતી. તેઓ મુલાકાતીઓ અને તેમના સામાનની શોધ કરશે અને બિલ્ડિંગની સુરક્ષા માટે પણ જવાબદાર રહેશે.

આ ટીમ પહેલાથી જ ત્યાં હાજર અન્ય સુરક્ષા એજન્સીઓ સાથે સંસદ સંકુલની સમીક્ષા કરી રહી છે જેથી તે ૩૧ જાન્યુઆરીથી પોતાની જવાબદારી નિભાવવા માટે તૈયાર થઈ શકે. નવા અને જૂના સંસદ ભવન સંકુલની સુરક્ષાની જવાબદારી સીઆઈએસએફને આપવામાં આવશે. એરપોર્ટ જેવી સુરક્ષા વ્યવસ્થા હશે. એક્સ-રે મશીન અને મેટલ ડિટેક્ટર વડે વ્યક્તિ અને સામાનની તપાસ કરવામાં આવશે. પગરખાં, હેવી જેકેટ અને બેલ્ટને ટ્રેમાં રાખવાની અને એક્સ-રે મશીનથી તપાસવાની પણ જોગવાઈ છે. સૂત્રોએ જણાવ્યું કે દળના આસિસ્ટન્ટ કમાન્ડન્ટ રેન્કના અધિકારી આ સીઆઈએસએફ ટુકડીનું નેતૃત્વ કરશે. ફાયર વિંગના ૩૬ જવાનો પણ હશે. સીઆઈએસએફ લગભગ ૧.૭૦ લાખ કર્મચારીઓ છે અને તે કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળ છે. દેશના ૬૮ સિવિલ એરપોર્ટ ઉપરાંત, તે એરોસ્પેસ અને ન્યુક્લિયર એનર્જી સેક્ટર સાથે સંબંધિત મહત્વપૂર્ણ સંસ્થાઓની સુરક્ષા માટે પણ જવાબદાર છે.

સંસદ ભવનના અધિકારીઓ અને કર્મચારીઓને સંસદ ભવન સંકુલની અંદર ફોટોગ્રાફસ ક્લિક કરવા અને વીડિયો બનાવવા સામે ચેતવણી આપવામાં આવી છે કારણ કે સુરક્ષા પ્રોટોકોલ હેઠળ આવી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ છે. જારી કરાયેલા પરિપત્રમાં સંસદ ભવનના કાર્યવાહક સંયુક્ત સચિવ (સુરક્ષા)એ કહ્યું છે કે વારંવાર સૂચનાઓ છતાં કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ પ્રોટોકોલનું પાલન નથી કરી રહ્યા.

## બીસીસીઆઈએ ચાર વર્ષ પછી વાર્ષિક પુરસ્કાર યોજ્યો

# શુભમન ગિલ અને સ્મૃતિ મંધાના સહિત અન્ય ક્રિકેટરને ક્રિકેટર ઓફ ધ યર તરીકે ઘોષિત કરાયા

## મહિલા ખેલાડીઓમાં દીપ્તિ શર્માને ૨૦૨૩ની સર્વશ્રેષ્ઠ ખેલાડી તરીકે પસંદ કરવામાં આવી હતી

**અબતક, નવીદિલ્હી**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)એ ચાર વર્ષ પછી વાર્ષિક પુરસ્કારની જાહેરાત કરી હતી, જેમાં સ્ટાર બેટર શુભમન ગિલ અને સ્મૃતિ મંધાના સહિત અન્ય ક્રિકેટરને ક્રિકેટર ઓફ ધ યર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી ટેસ્ટ મેચની સિરીઝ પહેલા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ટીમ ઈન્ડિયાના કોચ રાહુલ દ્રવિડ અને ઈંગ્લેન્ડના કોચ બ્રેન્ડન મેકલુ પણ હાજર રહ્યા હતા. બીસીસીઆઈના એવોર્ડ ફંક્શનમાં ભારતના દિગ્ગજ ક્રિકેટર મહોમ્મદ શમી, શુભમન ગિલ, રવિચંદ્રન અશ્વિન અને જસપ્રીત બુમરાહને એવોર્ડ મળ્યા હતા.

એવોર્ડ ફંક્શનમાં ૨૦૧૯થી ૨૦૨૩ સુધીના સર્વ શ્રેષ્ઠ ખેલડીઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. છેલ્લે ૨૦૧૯માં આ એવોર્ડ ફંક્શન યોજવામાં આવ્યું હતું. મંગળવારે યોજવામાં આવેલા એવોર્ડ ફંક્શનમાં મહોમ્મદ શમી, શુભમન ગિલ, રવિચંદ્રન અશ્વિન અને જસપ્રીત બૂમરાહ આ ખેલાડીઓને ક્રિકેટર ઑફ ધ યરનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. શુભમન ગિલને વર્ષ ૨૦૨૩ માટે ભારતના સર્વશ્રેષ્ઠ ખેલાડી તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. મોહમ્મદ શમીને ૨૦૧૯-



૨૦ માટે, રવિચંદ્રન અશ્વિનને ૨૦૨૦-૨૧ માટે અને જસપ્રીત બુમરાહને ૨૦૨૧-૨૨ માટે આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

મહિલા ખેલાડીઓમાં દીપ્તિ શર્માને ૨૦૨૩ની સર્વશ્રેષ્ઠ ખેલાડી તરીકે પસંદ કરવામાં આવી હતી. સ્મૃતિ મંધાનાને ૨૦૨૦-૨૨ની સર્વશ્રેષ્ઠ ખેલાડી જાહેર કરવામાં આવી હતી. જ્યારે દીપ્તિ શર્માને ૨૦૧૯-૨૦ માટે એવોર્ડ મળ્યો હતો.મહાન ખેલાડી ફારૂક એન્જિનિયરને કર્નલ સીએકે નાયડુ લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો હતો. તેમણે ભારત માટે ૪૬ ટેસ્ટ અને પાંચ વનડે રમી હતી. રવિ શાસ્ત્રીને પણ કર્નલ સીએકે નાયડુ લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. રવિ શાસ્ત્રીએ ભારત માટે ૮૦ ટેસ્ટ અને ૧૫૦ વનડે રમી છે. તેઓ બે વખત ભારતીય ટીમના કોચ પણ રહી ચૂક્યા છે. તેઓ ૨૦૧૪ થી ૨૦૧૬ વચ્ચે ટીમ ડાયરેક્ટર હતા. તે પછી તેઓ ૨૦૨૧ ટી-૨૦ વર્લ્ડ કપ સુધી ટીમના મુખ્ય કોચ રહ્યા હતા.

# આસામમાં રાહુલ ગાંધીની સુરક્ષા ઉપર જોખમ : ખડગેએ ગૃહમંત્રીની મદદ માંગી

## ભારત જોડો યાત્રા દરમિયાન થયેલી અથડામણને લઈને કોંગ્રેસ સતર્ક પોલીસે દર્શકોની જેમ તમાશો જોયા રાખ્યો હોવાના આરોપ

**અબતક, નવી દિલ્હી**

રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા દરમિયાન આસામમાં થયેલી અથડામણને લઈને કોંગ્રેસે રાજ્યના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાની સરકાર પર શાબ્દિક પ્રહારો ચાલુ રાખ્યા છે. હવે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે આ અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખ્યો છે. ખડગેએ શાહને કહ્યું છે કે રાહુલ ગાંધીની સુરક્ષા વારંવાર ખતરામાં છે. તેણે આ અંગે આસામ પોલીસ પર પણ આરોપ લગાવ્યો છે.

કોંગ્રેસ અધ્યક્ષે પોતાના પત્રમાં કહ્યું છે કે ૧૪ જાન્યુઆરીએ મણિપુરથી મુંબઈ સુધી શરૂ થયેલી ભારત જોડો યાત્રા આસામ પહોંચી ત્યાર બાદ કેટલાક એવા પ્રસંગો આવ્યા જ્યારે આસામ પોલીસ રાહુલ ગાંધીની સુરક્ષામાં આવવા માંગતી હતી, જેમને ઝેડ પ્લસ સુરક્ષા મળી છે. ખડગેએ આરોપ લગાવ્યો કે જ્યારે અરુણાચલ પ્રદેશથી કોંગ્રેસની યાત્રા આસામના સોનિતપુર જિલ્લામાં પરત આવી ત્યારે ત્યાંના સ્થાનિક સુપરિન્ટેન્ડેન્ટ, જેઓ સીએમ સરમાના ભાઈ પણ છે, તેમણે ભાજપના કાર્યકરો દ્વારા કોંગ્રેસ યાત્રા પર કરેલા હુમલાને દર્શકની જેમ જોયા.

ખડગેએ કહ્યું કે આ દરમિયાન ભાજપના કાર્યકરો કોંગ્રેસની સોશિયલ મીડિયા ટીમ અને પાર્ટીના મહાસચિવ જયરામ રમેશ સાથે અથડામણ કરી અને તેમની કાર પર પણ હુમલો કર્યો. આ લોકોએ ભારત જોડો ન્યાય યાત્રાના વિરોધમાં સૂત્રોચ્ચાર કર્યા હતા અને વાહનો પરના યાત્રાના પોસ્ટરો પણ ફાડી નાખ્યા હતા.

ખડગેએ કહ્યું કે ૨૨ જાન્યુઆરીએ ભાજપના કાર્યકર્તાઓએ નાગાંવ જિલ્લામાં રાહુલ ગાંધીના કાફલાને રોક્યો, જેના કારણે તેમની સુરક્ષા માટે અત્યંત જોખમી સ્થિતિ સર્જાઈ. આ બધી ચોંકાવનારી ઘટનાઓ વચ્ચે જ્યારે પણ ભાજપના કાર્યકરો રાહુલ ગાંધીની નજીક આવ્યા ત્યારે આસામ પોલીસ દર્શક બનીને રહી, જેના કારણે કેટલાક તોફાની તત્વો રાહુલની સુરક્ષા કોર્ડન તોડવાનો પ્રયાસ કરતા રહ્યા.

ખડગેએ અમિત શાહને આ મામલે હસ્તક્ષેપ કરવા અને યાત્રા યોજના મુજબ આગળ વધે તેની ખાતરી કરવા માંગ કરી હતી. તેમણે કહ્યું કે આ મામલામાં કેન્દ્રીય ગૃહ પ્રધાનની દરમિયાનગીરી જરૂરી છે, જેથી યાત્રા સાથે આવી કોઈ અપ્રિય ઘટના ન બને જેના કારણે રાહુલ ગાંધી અથવા ભારત જોડો ન્યાય યાત્રામાં ભાગ લેનાર કોઈપણ કોંગ્રેસ કાર્યકર ઘાયલ થાય.

# સહકારી ટ્રીબ્યુનલ પ્રેસીડેન્ટ તરીકે પુર્વ સેશન્સ જજ પ્રફુલ ગોકાણીની નિમણુંક

## રાજકોટના સિનિયર વકીલની વરણીથી ધારાશાસ્ત્રી દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી

**અબતક, રાજકોટ**

ગીર સોમનાથનાં મુખ્ય જીલ્લા ન્યાયાધીસે હોદા ઉપરથી વયમર્યાદાના કારણે તાજેતરમાં નીવૃત થયેલ અને રાજકોટમા વર્ષો સુધી વકીલાત કરી ચુકેલ પ્રફુલ જી. ગોકાણીની સરકાર ધ્વારા ગુજરાત હાઈકોર્ટની ભલામણને ધ્યાને લઈને અમદાવાદ ખાતે આવેલ ધી ગુજરાત સહકારી ટ્રીબ્યુનલના પ્રમુખ પદે નીમણુક આપતુ નોટીફીકેશન તાઃ૨૨/૧/૨૦૨૪ ના રોજ પ્રસિધ્ધ કર્યુ છે. પ્રફુલભાઈ ગોકાણીએ સને ૧૯૮૭-૮૮ થી રાજકોટનાં ખ્યાતનામ ધારાશાસ્ત્રી સ્વ. અભયભાઈ ભારદ્વાજ સાથે વકીલાતની શરૂઆત કરી હતી. બાદ સને ૨૦૦૩ મા ફાસ્ટ્રેક કોર્ટ અસ્તિત્વમા આવતા ગુજરાત હાઈકોર્ટ ધ્વારા



વકીલોની ફાસ્ટ ટ્રેક કોર્ટમાં જજ (સેશન્સ જજ) તરીકે પરીક્ષા લઈને નીમણુકો કરવામાં આવેલી હતી જેમા ગુજરાતમાંથી પ્રથમ ક્રમાંકે ઉતીર્ણ થતા પોરબંદર ખાતે નીમણુક આપવામાં આવી હતી.તે પછી ગુજરાત હાઈકોર્ટે ફાસ્ટ ટ્રેક કોર્ટ બંધ કરવાનો નીર્ણય કરેલો અને ડીસેમ્બર-૨૦૦૯ સુધીમાં વકીલોમાંથી નીમાયેલા તમામ ન્યાયાધીશઓને છુટા કરી દેવાયા હતા.બાદ સુપ્રીમ કોર્ટનાં આદેશના આધારે ગુજરાત હાઈકોર્ટે જે વકીલોએ ફાસ્ટ ટ્રેક જજ તરીકે શ્રેષ્ઠ કામગીરી કરી હતી તેને લેખિત અને મૌખિક પરીક્ષા માટે બોલાવેલા હતા જેમાંથી એકમાત્ર ગોકાણી ઉતીર્ણ થતા ફરીથી કાયમી ધોરણે ડીસ્ટ્રીકટ જજ કેડરમાં નીમણુક આપવામાં આવું હતી. સૌ પ્રથમ બરોડા ફરજ બજાવી હતી . બદલી થતા ત્રણ વર્ષ સી.બી.આઈ. કોર્ટના સ્પેશ્યલ જજ તરીકે કામગીરી કર્યા બાદ સાડા છ વર્ષ સુધી વલસાડ, મહેસાણા અને છેલ્લે ગીર-સોમનાથ વેરાવળના પ્રીન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ તરીકે કામગીરી કરી તાઃ ૩૦/૧૧/૨૦૨૩ ના રોજ વયમર્યાદાને કારણે નીવૃત થયા હતા.બાદ ગુજરાત હાઈકોર્ટે ગોકાણીની શ્રેષ્ઠ કામગીરી ધ્યાને લઈને ગુજરાત રાજયની સહકારી ટ્રીબ્યુનલના પ્રેસીડેન્ટ તરીકે નીમણુક આપવા ગુજરાત સરકારને ભલામણ કરી હતી. જેના આધારે સરકાર ધ્વારા પ્રફુલભાઈ ગોકાણીની નીમણુક સંબંધી નોટીફીકેશન જાહેર કરવામાં આવ્યું છે. પ્રફુલભાઈ ગોકાણી મો. નં. ૯૮૨૫૬ ૨૧૮૮૮ ઉપર શુભેચ્છાની વર્ષા થઈ રહેલી છે.

# ‘પોલીસ પ્રજાનો મિત્ર છે’ સાર્થક કરતો કિસ્સો

## વટવા ખાતે રામલલ્લાની શોભાયાત્રામાં દિશાશુન્ય થયેલા બાળકનું પોલીસે પરિવાર સાથે કરાવ્યું મિલન

**અબતક, રાજકોટ**

અવધ ઉત્સવને લઈ જીઆઈડીસી વટવા વિસ્તારમાંથી શોભાયાત્રાઓ કાઢવામાં આવેલ. આ શોભાયાત્રાનાં બંદોબસ્ત દરમિયાન હાર્દિક જગદીશભાઈ ડાભી ઉવ. ૦૯ શોભાયાત્રા જોવા આવેલ અને દિશા શૂન્ય થઈ જતા, પોતાના પરિવારથી અલગ થઈ ગયેલ અને વિખૂટો પડી ગયેલ હતો. જે બંદોબસ્તમાં રહેલ પોલીસને મળી આવતા, વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવેલ હતો. આ બાળકને સરનામું પૂછતા, પોતે માત્ર પોતાનું નામ બતાવેલ તથા સરનામું જાણતો નાં હોય, પોલીસ દ્વારા પરિવારજનોને શોધવા માટે પ્રયત્નો હાથ ધરવામાં આવેલ હતા.વટવા જીઆઈડીસી પોલીસ દ્વારા પણ બનાવની ગંભીરતા ધ્યાને લઈ, મળી આવેલ બાળકના પરિવારજનોને શોધવા તાત્કાલિક આગળની કાર્યવાહી હાથ ધરી હતી.




રામ જન્મભૂમિ પ્રાણ પ્રતિષ્ઠામાં સમગ્ર પોલીસ સ્ટાફ બંદોબસ્તમાં હોવા છતાં, જે ડિવિઝન એસીપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પીઆઈ એન. ડી.નકુમ, પીએસઆઈ એમ.બી પટેલ, સ્ટાફના હે.કો. મહેન્દ્રસિંહ, ધર્મેન્દ્રસિંહ સહિતના સ્ટાફ દ્વારા બાળકના પરિવારજનોને શોધી કાઢવા માટે વોટસએપ ગ્રુપમાં મેસેજ કરી તેમજ પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવેલ હતી. બાળક નરોડા વિસ્તારમાં રહેતો હોવાની વિગત મેળવી હતી. આ દરમિયાન બાળકના પિતા જગદીશભાઈ પુંજાભાઈ ડાભી રહે. વિજય મિલ ચાર માળિયા, નરોડા, અમદાવાદને પણ પોતાનો ગુમ થયેલ પુત્ર જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે હોવાની બાબત જાણવા મળતા, વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન આવેલ હતા. પોતાનો ગુમ થયેલ બાળક મળી આવતા, તેના પરિવારજનો અને પિતા જગદીશભાઈ ડાભી ભાવ વિભોર થયેલ હતા.

# અયોધ્યા ઉત્સવદિને અલય પાર્કમાં રાસ-ગરબાની રમઝટ

**અબતક, રાજકોટ**

રામ નવનિર્માણ મંદિર પ્રતિષ્ઠા અયોધ્યા અનુસંધાને અલયપાર્ક સોસાયટી નાના મોવા રોડ ખાતે ભવ્યતા થી ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવણીના ભાગરૂપે સોસાયટીના તમામ ઘર ઉપર ભગવાધ્વજ મુખ્ય માર્ગો પર ભગવા ધ્વજ સાથે રામમય બની કોમન ગાર્ડન ની અંદર ભગવાન શ્રીરામ ની મૂર્તિ સુશોભન કરી સામુહિક ભાવનાથી કાર્યક્રમની શરૂઆત થઈ. સાંજના પાંચ વાગ્યાથી ફરીથી કાર્યક્રમ દીપોત્સવી શરૂ થયેલ નાના નાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે વકૃત્વ સ્પર્ધા- વેશભૂષા-હનુમાન ચાલીસા ના પાઠ સાથે રાસ ગરબા ની રમઝટ બોલાવેલ. જેમાં જાગૃતિબેન-બંસીબેન ભાવનાબેન- વસંતીબેન મીરાબેન-રચનાબેન ઉર્કતિબેન- દિકરી બા ગ્રુપ-ઉજીસા -દિસા-દેવિકા -ખ્યાતિ-ઈશા માધવી તથા સમગ્ર સોસાયટી સુશોભન માઈક લાઈટ-ધજા તમામ વ્યવસ્થા યુવા ટીમ જય પ્રીત -વર્ધન -આશિષ -દક્ષ ધર્મેશ-નીવ- નીલ -ગુંજન નિશીત તથા અન્ય યુવા મિત્રોએ ખૂબ મહેનત કરી તૈયારીઓ કરેલ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી થયેલ દીપ પ્રાગટ્ય પ્રદીપસિંહ જાડેજા- ચમનભાઈ સિંધવ- રજનીભાઈ શખીયા-જગદીશભાઈ સંઘાણી શ્રીમતી જાગૃતિબેન પંડ્યા તથા સોસાયટીના વડીલો દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમની સફળતામાં અનેક સોસાયટીના તમામ બ્લોક ધારકો તથા વડીલો માતાક યુવાનોનું સહયોગ પૂર્ણ રહેલ.

'અબતક' ચેનલના 'કલાકુંભ' એપીસોડમાં

# વા વાયા ને વાદળ ઉમટયાઃ ગોકુળમાં ટહુકયા મોરઃ કાલે લોકગીતોની જમાવટ




**અબતક, રાજકોટ**

લોક સંસ્કૃતિ, લોક સંગીતની જાળવણી પ્રચાર અને પ્રસાર માટે 'અબતક' ચેનલના અખુટ પ્રયાસો રહ્યા છે કોઈપણ કલા જાણતા કલાકારોને પ્લેટ ફોર્મ પુરૂ પાડવા 'અબતક' ચેનલના હમેંશા પ્રયાસો રહ્યા છે.લોકસંગીત ક્ષેત્રે, ભજન, લોકગીત, ગરબા રાસ, લગ્નગીત, હાલરડા, બાળગીત, ભવાઈ લોકસાહિત્ય, હાસ્ય રસ વગેરે જેવી કલાના સાધકોને 'અબતક' ચેનલના 'કલા કુંભ' એપીસોડમાં રાજકોટના જાણીતા લોકગાયકી ડો.વર્ષા મહેતાના કંઠે ગવાયેલા લોકગીતો વા વાયાને વાદળ ઉમટયાથી, રમવાને ગ્યાતા અને સૈયરના ચોકમાં મથુરામાં વાગી મોરલી, ખમ્મા મારા નંદજીના લાલ, વાદલડી વરસી રે, માથે મહુકડી મહીની મેલી જેવા લોકગીતો 'અબતક' ચેનલ પર આવતીકાલ તા. ૨૫ને ગુરૂવારે સવારે ૮ તેમજ પુનઃ પ્રસારણ રાત્રે ૯ કલાકે નિહાળી શકાશે.વાજીંત્ર વાદોકમાં વિજય પઢીયાર, બેંન્જો વાદક જીગર ઉસ્તાદ, ઢોલક વાદક તેમજ કિર્તિસિંહ જાડેજાના મંજીરાના રણકાર સાથે મોજીલો કાર્યક્રમ માણવા થઈ જાવ તૈયાર ભૂલાય નહી હો.... આવતીકાલે 'અબતક' ચેનલ પર

**વા વાયાને વાદળ ઉમટયા LIVE નિહાળો**

અબ તક CHANNEL | ઈન કેબલ ૫૬૧ | ડેન નેટવર્ક ૫૭૩ | રિયલ જીટીપીએલ-સુરત ૩૫૦ | સહયોગ નેટવર્ક ૧૦૫

YouTube Live @abtakmedia | f LIVE

વા વાયાને વાદળ ઉમટયા તા. ૨૫-૧-૨૦૨૪ ને સવારે ૮:૦૦ કલાક અને સાંજે ૮:૦૦ કલાકે 'અબતક' ચેનલ અને ડિઝીટલ પ્લેટફોર્મ પર લાઇવ નિહાળી શકશો.

કલાકારઃ- ડો. વર્ષા મહેતા
લોક ગાયકી
વિજય પઢીયાર – બેન્જો વાદક
જીગર ઉસ્તાદ – ઢોલક વાદક
કિર્તિસિંહ જાડેજા – મંજીરા વાદક

# ચૌધરી હાઈસ્કુલના ગ્રાઉન્ડમાં સિટી-૧ પ્રાંત દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણીનું રિહર્સલ

## બાળકોએ અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા : ૨૬મીએ અધિક કલેકટર ચેતન ગાંધી કરશે ધ્વજવંદન





**અબતક, રાજકોટઃ** દર વર્ષની પરંપરા મુજબ ૨૬મી જાન્યુઆરીએ ચૌધરી હાઈસ્કુલ ખાતે પ્રજાસતાક પર્વની ઉજવણી કરવામાં આવનાર છે. જેનું આજે સિટી-૧ પ્રાંત અધિકારી કે.જી.ચૌધરી દ્વારા રિહર્સલ કરવામાં આવ્યું હતું. ચૌધરી હાઈસ્કુલ ખાતે ૨૬મીએ અધિક કલેકટર ચેતન ગાંધીના અધ્યક્ષ સ્થાને પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં તેઓના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. આ ઉજવણીને લઈને આજે રિહર્સલ કરવામાં આવ્યું હતું. જેમાં સિટી-૧ પ્રાંત અધિકારી કે.જી. ચૌધરી દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ શાળાના છાત્રોએ અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ઉપરાંત પોલીસ જવાનોએ આ વેળાએ પરેડ પણ કરી હતી.

---

કોમર્સના વિદ્યાર્થીઓને ભણતા ભણતા જ વેપાર ઉદ્યોગમાં પારંગત બનાવવાની નેમ સાથે

# ધોળકિયા સ્કૂલના ચાર દિવસીય બિઝનેસ ફેરનો કાલથી પ્રારંભ

## 'અબતક'ની મુલાકાતમાં કેળવણીકાર અને ધોળકિયા સ્કૂલના સંચાલક જીતુભાઈ ધોળકિયા,અને વિદ્યાર્થીઓએ આપી બિઝનેસ ફેરની વિગતો

### ૨૦૨૩ માં ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં બિગેસ્ટ બિઝનેસ ફેર નો કિતાબ મેળવનાર ધોળકિયા સ્કૂલના બિઝનેસ ફેરની હવે એશિયા બુક ઓફ રેકોર્ડ તરફ કુચ

**અબતક-રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રની ગુજરાત ભરના શિક્ષણ ક્ષેત્રે બાળ કેળવણી અને શિક્ષણની સાથે સાથે જીવનના ગણતર ના પાઠ ભણાવી વિદ્યાર્થીઓને ભણતા ભણતા જ વ્યવહારુ જીવન અંગે તાલીમબધ કરતી રાજકોટની ધોળકિયા સ્કૂલ દ્વારા આવતીકાલથી ચાર દિવસથી બિઝનેસ ફેર નું આયોજન કરવામાં આવ્યું છે, અબ તકની મુલાકાતે આવેલા સ્કૂલના સંચાલક જીતુભાઈ ધોળકિયા રાહુલભાઈ રાવલ અને ૧૧ કોમર્સના ધોળકિયા સ્કૂલના બિઝનેસ ફેર માં સહભાગી થયેલા વિદ્યાર્થીઓ આગેવાનોમાં ધ્રુવીબેન ગોહેલ, મહેકબેનધક્કલ, હિરવાબેન ભવાની અને રુદ્ર રૂગૈયાએ બિઝનેસ ફેર ૨૦૨૪ ની વિગતો આપતા જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને યુવા સાહસિક બનાવવા માટે અને વેપાર વાણિજ્યનું વ્યવહાર જ્ઞાન બાળપણથી જ વિદ્યાર્થીને મળે તે માટે ધોળકિયા સ્કૂલ દ્વારા ચાર દિવસ બિઝનેસ ફેર નું આયોજન કરવામાં આવ્યું છે ગયા વર્ષે ૨૦૨૩ માં ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં બિગેસ્ટ બિઝનેસ ફેર તરીકેની નોંધ મેળવનાર બિઝનેસ ફેરમાં આ વર્ષે એશિયા બુક ઓફ રેકોર્ડમાં નોમિનેશન ના સંજોગો ઊભા થયા છે

શાળાના વિદ્યાર્થીઓને વેપાર-વાણિજ્ય અંગે પ્રેકટીકલ જ્ઞાન પ્રાપ્ત થાય - બજારની પરિસ્થિતિનો ખ્યાલ આવે-ખરીદ-વેંચાણનો અનુભવ મળે અને પોતાના સ્વબળે કેવી રીતે ધંધો કરી શકાય તે શીખવા મળે એ હેતુથી આવતીકાલથી ધોળકિયા સ્કૂલ્સ દ્વારા તારીખ ૨૫, ૨૬, ૨૭, ૨૮ જાન્યુઆરી એમ , દિવસના બિઝનેસ ફેરનું આયોજન કરવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૦૫ થી શરૂ થયેલા ધોળકિયા સ્કૂલ્સ આયોજીત આ બિઝનેસ ફેર દ્વારા ગયા વર્ષે ૨૦૨૩માં ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ The Biggest Business Fair ખિતાબ એનાયત કરવામાં આવ્યો. આ જ રેકોર્ડને આગળ વધારતા અને એક નવો કીર્તિમાન બનાવવા ધોળકિયા સ્કૂલ્સ આયોજીત બિઝનેસ ફેર ૨૦૨૪, માં રૂ. ૧.૨૫ કરોડથી વધુ રકમના રોકાણ સાથે ૧૬૦૦થીવધુ વિદ્યાર્થીઓ દ્વારા સંચાલીત આ બિઝનેસ ફેરમાં ૩૭૦ થી વધુ સ્ટોલના માધ્યમથી જીવન જરૂરી અને ઘર વપરાશની વસ્તુઓનું વેચાણ કરવામાં આવશે. ચાર દિવસના આ બિઝનેસ ફેરમાં આશરે ૧ લાખથી વધારે લોકો મુલાકાત લઈ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારે.

આ બિઝનેસ ફેરના ૩૭૦ થી વધારે સ્ટોલ્સમાંથી આવનાર મુલાકાતીઓ પોતે ઘર-વપરાશની ચીજવસ્તુઓ, કપડા, ફૂટવેર, સ્ટેશનરી આઈટમ્સ, મોબાઈલ એસેસરીઝ, ઘર સજાવટની વસ્તુઓ, હેન્ડી ક્રાફટ, હેલ્થકેર પ્રોડક્ટસ, ઓર્ગેનિક ફૂટસ અને

(અનુ. આઠમા પાને)


તસવીરઃ કરન વાડોલીયા

### ધોળકિયા સ્કૂલ્સ્ પોતાના જ રેકોર્ડને બ્રેક નવો વર્લ્ડ રેકોર્ડ સર્જશે

દુનિયાભરમાં વર્લ્ડ રેકોર્ડ બનાવવા માટે ખૂબ જ ખ્યાતનામ સંસ્થાઓમાંની એક સંસ્થા એશિયા બુક ઓફ રેકોર્ડસ દ્વારા ધોળકિયા સ્કૂલ્સ્ ।રા આયોજિત બિઝનેસ ફેર - ૨૦૨૪ ને વિશ્વના સૌથી મોટા સ્કૂલ આયોજીત બિઝનેસ ફેર તરીકેનું અપ્રુવલ મળેલ છે. આ ૪ (ચાર) દિવસના આયોજનની વિશાળતા એટલી મોટી છે કે આજ દિવસ સુધી વિશ્વભરમાં આટલા મોટા પ્રમાણમાં સ્કૂલ બિઝનેસ ફેરનું આયોજન ક્યારે પણ થયેલ નથી.

આવું અનોખું અને વિશ્વમાં સૌથી મોટું આયોજન જ્યારે ધોળકિયા સ્કૂલ્સ્ ।રા આપણા રાજકોટના આંગણે થઈ રહ્યું છે ત્યારે આ નવા વર્લ્ડ રેકોર્ડનો ભાગ બનવા માટે રાજકોટવાસીઓ તથા સમગ્ર ગુજરાતવાસીઓને ધોળકીયા પરિવારે નિમંત્રણ કર્યા છે.



### બિઝનેસ ફેરમાં નાની ઉંમરે મોટું કામ કરવાનો આત્મવિશ્વાસ મળે છેઃ ધ્યેય વ્યાસ

ધોળકિયા સ્કૂલના ચાર દિવસના બિઝનેસ ફેર માં ફેશન એસે સિરીઝનો સ્ટોલ કરનાર ધ્યેય ભાઈ વ્યાસે જણાવ્યું હતું કે બિઝનેસ ફેરમાં નાની ઉંમરે વેપાર ને નજીકથી જોવાની તક મળે છે અને આત્મવિશ્વાસ મળે છે

### બિઝનેસ ફેરમાં વેપાર વખતે ત્વરિત નિર્ણય લેવાની કોઠાસૂઝનો વિકાસ થાય છેઃ ધ્રુવી ગોહિલ



બિઝનેસ ફેરમાં પ્રથમ વખત સ્ટોલ બનાવનાર ધ્રુવી બેન ગોહિલે જણાવ્યું હતું કે અમે ભજીયાનો સ્ટોર કર્યો છે બધી ગોઠવણ અમારા હાથે જ કરવામાં આવી છે નિર્ણય લીધો ત્યારે પરિવાર સહિતના સભ્યોને કન્વીન્સ કરવાની પડકાર જનક પરિસ્થિતિ પાર કર્યા બાદ રિસ્પોન્સર શોધવા માટે માર્કેટિંગ ના કૌશલ્યની કસોટી થઈ ગઈ હવે બધું ગોઠવાઈ ગયું છે બિઝનેસ ફેરમાં વેપાર વખતે ત્વરિત નિર્ણય લેવાની કોઠાસૂદ નો વિકાસ થાય છે

---

# ધારાસભ્ય ઉદય કાનગડ જરૂરિયાતમંદોને "રોશની" આપી દિપાવશે જન્મદિવસ

## પૂ.રણછોડદાસજી બાપુ ચેરી. હોસ્પિટલ ખાતે વિનામૂલ્યે મોતિયાના ઓપરેશન-નેત્રમણીનું આરોપણ કેમ્પ

**અબતક,રાજકોટ**

શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા તથા (પૂર્વ) વિધાનસભા જનસેવા કાર્યાલયના મનસુખભાઈ પીપળીયાની એક અખબારી યાદીમાં જણાવાયું છે કે આવતીકાલે સેવાકીય ક્ષેત્રે સતત સક્રિય ધારાસભ્ય ઉદય કાનગડનો જન્મદિવસ છે ત્યારે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ ધ્વારા પોતાના જન્મદિવસની ઉજવણી વિનામુલ્યે સદગુરૂ સુપરમેગા નેત્રયજ્ઞ થકી કરવામાં આવશે.ત્યારે ધારાસભ્ય બન્યા બાદ એક વર્ષના ગાળામાં જ સરકાર અને સંગઠનનો બહોળો અનુભવ ધરાવતા ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ પોતાના મત વિસ્તારમાં લોકોની સુખાકારી અને સુવિધામાં વધારો થાય તે દિશામાં સતત કાર્યશીલ રહયા છે. તેમજ લોકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ ઘરઆંગણે જ મળી રહે તે માટે જનસેવા કાર્યાલય કાર્યરત કરી સેવા હી પરમોધર્મ ની ઉમદા ભાવના સાથે સૌનો સાથ, સૌનો વિકાસ ના મંત્રને મુર્તિમંત કરેલ છે, સાથોસાથ આયુષ્યમાન ભારત કાર્ડ, આધાર કાર્ડમાં સુધારા, એઈમ્સના નિષ્ણાત ડોક્ટરોની ટીમ ધ્વારા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન, પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ સહાય યોજના મેગા કેમ્પ, કાર્યકર્તાઓને વીમા કવચની ભેટ, દેવદીવાળી પર્વ અંતર્ગત તુલસીના રોપા-કુંડા વિતરણ, મુખ્યમંત્રી રાહતફંડમાંથી જરૂરીયાતમંદ દર્દીઓને સહાય માટે ભલામણ,બીપરજોય વાવાઝોડા દરમ્યાન રાહત રસોડુ કાર્યરત કરી સુખડી-ગાઠીયાના ૨૦ હજારથી વધુ ફુડપેકેટ અને દેવભુમિ ધ્વારકા ખાતે વાવાઝોડામાં અસરગ્રસ્તોની સેવા, નવરાત્રી પર્વમાં ૪૦૦થી વધુ ગરબીમંડળની બાળાઓને લ્હાણી વિતરણ, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ ઉજવણી અંતર્ગત ૧૨૫૦૦થી વધુ બાળકોને ચોકલેટ વિતરણ, શિયાળામાં ૧૨૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ જેવા સેવાકાર્યો દ્વારા લોકચાહના પ્રાપ્ત કરી છે.



આ અંગે વધુ વિગત આપતા અશ્વીન મોલીયા, વલ્લભભાઈ દુધાત્રા તથા મનસુખભાઈ પીપળીયાએ જણાવેલ કે આવતીકાલે સવારે ૯:૦૦ કલાકે રણછોડદાસજી બાપુ ચેરિટેબલ હોસ્પિટલ, શ્રી સદગુરૂ આશ્રમ માર્ગ, કુવાડાવ રોડ ખાતે નેત્રયજ્ઞમાં અંત્યાધુનિક સાધન ફેકોમશીન ધ્વારા આંખના મોતીયાના ઓપરેશન ફ્રી માં તેમજ નેત્રમણી બેસાડવામાં આવશે તો જરૂરીયાતમંદોને આ વિનામૂલ્યે નેત્રયજ્ઞનો લાભ લેવા જાહેર અનુરોધ કરાયો છે.

---

રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે

# પ્લકસેસ મેડ કેર સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા યોજાયો મહારકતદાન કેમ્પ

## હોસ્પિટલ દ્વારા હાર્ટ એટેક ના દર્દીને ઈમરજન્સી માં મદદ રૂપ થઈ શકે, તેવી કિટનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવી રહ્યું છે



PLEXUS MED CARE

**અબતક રાજકોટ**

રાજકોટ માં "પ્લકસેસ મેડ કેર સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા અયોધ્યા ખાતે આવેલ રામ મંદિર ના પ્રાણ પ્રતિષ્ઠા ના શુભ મુહર્ત ના પાવન દિવસે, નાથાણી બ્લડ બેંક રાજકોટ ના સહયોગ થી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલું હતું ,જેમાં ૫૧ દાતા એ બ્લડ ડોનેટ કર્યુ હતું..તેમજ આજકાલ હાર્ટ એટેક ના દર્દી વધતા જતા હોવા થી, સૌરાષ્ટ્ર ની ધડકન- "પ્લેક્સસ મેડ કેર સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, રાજકોટ "દ્વારા, સમાજ ના લાભ માટે" પ્લેક્સસ સંજીવની કાર્ડિયક કિટ ", જે હાર્ટ એટેક ના દર્દી ને ઈમરજન્સી માં મદદ રૂપ થઈ શકે ,તેવી કિટ ડોકટરઃદિનેશ રાજ ( ચીફ કાર્ડિયોલોજિસ્ટ) ,ડોકટર નિકુંજ કોટેચા,( કાર્ડિયોલોજિસ્ટ) હેમંતકુમાર( મેડીકલ ડિરેક્ટર), ડોક્ટર ખુશ્બુ અરોરા, ડોક્ટર તેજસ ચૌધરી અને ડોક્ટર હેમલ મોટાની દ્વારા લોન્ચ કરવા માં આવ્યું હતું. આ કિટ નું નિઃશુલ્ક વિતરણ હોસ્પિટલ દ્વારા પલેક્સસ મેડ કેર સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ,૧૫૦ ફૂટ રીંગ રોડ, શીતલ પાર્ક બીઆરટીએસ પાસે, સ્પાયર-૨ બિલ્ડિંગ સામે. કરવામાં આવી રહ્યું છે. વધુ માહિતી માટે ૭૫૭૫૦૦૫૫૫૫, ૦૨૮૧-૨૯૯૨૪૯૦ સંપર્ક કરી શકાશે..

# સરકારી નોકરી એટલે રાષ્ટ્ર સેવા, કોઈપણ જગ્યાને નાની ન સમજો: એડી. કલેકટર





**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા માં જુનિયર કલાર્ક ની ૧૨૮ જગ્યાઓ માટે તૈયારી કરતા છાત્રોને નિશુલ્ક માર્ગદર્શન મળી રહે અને ખાસ કરીને નોકરી સાથે કે અભ્યાસ સાથે તૈયારી કરતા ઉમેદવારોને સમયના અભાવને કારણે રેગ્યુલર વર્ગો માં તાલીમ ન લઈ શકનાર છાત્રોને એક જ દિવસમાં સૌરાષ્ટ્રના ખ્યાતનામ



## સ્પર્ધાત્મક પરિક્ષામાં સફળતા મેળવવા ગહન અભ્યાસ જરૂરી: ચેતન ગાંધી

તજજ્ઞ મારફત ૪૦% જેટલી તૈયારી આઠ કલાકમાં કરાવી શકાય તેવા શુભ હેતુ સાથે કેરિયર કાઉન્સિલિંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર અને યુ જી સી કેરિયર કાઉન્સિલિંગ સેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મારફત એક દિવસિય નિશુલ્ક કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ૨૫૦ થી વધારે છાત્રોએ આ નિશુલ્ક કાર્ય શાળાનો લાભ લીધો હતો અને આ કાર્ય શાળાના ઉદઘાટન સત્રમાં રાજકોટના એડિશનલ કલેક્ટર ૧૨ ચેતનભાઈ ગાંધી, યુવાનોના હૃદય સમ્રાટ લેખક અને અધ્યાપક ડોકટર આશિષભાઈ શુકલા સેવાભાવી અને સક્રિય કોર્પોરેટર ૧ નરેન્દ્ર સિહ વાઘેલા, યુનિવર્સિટીના કુલ સચિવ રમેશ ભાઈ પરમાર, સીસીડીસી (અનુ. આઠમા પાને)

## સી.સી.સી. અને સી.સી.ડી.સી. સૌરાષ્ટ્ર યુનિ.ના સંયુકત ઉપક્રમે સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે યોજાઈ કાર્યશાળા

### રાષ્ટ્રીય સંશોધન સંસ્થાન ઈમ્પ્રેસ પ્રોગ્રામમાં

# સૌરાષ્ટ્ર યુનિ.નાં ફિઝિકસ ભવનની છાત્રા દેવાંશી પરીખ અને નમ્યા જોટાનીયાની પસંદગી

### તેજસ્વી છાત્રાઓને અભિનંદન પાઠવતા કુલપતિ એન.આર.દવે

**અબતક, રાજકોટ**

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ જીઓ-મેગ્નેટિઝમ, મુંબઈ એ જીઓ ફિજીકસ, વાતાવરણીય અને સ્પેસ ફિઝિક્સ, પ્લાઝમા ફિજીક્સ ક્ષેત્રે કામ કરતુ ભારતનું એક ખ્યાતનામ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ છે. અનુસ્નાતક વિદ્યાર્થીઓને જિયોમેગ્નેટિઝમ ક્ષેત્રે સંશોધન માટે





તૈયાર કરવા તેમજ પ્રોત્સાહિત કરવાના હેતુથી આઈઆઈજી દ્વારા દર વર્ષે IMPRESS પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે. ઈમ્પ્રેસ્સ પ્રોગ્રામનો મુખ્ય ધ્યેય એ છે કે વિદ્યાર્થીઓ સંશોધનને કારકિર્દી તરીકે પસંદ કરે અને આ ક્ષેત્રે આગળ વધી દેશ માટે પોતાનું યોગદાન આપે. વિદ્યાર્થીઓને સંશોધન અને શોધના આનંદથી માહિતગાર કરાવનાર આ એક શ્રેષ્ટ પ્રોગ્રામ છે. IMPRESS પ્રોગ્રામમાં સંશોધન માટે વ્યાખ્યાનો, સેમિનાર્સ અને લેબોરેટરી સેશનસનું આયોજન કરવામાં આવે છે. આ IMPRESS પ્રોગ્રામમાં ભારતભરમાંથી માત્ર ૫૦ વિદ્યાર્થીઓનું ચયન થતું હોય છે.

આ વર્ષે IMPRESS ૨૦૨૪ પ્રોગ્રામ આઈઆઈજી મુંબઈમાં તા. ૧૨-૧૪ ફેબ્રુઆરીના (અનુ. આઠમા પાને)

# સમસ્ત વાછાણી પરિવારના સ્નેહમિલનમાં યોજાયો ‘ઠાકોરજી પધાર્યા મારે ઘેર’ સાંસ્કૃતિક કાર્યક્રમ

### ઉમિયાધામના જયેશભાઈ પટેલ, કુંડારિયા ફાઉન્ડેશનના ડો.ભાણજીભાઈ કુંડારીયાની પ્રેરક ઉપસ્થિતિ

**અબતક, રાજકોટ**

રાજકોટના વસતા સમસ્ત ઉમાવંશી કડવા પાટીદાર વાછાણી પરિવારનું સ્નેહમિલન યો:યુ હતું. આ સ્નેહમિલન પ્રસંગે રાજકોટમાં રહેતા આશરે ૭૯૯ કુટુંબોના ૨૯૯૯ જેટલા પરિવારજનનો એ હાજરી આપી હતી.



રાજકોટમાં યોજાયેલ વાછાણી



પરિવારના સ્નેહમિલન પ્રસંગે કડવા પાટીદાર સમાજની વિવિધ સંસ્થાઓના હોદેદારો ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે અમેરિકા સ્થિત કુંડારીયા ફાઉન્ડેશનના કેન્સરના નિષ્ણાંત ડો. ભાણજીભાઈ કુંડારીયા ઉપસ્થિત રહી પરિવારના યુવાનોને વ્યસન મૂકિત અને મહિલાઓને થતા કેન્સર વિશે જાગૃત કર્યા હતા. અનેક યુવાનોએ કાર્યક્રમ સ્થળે પર જ વ્યસન મૂકિતનું શપથ લીધા હતા. આ સ્નેહમિલન પ્રસંગે ઉમિયાધામ સિદસરના મેનેજીંગ ટ્રસ્ટી જયેશભાઈ પટેલ એ પ્રાસંગીક ઉદબોધન કર્યુ હતુ. આ સ્નેહમિલન પ્રસંગે ઉમાવંશી વાછાણી પરિવારના પ્રમુખ કે.બી.વાછાણી એ પ્રાસંગીક ઉદબોધનમાં સ્વાગત પ્રવચન કરતા જરૂરીયાતમંદ પરિવારજનો (અનુ. આઠમા પાને)

# સાળંગપુર અક્ષર પુરૂષોતમ દર્શનમાં વિશ્વના તજજ્ઞોનું બૌધ્ધીક મનોમંથન

### સંસ્કૃત, હિન્દી, ગુજરાતી તથા અંગ્રેજી ચાર ભાષામાં ૪૬ શોધપત્રની પ્રસ્તુતિ અક્ષરપુરૂષોત્તમ દર્શનની વૈદિકતા, ઈતિહાસ તથા પ્રવર્તનને સમજાવનો પ્રયાસ







**અબતક, રાજકોટ**

સારંગપુર સ્થિત બીએપીએસ સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયના દશાબ્દી મહોત્સવ નિમિત્તે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ તથા બીએપીએસ સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયના સંયુક્ત પ્રયાસથી તારીખ ૧૭ જાન્યુઆરીથી આરંભયેલ પંચદિવસીય આંતરરાષ્ટ્રીય વિદ્વત્સંગોષ્ઠીનું સમાપન તારીખ ૨૧ જાન્યુઆરીના રોજ થયું.

આ પરિસંવાદનો મધ્યવર્તી વિષય ‘અક્ષરપુરુષોત્તમ દર્શન - ઈતિહાસ, તત્ત્વજ્ઞાન અને પ્રવર્તન’ હતો. જેમાં તારીખ ૨૦ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં ૧૫ સત્રો યોજાયા હતાં, જેમાં ભારત તથા અમેરિકા, કેનેડા લંડનના વિવધ સંશોધકોએ કુલ ૪૫ જેટલા શોધપત્રો સંસ્કૃત, હિન્દી, ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં રજૂ થયા. જેમાં અક્ષરપુરુષોત્તમ દર્શનના ઈતિહાસ, તત્ત્વજ્ઞાન અને પ્રવર્તન વિષય અંતર્ગત અક્ષરપુરુષોત્તમ દર્શનના પ્રવર્તનમાં વિવિધ સંતો-ભક્તોનું યોગદાન તથા તેઓના જીવનમાં આ દર્શનની જીવંતતા તથા દર્શનની ભક્તિ તથ વિધિઓમાં તત્ત્વજ્ઞાન તથા આ દર્શનના પ્રવર્તન વગેરે વિષયો પર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. આ પરિસંવાદમાં શોધાર્થી ઉપરાંત અતિથિ તરીકે વિવિધ વિદ્વાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળથી કુલપતિ સુકાંતકુમાર સેનાપતિ સહિત ૫ વિદ્વાનો, (અનુ. આઠમા પાને)

# પંચકલ્યાણક પ્રતિષ્ઠા પ્રક્રિયાનો મર્મ સમજાય તો જ જીવનનું કલ્યાણ થાય: અમિત શાહ

### સોનગઢ ખાતે દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ખાતે યોજાયેલા શ્રી આદિનાથ દિગંબર પંચ કલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો.મનસુખભાઈ માંડવિયા સહિતના મહાનુભાવો રહ્યા ઉપસ્થિત







**અબતક, રાજકોટ**

ભાવનગર જિલ્લાના દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર સોનગઢ, ખાતે યોજાયેલ શ્રી આદિનાથ દિગંબર પંચ કલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવમાં કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિતભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

અમિતભાઈ શાહે આ પાવન પ્રસંગે જણાવ્યું હતું કે જ ગુજરાતના પનોતા પુત્ર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૫૫૦ વર્ષોથી જેની રાહ જોવાતી હતી એવા ભગવાન શ્રીરામની પ્રાણ પ્રતિષ્ઠાનું પાવન કાર્ય અયોધ્યા ખાતે પૂર્ણ કર્યુ છે. તેઓએ આદિનાથ દિગંબર પંચ કલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થિતિ માટે આનંદ વ્યક્ત કરતા કહ્યું હતું કે સોનગઢના આ પવિત્ર ધામમાં કાનજી સ્વામીએ જૈન તેમજ જૈનેતરને કલ્યાણનો રસ્તો બતાવ્યો છે. તેઓએ તેમના જીવનમાં પણ શ્રીમદ રાજચંદ્ર અને કાનજી સ્વામીના સિદ્ધાંતોનો અમૂલ્ય ફાળો હોવાનું જણાવ્યું હતું.

શાહે વધુમાં કહ્યું હતું કે યુવાનોને જીવનમાં અનેક વસ્તુઓ પ્રાપ્ત કરવાનો મોકો મળે છે પણ મોક્ષનો રસ્તો ન મળી શકે તો જીવનના અંત સમયે બધું જ અપૂરતું લાગતું હોય છે. તેઓએ કહ્યું કે બધાને મોક્ષ ન મળી શકે પણ મોક્ષ મેળવવાના રસ્તાની જાણકારી અને તેના પર ચાલવાથી અનેક જીવોનું કલ્યાણ જરૂરથી થાય છે. અહીંયા સોનગઢ ખાતે સુવર્ણ પૂરીમાં બધી જ રચનાઓમાં જૈન શાસનના સિદ્ધાંતોને કાળજીપૂર્વક સાચવીને જે વિકાસ કરવામાં આવ્યો છે તે સાચા અર્થમાં કાનજી સ્વામીને શ્રદ્ધાંજલિ ગણાય તેવું શાહે ઉમેર્યુ હતું. અનેક વર્ષો સુધી અનેક જીવોના કલ્યાણનો માર્ગ આ ધામથી પ્રશસ્ત થશે. શાહે આ સ્થળના ઈતિહાસ અંગે ઉલ્લેખ કરતા કહ્યું હતું કે આ વિસ્તારમાં રાજા ભીમદેવના (અનુ. આઠમા પાને)

# આજી જીઆઈડીસીમાં ચડ્ડી-બનીયાનધારી ગેંગ ત્રાટકીઃ કામાણી ફાઉન્ડ્રીમાંથી દસ લાખ રોકડની ચોરી

## મોડી રાત્રે ત્રણ કારખાનાને નિશાન બનાવી અને એકમાંથી હાથ ફેરો કર્યો ,સીસીટીવી ફૂટેજમાં ચાર શખ્સો કેદ

## પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ એસીપી બી.વી.જાદવ અને થોરાળા પોલીસ મથકનો કાફલો ઘટના સ્થળે દોડી જઈ તસ્કરોનું પગેરૂ દબાવ્યું






તસ્વીરઃ- કરન વાડોલીયા

અબ તક,રાજકોટ

શહેરમાં કથ્થડેલો કાયદો અને વ્યવસ્થાથી ચોરી લૂંટ હત્યા અને મારા મારી જેવા બનાવો માં શેર બજારના સેન્સેકસના ગ્રાફની જેમ ઊંચકાઈ રહ્યો છે.જેમાં આજીડેમ જીઆઈડીસી વિસ્તારમાં મોડી રાત્રે ત્રાટકી ચડ્ડી બનીયાનધારી ગેંગ ત્રાટકી ત્રણ કારખાનાને નિશાન બનાવ્યા હતા જેમાં કામાણી ફાઉન્ડ્રી નામની ફેકટરી ઓફિસમાં તાળા તોડી રૂ.૧૦ લાખની રોકડની ચોરી કરી ગયાની ઘટના પ્રકાશના આવી છે. આ બનાવ જાણ થોરાળા પોલીસ મથક અને કંટ્રોલ થતાં પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ સહિતના ઉચ્ચ અધિકારીઓ દોડી ગયા હતા સીસીટીવી ફૂટેજમાં ચાર શખ્સો દેખાતા પગેરું દબાવ્યું છે.

પોલીસ માંથી વધુ વિગત મુજબ શહેરમાં રહેતા અને આજે જીઆઈડીસી વિસ્તારમાં આવેલા કામાની ફાઉન્ડરી નામના કારખાનામાં તસ્કરો ત્રાટકી રૂપિયા દસ લાખ ને ચોરી થયાની થોરાળા પોલીસ મથકને જાણ કરી હતી.હા બનાવની જાન પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, એસીપી બી.વી.જાદવ,ક્રાઈમ બ્રાન્ચ , એસ.ઓ.જી. અને થોરાળા પોલીસ મથકનો કાફલો ડોગ સ્કોડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતો સાથે દોડી ગયા હતા.પોલીસ દ્વારા આજી જીઆઈડીસી વિસ્તારના સીસીટીવી કેમેરા ચેક કરતા મોડી રાતે ત્રણ કલાકે ત્રાટકી હતી અને ત્રણ કારખાનાને નિશાન બનાવ્યાં હતાજેમાં કામાણી ફાઉન્ડ્રી કારખાનામાં પ્લાસ્ટિક ટ્રેડિંગનું લે વેચ કરે છે.તેના વેપારના આશરે રૂપિયા દસ લાખ રોકડ હોવાનો જણાવ્યું હતું. ચોરીની ઘટનાને પગલે પોલીસ કમિશનર અધિકારીઓ દોડી જઈ નિરીક્ષણ કરી તસ્કરોની એમ.ઓ અને સીસીટીવી પરથી ચડ્ડી બનયાનધારી ગેંગ હોવાનું ખૂલતા ટીમો બનાવી તસ્કરોનું દબાવ્યું તેમજ એક સપ્તાહ પૂર્વે સામાકાંઠે ઈમિટેશન માર્કેટમાં ચાર દુકાનના તાળા તોડી રૂ.૯.૫૦ લાખની ચોરીનો ભેદ નથી ઉકેલાયો નથી ત્યારે વધુ એક સ્થળે તસ્કરોએ ખાતર પાડતા પોલીસની ઉંઘ ઉડી ગઈ છે.

### એક સપ્તાહ પૂર્વે ચડ્ડી-બનિયાન ગેંગે કરેલી ચોરીનો હજુ ભેદ ઉકેલાયો નથી ત્યાં આજી જીઆઈડીસીમાં બીજી ઘટના

રાજકોટના સંતકબીર રોડ ઉપર આવેલ ડેનિશા સેલ્સ, મિતલ ઈમિટેશન અને ગણપતિ ઈમિટેશન નામની ત્રણ પેઢીમાં આશરે એક સપ્તાહ પૂર્વે ચોરી થઈ હતી. બનાવને સંદર્ભે ડીસીપી ઝોન ૧ સજ્જનસિહ પરમાર, એસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી ગયા હતા સ્થળ વિઝિટ કરતાં એવું જાણવા મળ્યું હતું કે બાજુમાં નવી બિલ્ડિંગ બની રહી છે સંભવતઃ ત્યાંથી પ્રવેશ કરી અજાણ્યા તસ્કરોએ બારીના સળિયા તોડી ચોરી કરી હોવાનું જાણવા મળ્યું છે વિપુલભાઈ મૂળજીભાઈ તળપદાની ડેનિશા સેલ્સ નામની ઓફિસમાંથી તસ્કરો ૭ લાખ, મિતલ ઈમિટેશનમાથી દોઢ લાખ અને ગણપતિ ઈમિટેશનમાથી એક લાખની ચોરી કરી ગયાનું જાણવા મળ્યું છે. પોલીસે સીસીટીવી ચેક કરતાં ત્રણ શકમંદો કેમેરામાં કેદ થઈ ગયા હતા પરંતુ હજુ સુધી આ ગુનાનો ભેદ ઉકેલાયો નથી ત્યાં વધુ એક બનાવ આજી જીઆઈડીસીમાં સામે આવ્યો છે.

### સીસીટીવી, હ્યુમન રિસોર્સના આધારે તસ્કરોને ઝડપી લેવા ચક્રો ગતિમાન

શહેરના આજી જીઆઈડીસી સ્થિત કમાણી ફાઉન્ડ્રી નામના કારખાનામાં મોડી રાત્રે ચાર જેટલાં ચડ્ડી બનિયાનધારી ગેંગના સભ્યો બારી તોડીને પ્રવેશ્યા હતા અને આશરે રૂ. ૧૦ લાખની રોકડની ચોરી કરી નાસી છૂટ્યા હતા. ત્યારે આ તમામ ઘટના સીસીટીવીમાં કેદ થઇ ગઈ છે. હવે થોરાળા પોલીસે વિવિધ ટીમો બનાવી સીસીટીવી અને હ્યુમન રિસોર્સના આધારે તસ્કરોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# દેશળ દેવ ચેરી. ટ્રસ્ટ દ્વારા રવિવારે જીવનસાથી પરિચય મેળો

## કાર્યક્રમ અંગે વિગત આપવા આયોજકોએ લીધી ‘અબતક’ની મુલાકાતઃ સૌરાષ્ટ્ર-કચ્છમાંથી ૨૫૦ ઉમેદવારો રહેશે હાજર

અબતક, રાજકોટ

શ્રી દેશળદેવ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ સંચાલીત ખવાસ રાજપુત સમાજ દ્વારા સૌ પ્રથમવાર સૌરાષ્ટ્ર-કચ્છ ઉપરાંત સમગ્ર ગુજરાતમાં વસતા જ્ઞાતિબંધુઓના લગ્ન લાયક દિકરા-દિકરીઓ માટે રાજકોટ ખાતે પ્રથમ પરિચય ઉત્સવનું રવિવારે જયુબેલી ગાર્ડનમાં આવેલ અરવિંદભાઈ મણીયાર હોલમાં બપોરે ૩ કલાકે આયોજન કરવામાં આવેલ છે. દિકરીઓ માટે રજીસ્ટ્રેશન નિઃશુલ્ક અને દિકરાઓ માટે નોમીનલ ફી ૧૦૦ રાખવામાં આવેલ હતી. રાજકોટ, જામનગર, પોરબંદર, સુ.નગર, ભાવનગર, ગીરસોમનાથ, જુનાગઢ, કચ્છ, દેવભૂમિ દ્વારકા, મોરબી સહિત આ



તસ્વીરઃ- કરન વાડોલીયા

તમામ જીલ્લાઓમાંથી કુંવારા, શિક્ષિત વિધવા વિધુર ત્યકતા, છુટાછેડા, ખોડ ખાપણ વાળા અંદાજીત ૨૫૦ થી વધુ ઉમેદવારો આ પરિચય મેળામાં ભાગ લેશે.

કાર્યક્રમ અંગે વિગત આપવા દેશળદેવ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ સંચાલીત ખવાસ રજપુત સમાજના મેનેજીંગ ડિરેકટર કાનાભાઈ ચૌહાણ, અરવિંદભાઈ વાઘેલા, નરેન્દ્રભાઈ ચૌહાણ, (આસ્થા એજયુકેશન) અશ્વિનભાઈ ચૌહાણ, શૈલેશભાઈ ચૌહાણ, પ્રિયંકભાઈ ચૌહાણ, સુનીલભાઈ પરમાર, રતનભાઈ રાઠોડ, દેવાંગભાઈ મકવાણા પરાગભાઈ સોલંકીએ ‘અબતક’ ની મુલાકાત લીધી હતી.

### રાષ્ટ્ર ગૌરવ યાત્રા સમિતિ દ્વારા

# પ્રજાસત્તાક દિને યોજાશે રાષ્ટ્ર ગૌરવ યાત્રા

## યાત્રામાં ૨૫૧ ફૂટ લાંબો રાષ્ટ્રધ્વજ આકર્ષણનું કેન્દ્ર બનશેઃ ગૌરવ યાત્રાની વિગત આપવા આયોજકોએ લીધી અબતકની મુલાકાત

અબતક,રાજકોટ

ગણતંત્ર દિવસે સમગ્ર ભારતમાં ભૂલકાઓથી લઈને યુવાનો અને વૃધ્ધો, ભારતના આ રાષ્ટ્રપર્વની ભારતના દરેક લોકો ખુબજ ઉત્સાહ પૂર્વક ઉજવણી કરતા હોય છે. આવી જ એક ઉજવણીના ભાગરૂપે ગુજરાતની સવથી ભવ્ય રાજકોટમાં સામાજિક સમરસતા મજબુત બનાવવા, દેશમાં પ્રસરેલી ભાગલાવાદી ભાવનાને દુર કરવા અને હમ સબ એક હૈ નો નારો સિદ્ધ કરવા માટે રાષ્ટ્ર ગૌરવ યાત્રા સમિતિ દ્વારા રાજકોટ ખાતે એક ભવ્ય ‘‘રાષ્ટ્ર ગૌરવ યાત્રા‘‘નું આયોજન કરવામાં આવેલ છે.



તસ્વીરઃ- કરન વાડોલીયા

૨૬મીના સવારે ૯:૦૦ વાગ્યાથી બાલભવનના મુખ્ય ગેટ પાસે થી યાત્રાનું પ્રસ્થાન થશે. જે વિવિધ વિસ્તારોમાં ફરી રામનાથપરા ખાતે સમાપન થશે. આ યાત્રાનું મુખ્ય આકર્ષણ ભારતમાતાનો મુખ્ય ફ્લોટ, શહીદ કુટીર તથા ૨૫૧ ફુટ લંબાઈ ધરાવતો રાષ્ટ્રધ્વજ રહેશે જેને ચાલીને સમગ્ર રૂટમાં લઈ જવામાં આવશે. આ યાત્રામાં ભારત માતા તેમજ અલગ અલગ સ્વતંત્રતા સેનાનીઓના જીવંત પાત્રો પણ રહેશે. યાત્રાની પૂર્ણાહુતી આદ સમૂહ ધ્વજ વંદન, સમૂહ રાષ્ટ્ર ગાન, શહીદોને સમૂહ શ્રદ્ધાંજલી તેમજ ભારત માતા પૂજનનો કાર્યક્રમ રહેશે.

હેવ વિથ હેપી નેસ ગ્રુપ દ્વારા યાત્રાનું સ્વાગત કરવામાં આવશે, માલધારી સમાજ દ્વારા રાજેશ્રી ટોકીઝ પાસે યાત્રાનું સ્વાગત કરવામાં આવશે, શ્રી બડા બજરગ ફાઉન્ડેશન, જય અંબે ગરુડ ગરબી મંડળ, રામનાથપરા વેપારી એસોસિએશન દ્વારા ગરૂડ ગરબી ચોક ખાતે સમગ્ર પૂર્ણાહુતીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.પુર્ણાહુતી સ્થાન પર આર્મીના અફસર દ્વારા પ્રથમ ભારતના રાષ્ટ્રધ્વજને ફરકાવવામાં આવશે અને સમૂહમા ધ્વજવંદન કરવામાં આવશે. સમૂહમાં હજારો લોકો દ્વારા રાષ્ટ્ર ગીત ગાવામાં આવશે, સ્ટેજ પર સમૂહમા લોકો દ્વારા ભારત માટે શહીદ થયેલ જુવાનોનો પુષ્પાંજલિ પાઠવવામાં આવશે, ભારત માતાનું કુમ કુમ, ફૂલ દ્વારા પૂજન કરવામાં આવશે.

યાત્રાનો રૂટ યાત્રાનું પ્રસ્થાન સવારે ૯:૩૦ વાગ્યે બાલભવન મુખ્ય ગેટ થી શરૂ થઈ, જીલ્લા પંચાયત ચોક, ફૂલછાબ ચોક, મોટી ટાંકી ચોક, લીમડા ચોક,ત્રિકોણ બાગ, સાંગણવા ચોક, રાજેશ્રી સિનેમા, સ્વામીનારાયણ મંદિર ભુપેન્દ્ર રોડ, સોનીબજાર ચોક, ગરુડ ગરબી ચોક રામનાથપરા-સમાપન બપોરે ૧૨ વાગ્યે થશે. જયાં રાષ્ટ્રધ્વજનું પૂજન કરી, શહીદોને શ્રધ્ધાંજલી અર્પી, રાષ્ટ્ર ગાન રજૂ કરવામાં આવશે. કાર્યક્રમ અંગે વિગત આપવા ભાવિન સોની, ધ્રુવ કુંડેલ, જીતેશ રાઠોડ, કાનાભાઈ કુબાવત, જાગૃતીબેન ખીમાણી, ભાવનાબેન કલોલા, નમ્રતાબેન વાઘેલાએ અબતકની મુલાકાત લીધી હતી.

# શહેરી વિકાસ અને કૌશલ્ય કેન્દ્ર દ્વારા પૂર્વ એન્જિનિયરોનું કરાયું બહુમાન

અબતક,રાજકોટ

રાજકોટ શહેરના પૂર્વ ડેપ્યુટી કમિશ્નર - ડેવલપમેન્ટ અને પૂર્વ સીટી એન્જીનીઅર સ્વ. શરદ આશરની સ્મૃતિમાં છેલ્લા ચાર વર્ષથી રાજકોટ શહેરી વિકાસ અંગે તાંત્રીક જ્ઞાન, કૌશલ્યતા અને શહેરી વિકાસ માટે, શહેરની એન્જીનીઅરીંગ કોલેજના વિદ્યાર્થીઓને વિસ્તૃત જાણકારી આપવામાં આવે છે.

જે અંગે યાજાયેલ કાર્યક્રમની શરૂઆતમાં આત્મીય યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. ડો. શિવ કે. ત્રિપાઠીએ શહેરી વિકાસની સ્થિરતા ઉપર પ્રવચન આપેલ.

આ પ્રોગ્રામ સીરીઝમાં રાજકોટ શહેરના વિકાસ માટે જેમણે અમૂલ્ય યોગદાન આપેલ છે, તેવા પૂર્વ એન્જીનીઅરો અને આર્કિટેક્ટ્સનું બહુમાન કરવામાં આવે છે, જેમાં અગાઉ રાજકોટ શહેરના રચીયતા ગણાતા અને જેમણે આજી ડેમની ડિઝાઈન તૈયાર કરેલ તે સ્વ.ત્રંબકભાઈ સંઘવી, સ્વ.ઈન્દુભાઈ પારેખ, સ્વ. મુળવંતભાઈ દોમડીયા, સ્વ.ચંદ્રશંકર રાજ્યગુરુ, સ્વ. કે. જી. દવે, સી. સી. પટેલ, બી. જે. વસાવડા તથા પ્રો. નિલકંઠ છાયાનું બહુમાન કરવામાં આવેલ. જયારે આ વર્ષના પ્રોગ્રામમાં એન્જીનીયરો પ્રો.ડો.વાય.કે. અલઘ તથા પી.કે.ટાંકનું બહુમાન કરવામાં આવ્યુંહતુ.

આ સમારોહમાં રામકૃષ્ણ આશ્રમના અધ્યક્ષ સ્વામી નિખીલેશ્વરાનંદજીએ ખાસ ઉપસ્થિત રહી આર્શીવચન આપેલ હતા.

સમારોહના અંતમાં, પ્રોગ્રામ સીરીઝના અધ્યક્ષ, નિવૃત મુખ્ય ઈજનેર પાણી પુરવઠા નિગમ એસ.વી.આહુજાએ સંકલન કરી આભારવિધિ કરેલ હતી.

# આંબેડકર નગરમાં બીમારીથી કંટાળી આધેડનો આપઘાત

## મવડીમાં યુવકે ગળાફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યુંઃ રોહીદાસપરાના યુવાને આત્મહત્યા કરી

અબતક,રાજકોટ

શહેરમાં નાની નાની બાબતમાં લોકો મોતને મીઠું કરી લેતા હોય છે ત્યારે શહેરમાં વધુ ત્રણ બનાવોમાં આપઘાત કરી જીવનનો અંત આણ્યો છે ત્યારે આંબેડકર નગર વિસ્તારમાં આધેડે બીમારીથી કંટાળી એસીડ પી આપઘાત કરી લીધો છે.જ્યારે મવડીમાં રહેતા યુવકે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ અને રોહીદાસપરામાં નશાની હાલતમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધાના બનાવ પોલીસ ચોપડે નોંધાયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર શહેરના,આંબેડકર નગરમાં રહેતા અને મજૂરી કામ કરી ગુજરાન ચલાવતા મૂળજી ભાઈ રૂડાભાઈ વાઢેર નામના ૫૫ વર્ષીય પ્રૌઢે એસિડ પી જીવન ટુંકાવી લેતાં પરિવારમાં ગમગીની છવાઈ છે.બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસે મૃતદેહનો કબજો લઈ પ્રાથમિક તપાસ હાથ ધરી છે જેમાં મૃતક ઘણાં સમયથી શ્વાસની બીમારીથી પીડાતા હતા જેના કારણે પ્રૌઢ મુળજીભાઈએ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે.

### સફાઈ કામદાર જાગૃતિ મંડળ દ્વારા પ્રજાસત્તાક પર્વની કરાશે ઉજવણી

અબતક,રાજકોટ

સફાઈ કામદાર જાગૃતિ મંડળ દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી ૨૬મી જાન્યુ. પ્રજાસતાક પર્વની ઉજવણી કરવામાં આવે છે. આ ૨૬માં વર્ષમાં મંગલ પ્રવેશ સાથે ૭૫માં વર્ષમા પ્રજાસતાક બંધારણ પર્વ શુક્રવારે સવારે ૧૧.૩૦ કલાકે રાષ્ટ્રગીત અને ધ્વજવંદન સાથે સફાઈ કામદાર જાગૃતિ મંડળ ઓફીસ નં.૨ ડો. આંબેડકર ભવન સીવીક સેન્ટર પાસે ઢેબર રોડ ખાતે ઉજવામાં આવશે. જેમાં વાલ્મીકી સમાજના આગેવાનો, મંડળો ટ્રસ્ટો તેમજ સફાઈ કામદાર ભાઈઓબહેનોને પધારવા અનુરોધ કરાયો છે.

# ઘર કામ બાબતે માતાએ ઠપકો આપતા પુત્રીએ ઝેરી ટીકડા ખાધા

## આનંદનગરમાં બીમારીથી કંટાળી વૃદ્ધે વખ ઘોળ્યું

અબતક,રાજકોટ

શહેરમા મવડી વિસ્તારમાં માતાએ ઘરકામ બાબતે ઠપકો આપતાં પુત્રએ ઝેરી ટીકડા ખાઈ અને આનંદનગરમાં બિમારીથી કંટાળી ઝેરી દવા પી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરતા બંનેને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

બનાવની પ્રાપ્ત માહિતી પ્રમાણે, મવડી વિસ્તારમાં રહેતા લક્ષ્મણભાઈ સગાથીયની વીસ વર્ષીય યુવતીએ આપઘાત કરવાનો પ્રયાસ કરતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી છે યુવતીને માતાએ ઘરકામ બાબતે ઠપકો દેતા આ પગલું ભર્યાનું પરિવારજનોએ જણાવ્યું છે.

બીજા બનાવમાં શહેરના આનંદ નગર આજીડેમ ચોકડી નજીક રહેતા કનુભાઈ ભાણાભાઈ ડાભી નામના ૬૦ વર્ષીય વૃદ્ધે બીમારીથી કંટાળી આપઘાતનો પ્રયાસ કરતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

# સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો.ને બીસીસીઆઇ દ્વારા બેસ્ટ પર્ફોર્મન્સ એવોર્ડ એનાયત

## સૌરાષ્ટ્રની ટીમ રણજી ટ્રોફી, વિજય હઝારે ટ્રોફી અને અન્ડર-૨૫ સ્ટેટ ટ્રોફીમાં બની હતી ચેમ્પિયન

અબતક રાજકોટ

સૌરાષ્ટ્ર જ નહીં ગુજરાતને રાષ્ટ્રીય કક્ષાની ક્રિકેટમાં આપના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનને તાજેતરમાં હૈદરાબાદમાં યોજાયેલા વાર્ષિક સમારોહમાં બેસ્ટ પર્ફોર્મન્સ એનાયત કરવામાં આવ્યો હતો.

હૈદરાબાદ ખાતે યોજાયેલા બીસીસીઆઈના વાર્ષિક એવોર્ડ તેરી મની માં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના આ સન્માન અંગે જયભાઈ શાહે કુતજ્ઞતા ભાવે ગૌરવની લાગણી અનુભવી હતી. ઘરેલુ ક્રિકેટમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનને એવોર્ડ આપવામાં આવ્યો હતો

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના ભારતીય ક્રિકેટમાં આજીવન યોગદાનનો પુરાવો છે, જે અસાધારણ રીતે નેતૃત્વ, સમર્પણ અને મેદાનની બહાર અને બહારના પ્રભાવશાળી પ્રયાસો દ્વારા પ્રદર્શિત થાય છે. જયદેવ ભાઈ શાહ, પ્રમુખ હિમાંશુ શાહ, માનદ સચિવની હાજરીમાં દિલીપ વેંગસરકર પાસેથી પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવ્યો હતો ત્યારે વાતાવરણ ભાવવિભોર બની ગયું હતું.

૨૦૨૨-૨૩ની સિઝન સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન માટે સંપૂર્ણપણે વિજયી, આનંદી અને ઉત્કૃષ્ટ સિઝન રહી છે. ડોમેસ્ટિક ક્રિકેટ, રણજી





ટ્રોફી, વિજય હજારે ટ્રોફી અને અંડર ૨૫ સ્ટેટએ ટ્રોફીમાં ત્રણ મોટી અને પ્રતિષ્ઠિત ટ્રોફી જીતવી એ સિદ્ધિની ક્ષણો છે. અને એ પણ, સૌરાષ્ટ્રની ટીમોએ સિઝન દરમિયાન અને અન્ય તમામ વિવિધ સ્થાનિક ટુર્નામેન્ટમાં નોંધપાત્ર રીતે સારું પ્રદર્શન કર્યું હતું. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન તમામ ખેલાડીઓ, ટીમ સપોર્ટ, પસંદગી સમિતિઓ, ગ્રાઉન્ડ સ્ટાફ અને એસોસિએશનની એડમિન ટીમના મૂલ્યવાન યોગદાનને હૃદયપૂર્વક સ્વીકારે છે સૌરાષ્ટ્રના નોંધપાત્ર ખેલાડી જયદેવ ઉનડકટને રણજી ટ્રોફી સિઝન ૨૦૧૯-૨૦માં સૌથી વધુ વિકેટ લેવા બદલ માધવરાવ સિંધિયા એવોર્ડ આપવામાં આવ્યો હતો.જયદેવે ૨૦૧૯-૨૦ રણજી ટ્રોફીમાં ૬૭ વિકેટો ઝડપી હતી. આ જ સિઝનમાં સૌરાષ્ટ્ર રણજી ટ્રોફી ચેમ્પિયન બન્યું હતું.ઉપરાંત, સૌરાષ્ટ્રના આવનારા ખેલાડી માનવ ચોથાણીને કૂચ બિહાર ટ્રોફી અંડર૧૯ ટુર્નામેન્ટ સિઝન ૨૦૨૨-૨૩માં સૌથી વધુ વિકેટ લેનાર ખેલાડી તરીકે ખઅઈવશમીળબફફિળ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેણે ટૂર્નામેન્ટમાં ૪૦ વિકેટ લીધી હતી.

‘‘. એસોસિયેશન માટે ૨૦૨૨-૨૩ની સિઝન અસાધારણ રહી છે, જેમાં ત્રણ પ્રતિષ્ઠિત ટ્રોફી જીતી છે અને પ્રદર્શન પણ કર્યું છે. લગભગ તમામ ડોમેસ્ટિક ટુર્નામેન્ટમાં સારી રીતે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન જે વિકાસમાંથી પસાર થયું છે તે ઘણા દાયકાઓથી મેં જોયું છે.

સમૃદ્ધ અને રસપ્રદ પ્રવાસ સાથે, પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ જીતવી તે ખૂબ જ સંતોષકારક છે. આજે બીસીસીઆઈના પ્રતિષ્ઠિત નમન વાર્ષિક પુરસ્કારો મેળવવો ખૂબ જ સંતોષકારક છે. આ અમૂલ્ય ક્ષણોની કદર કરો. જયદેવ શાહ એ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી, તેમણે જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન ક્રિકેટની રમત માટે પ્રતિબદ્ધ અને સમર્પિત. હું જયદેવ ઉનડકટને ૨૦૧૯-૨૦ની રણજી ટ્રોફીમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર તરીકે પુરસ્કૃત થવા બદલ અને સિઝન ૨૦૧૯-૨૦ અને ૨૦૨૨-૨૩ તેમજ વિજામાં પ્રતિષ્ઠિત રણજી ટ્રોફી જીતવામાં તેમના મૂલ્યવાન યોગદાન બદલ પણ હૃદયપૂર્વક અભિનંદન આપું છું.

# રેકોર્ડ બ્રેક લીડ માટે મહેનત કરો: ભાજપના નેતાઓને એક લીટીનું 'હોમવર્ક'

## લોકસભાની તમામ ૨૬ બેઠકો માટે મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયો શરૂ કર્યો બાદ પ્રભારી, કલસ્ટર ઈન્ચાર્જ, સાંસદ અને ધારાસભ્યો સાથે બેઠક

### ઉમેદવાર કોઈપણ હોય તમારે 'કમળ'ને જ જોવાનું છે: રાજયકેન્દ્ર સરકારના કામો લોકો સુધી પહોંચાડવા પણ તાકીદ

**અબતક,રાજકોટ**

લોકસભાની ચૂંટણી જાહેર થવાના આડે હવે બે માસથી પણ ઓછો સમય બાકી રહ્યો છે. ત્યારે સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા સતત ત્રીજી વખત ગુજરાતની લોકસભાની તમામ બેઠકો જીતવા માટેની તૈયારીઓ આરંભી દેવામા આવી છે. ચૂંટણીની તારીખ કે ઉમેદવારના નામ હજી જાહેર નથી થયા ત્યાં ભાજપ દ્વારા ગઈકાલે તમામ ૨૬ બેઠકોપર ચૂંટણી મધ્યસ્થ કાર્યાલય શરૂ કરી દેવામાં આવ્યા છે. દરમિયાન આજે બપોરે કમલમ ખાતે એક મહત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં લોકસભા બેઠકના કલસ્ટર ઈન્ચાર્જ, પ્રભારી, સંયોજક, ધારાસભ્યો, સાંસદ, શહેર અને મહાનગરોનાં પ્રમુખની એક બેઠક મળી હતી. જેમાં તમામને માત્ર એક લીટીનો આદેશ આપવામાં આવ્યો હતો. રેકોર્ડ બ્રેક લીડ માટે કામે લાગી જવા માટે તાકીદ કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૨માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મળેલી રેકોર્ડ બ્રેક જીત બાદ તુરંત જ ભાજપ દ્વારા લોકસભાની ચૂંટણીની તૈયારીઓ આરંભી દેવામાં આવી હતી. લોકસભાની તમામ બેઠકોત્રીજી વખત જીતવા અને પાંચ લાખ મતોનીલીડ સાથે ફતેહ કરવાનો ટારગેટ સેટ કરવામં આવ્યો હતો. ત્રણ ત્રણ ચાર-ચાર બેઠકના કલસ્ટર બનાવવામાં આવ્યા છે. જેના ઈન્ચાર્જ તરીકે પક્ષના સીનીયર નેતાઓની નિયુકતી કરવામાં આવી છે. દરમિયાન તાજેતરમાં લોકસભાની તમામ ૨૬ બેઠકો માટે પ્રભારી અને સંયોજકોની વરણી કરવામાં આવરી હતી. ગઈકાલે તમામ બેઠકો પર ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયો શરૂ કરી દેવામાં આવ્યા છે. હજી ચૂંટણીની તારીખનું પણ એલાન થયું નથી ઉમેદવારોના નામ પણ નકકી થયા નથી છતા ચૂંટણી કાર્યાલય શરૂ કરવાની હિંમત માત્ર ભાજપ જ કરી શકે છે.



અયોધ્યામાં શ્રીરામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ રંગે ચંગે સંપન્ન થયાના બીજા જ દિવસથી ભાજપ ફરી સંપૂર્ણ પણ ષ ઈલેકશન મોડમાં આવી ગયું છે. આજે બપોરે ૩ કલાકે પ્રદેશ ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીની વિશેષ ઉપસ્થિતિમાં એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં લોકસભાના કલસ્ટર ઈન્ચાર્જ, લોકસભાના પ્રભારી, લોકસભાના સંયોજકો, ભાજપના તમામ ધારાસભ્યો, તમામ સંસદ સભ્ય જિલ્લા અને મહાનગરોનાં પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા.

તમામને લોકસભાની આગામી ચૂંટણી અંગે વિસ્તારપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. લોકસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર રેકોર્ડબ્રેક લીડથી જીતે તે માટે તનતોડ મહેનત કરવા માટે એક લીટીમાં આદેશ આપવામાં આવ્યો છે. ઉમેદવાર કોઈપણ હોય તમારે કમલને ધ્યાનમાં રાખવાનું છે. તેવી કડક ચેતવણી પણ આપવામા આવી છે.પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલે ગઈકાલે જ ધારાસભ્યોને એવો ઈશારો કર્યો હતો કે વિધાનસભાની ચૂંટણીમાં તમને જેટલી લીડ મળી છે. તેનાથી વધુ લીડ તમારા વિસ્તારમાં લોકસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોને મળે તેવા

(અનુ. આઠમા પાને)

## મયંક નાયકને ગાંધીનગર લોકસભા બેઠકના પ્રભારી બનાવાયા



ભાજપ દ્વારા અગાઉ બે યાદીમાં રાજ્યની લોકસભાની ૨૬ બેઠકો પૈકી ૨૫ બેઠકો માટે પ્રભારી તથા સંયોજકના નામો જાહેર કર્યા હતા. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી- ભાજપના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહના મત વિસ્તાર એવા ગાંધીનગર લોકસભા બેઠક માટે પ્રભારી-સંયોજકની નિયૂક્તી કરવામાં આવી ન હતી. દરમિયાન ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ દ્વારા ગાંધીનગર લોકસભા બેઠકના પ્રભારી તરીકે પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે મયંકભાઈ નાયકની નિયુક્તી કરવામાં આવી છે. જ્યારે સંયોજક તરીકે સાબરમતીના ધારાસભ્ય હર્ષદભાઈ પટેલ અને સહ સંયોજક તરીકે અમદાવાદ જિલ્લા મહામંત્રી નવદિપસિંહ ડોડિયાની નિયુક્તી કરવામાં આવી છે.

---

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અદ્યક્ષતામાં મળેલી

# કેબિનેટ બેઠકમાં 'રામ મંદિર' માટે અભિનંદન આપતો ઠરાવ પસાર

### વિધાનસભાના બજેટ સત્રની તૈયારી, વડોદરાના હરણી તળાવની દુઘર્ટના અને નીતિ વિષયક મુદ્દાઓ પર કેબિનેટમાં ચર્ચા

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં દર બુધવાર રાજ્ય સરકારના મંત્રી મંડળના સભ્યોની એક બેઠક મળે છે. જેમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવે છે. આજે સવારે ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં અયોધ્યામાં ૫૦૦ વર્ષના લાંબા ઈન્તજાર બાદ બનાવવામાં આવેલા રામ મંદિર માટે કેન્દ્ર સરકાર તથા દેશવાસીઓને અભિનંદન આપતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

અયોધ્યામાં સરયુ નદીના કાંઠે ૫૦૦ વર્ષના લાંબા ઈન્તજાર બાદ ભવ્યાતિભવ્ય રામ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. ગત ૨૨મી જાન્યુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે નિજ મંદિરમાં રામલલ્લાની બાળરૂપી મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા વિધી સંપન્ન કરવામાં આવી હતી. આ ઐતિહાસિક અવસરની દેશભરમાં દિવાળીની માફક શાનદાર ઉજવણી



કરવામાં આવી હતી. રામ મંદિરના નિર્માણ અને મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા માટે કેન્દ્ર સરકાર તથા દેશવાસીઓને અભિનંદન આપતો ઠરાવ આજે મળેલી કેબિનેટની બેઠકમાં પસાર કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત આગામી ૧ ફેબ્રુઆરીથી ગુજરાત વિધાનસભાના શરુ થતાં બજેટ સત્ર અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

વડોદરામાં ગત સપ્તાહે હરણી તળાવમાં બોટ ડુબી જવાની ઘટનામાં ૧૪ બાળકો અને બે શિક્ષકોના મોત નિપજયા હતા. આ ઘટના અંગે પણ કેબિનેટમાં ચર્ચા કરવામાં આવી હતી. જયારે વિવિધ નીતિ વિષયક બાબતો અંગે પણ વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારની આગામી ફેબ્રુઆરી માસમાં કેબિનેટ બેઠક અયોધ્યામાં ભગવાન શ્રી રામના સાનિધ્યમાં મળશે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપરાંત મંત્રી મંડળના તમામ સભ્યો આગામી દિવસોમાં અયોધ્યામાં નવનિમિર્ત શ્રીરામ મંદિરના દર્શનાર્થે જશે અને ત્યાં કેબિનેટ બેઠક યોજાશે. જેમાં ગુજરાતની જનતાની સુખાકારી માટેના કેટલાક

(અનુ. આઠમા પાને)

---

# કાલે મુખ્યમંત્રીનો 'સ્વાગત' ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

### અરજદારો સવારે ૭.30 થી ૧૦ કલાક સુધી પોતાના પ્રશ્ન રજૂ કરી શકશે

**અબતક,રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ઓનલાઈન જન ફરિયાદ નિવારણનો જાન્યુઆરી મહિનાનો રાજ્ય કક્ષાનો 'સ્વાગત' કાર્યક્રમ કાલે ૨૫ જાન્યુઆરીએ બપોરે ૧૨:૩૦ કલાકે યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ કાર્યક્રમમાં સ્વર્ણિમ સંકુલ-૨, મુખ્યમંત્રીશ્રી જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહીને નાગરિકોની રજૂઆતો સાંભળશે.

આ રાજ્ય 'સ્વાગત'માં રજૂઆત માટે અરજદારો પોતાની અરજી ગુરુવારે તા. ૨૫મી જાન્યુઆરીએ સવારે ૭:૩૦ થી ૧૦ કલાક દરમિયાન મુખ્યમંત્રીનું જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આપી શકશે.



દર મહિનાના ચોથા ગુરૂવારે મુખ્યમંત્રીનો રાજયકક્ષાનો 'સ્વાગત' ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ સામાન્યતઃ બપોરે ૩:૦૦ કલાકે યોજાતો હોય છે.

આગામી ગુરૂવાર, તા. ૨૫મી જાન્યુઆરીનો 'સ્વાગત' કાર્યક્રમ નિર્ધારીત સમયથી વહેલો એટલે કે બપોરે ૧૨:૩૦ કલાકે યોજાવાનો છે તેની સૌ સંબંધકર્તાઓને નોંધ લેવા મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ દ્વારા જણાવાયું છે.

(અનુ. આઠમા પાને)

---

# નાગરિકોને દંડ નહીં ન્યાય આપવા ત્રણ નવા કાયદા અમલી બનાવ્યા: અમિત શાહ

### ટેકનોલોજીના મહત્તમ ઉપયોગથી ન્યાય પ્રણાલીને વધુ મજબૂત બનાવવામાં આવશે કેન્દ્રીય ગૃહમંત્રી

**અબતક,રાજકોટ**

ગાંધીનગર ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે 'સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન ડિજિટલ ફોરેન્સિક્સ' અને 'બિહેવિયરલ ફોરેન્સિક્સ' વિષયક ત્રિદિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું ઉદઘાટન કરવામાં આવ્યું હતુ.

આ તકે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે, વિશ્વના સૌથી મોટા લોકતાંત્રિક દેશ ભારતમાં ગુનાઓના નિયંત્રણ અને ડિટેકશન માટે ભારતની ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમને ટેકનોલોજીના માધ્યમ દ્વારા વિશ્વની સૌથી આધુનિક ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમ બનાવવાનો મક્કમ નિર્ધાર અમે કર્યો છે. જે આગામી પાંચ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૦ વર્ષમાં વિવિધ ક્ષેત્રોએ ૫૦થી વધુ પરિવર્તનકારી નિર્ણયો કર્યા છે. તેમણે કહ્યું કે, ભારતીય ક્રિમીનલ જસ્ટીસ હવે નવા યુગમાં પ્રવેશી છે. બ્રિટિશ કાળના ૧૫૦ વર્ષ જૂના આઈ.પી.સી., સી.આર.પી.સી. અને પુરાવા અધિનિયમના સ્થાને નવા કાયદા અમલી બનાવ્યા છે. જે આગામી સમયમાં ગુનેગારોને ગુનો કરતાં તો રોકશે જ, તેની સાથોસાથ સજામાં પણ વધારો કરશે. એટલુ જ નહિ, ફોરેન્સિકના માધ્યમ દ્વારા ગુનાની તપાસમાં પણ વધુ ઝડપ આવશે અને કન્વીકશન રેટમાં નોંધપાત્ર વધારો થશે.

કેન્દ્રીય મંત્રી શાહે ઉમેર્યુ કે, કેન્દ્ર સરકારે નવી શિક્ષણનીતિ અમલી બનાવી છે. જે પૂર્ણ રીતે ભારતીય શિક્ષણ વ્યવસ્થાના આધાર પર વૈશ્વિક સ્તરની બની છે. ગુનાઓના સંશોધનો-તપાસમાં ફોરેન્સિક સાયન્સનો વ્યાપ વધારવાનો અમે ઐતિહાસિક નિર્ણય કર્યો છે અને ફોરેન્સિક તપાસને ગુનાની તપાસનો એક ભાગ બનાવ્યો છે. જેના પરિણામે આગામી સમયમાં વ્યાપક રોજગારીનું નિર્માણ થશે. આગામી પાંચ વર્ષ પછી પ્રતિ વર્ષ ૯૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને ફોરેન્સિક




સાયન્સ ક્ષેત્રે રોજગારી મળતી થશે.

તેમણે ઉમેર્યુ કે, તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં ગુજરાતમાં ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી જેને વર્ષ ૨૦૨૦માં રાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો આપીને નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી બનાવી એ આજે વટવૃક્ષ બની છે. દેશમાં હાલ નવ જગ્યાએ અને એક યુગાન્ડા ખાતે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના કેન્દ્રો કાર્યરત છે અને આગામી સમયમાં ૯ રાજ્યોમાં નવા કેન્દ્રો કાર્યરત કરવામાં આવશે.

ગૃહ મંત્રીએ કહ્યું હતું કે, આઝાદીના અમૃતકાળમાં આ ક્ષેત્રે ટેકનોલોજીયુકત આધુનિક પોલીસિંગ, ટેકનોલોજીનો ઉપયોગ હાઈબ્રીડ અને મલ્ટી ડાયમેન્શનલ થ્રેટ તેમજ ક્રિમિનલ જસ્ટિસને વિશ્વની આધુનિક વ્યવસ્થા બનાવવી આમ ચાર પડકારો આપણી સામે છે. સૌને ઝડપી ન્યાય મળે તે અતિ આવશ્યક છે. તેના માટે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવો પડશે. પૂ. કનૈયાલાલ મુનશી કહેતા હતા કે, પોલીસે ગુનેગારથી બે પગલાં આગળ ચાલવું પડશે પણ અત્યારે આપણે ગુનેગારોથી બે જનરેશન આગળ રહેવું પડશે તો જ ગુના અટકાવી શકાશે. ટેકનોલોજીના ઉપયોગથી દરેક વ્યક્તિ દેશને મદદરૂપ થઈ શકે

(અનુ. આઠમા પાને)

---

## ઉ.ગુજરાતના વિવિધ ક્ષેત્રના ૧૫૦૦થી વધુ લોકોના કેસરિયા

### પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં વિધિવત રિતે ભાજપમાં જોડાયા

**અબતક, રાજકોટ**

ઉત્તર ગુજરાતના સેવાકિય, સામાજીક અને રાજકીય સહિત વિવિધ ક્ષેત્રના મહાનુભાવોએ આજે બપોરે કમલમ્ ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં કેસરિયો ખેસ ધારણ કરી લીધો હતો.

લોકસભાની આગામી ચૂંટણીમાં ગુજરાતની તમામ બેઠકો પાંચ લાખથી વધુ મતોની લીડ સાથે જીતવા માટે ભાજપ દ્વારા શરૂ કરવામાં આવેલા ભરતી મેળામાં આજે કોંગ્રેસના વધુ કેટલાક નેતાને કેસરિયા કરાવવામાં આવશે. બીજી તરફ આગામી ફેબ્રુઆરી માસના પ્રથમ સપ્તાહમાં રાજીનામુ આપનારા ત્રણ ધારાસભ્યો પણ ભાજપમાં જોડાશે.

મેઘરજ કોંગ્રેસના દિગ્ગજ નેતા જતિનભાઈ પંડ્યા, હિંમતનગર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ વિપુલભાઈ પટેલ અને કોંગ્રેસના

(અનુ. આઠમા પાને)

---

## સિદ્ધપુર માતૃગયા તીર્થમાં શ્રાદ્ધ-તર્પણ વિધિ માટે ૧ ફેબ્રુઆરીથી ઑનલાઈન બુકિંગ વ્યવસ્થા

### ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા 'ઑનલાઈન ક્યૂ મેનેજમેંટ સિસ્ટમ' પોર્ટલ તૈયાર કરાયું

**અબતક,રાજકોટ**

દેશના એકમાત્ર માતૃગયા તીર્થ તરીકે પ્રખ્યાત ગુજરાતના સિદ્ધપુર ખાતે હવે શ્રાદ્ધ તેમજ તર્પણ વિધિ માટે ઑનલાઈન બુકિંગ કરાવી શકાશે. શ્રદ્ધાળુઓ માટે ઑનલાઈન બુકિંગની આ સુવિધા આગામી ૧ ફેબ્રુઆરી, થી પ્રારંભ થશે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (જીપીવાયવીબી) દ્વારા સંચાલિત સિદ્ધપુર માતૃગયા તીર્થ અતિ પ્રાચીન, ઐતિહાસિક, ધાર્મિક તથા પવિત્ર નગરી સિદ્ધપુર (પાટણ) ખાતે આવેલ છે. દેશના કોઈ પણ પ્રદેશમાં વસતા શ્રદ્ધાળુઓ માતૃગયા શ્રાદ્ધ માટે સિદ્ધપુર આવતા હોય છે ખાસ કરીને કારતક સુદ અગિયારસથી પુનમ સુધીના વિશ્વપંચક પર્વ સમયે લાખો શ્રદ્ધાળુઓ સિદ્ધપુર ખાતે સ્નાન, દાન અને પિંડ પ્રદાન કરી માતૃ-પિતૃઓને સંતોષવાનો આનંદ અનુભવે છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી આર. આર. રાવલે જણાવ્યું કે સિદ્ધપુરના મહત્વના માતૃગયા તીર્થને ગુજરાત સરકારના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા અત્યંત સુવિધાયુક્ત બનાવવામાં આવ્યું છે અને શ્રાદ્ધ વિધિ માટે આવનાર દેશભરના શ્રદ્ધાળુઓ માટે શ્રાદ્ધ વિધિમાં સરળતા રહે અને કોઈ

(અનુ. આઠમા પાને)

---

# રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની ક્રિકેટ સટ્ટોડિયાઓ પર 'સર્જિકલ સ્ટ્રાઈક' : ત્રણ બુકીઓની ધરપકડ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ક્રિકેટના સટ્ટાના મોટા રેકેટ પર ઉપર જબરી રેડ પડાઈ છે. ક્રાઈમ બ્રાન્ચ પી.આઈ બીટી ગોહિલ અને ટીમે મોટો દરોડો પાડ્યો છે આ દરોડાથી સટ્ટાખોરોમાં સન્નાટો ફેલાયો છે. અલગ અલગ ત્રણ સ્થળે દરોડો પાડીને ત્રણ બુકીઓની ધરપકડ કરવામાં આવી છે જયારે મોટા માથાઓના નામ ખોલવામાં આવ્યા છે.

ક્રિકેટના સટ્ટા અંગે ત્રણ જગ્યાએ દરોડા પડ્યા છે જેમાં શહેરના એસ્ટ્રોન ચોક ,હનુમાન મઢી અને નવાગામ ખાતે ક્રાઈમ બ્રાન્ચ ત્રાટકયું છે. આ દરોડામાં ત્રણ આઈડી સાથે ત્રણ શખ્સોની ધરપકડ થઈ છે અને કુલ રૂ. ૧૧,૬૫,૦૦૦ની રોકડ રકમ



### લાંબા સમયથી ધમધમતા ક્રિકેટ સટ્ટાનો અંતે પર્દાફાશ : મોટા માથાઓ પર ગાજ વરસી

હાથ લાગી છે આ ઉપરાંત ક્રિકેટ સટ્ટાના કરોડો રૂપિયાના યવહારો મળી આવ્યા છે. ક્રાઈમ બ્રાન્ચ પી.આઈ. બી ટી ગોહિલ સહિતના સ્ટાફે કાર્યવાહી કરી અને અને આ દરોડામાં શહેરના અનેક નામચીન બુકીના નામ ખુલ્યા છે.

રાજકોટ ક્રાઈમ બ્રાંચે મંગળવારે એસ્ટ્રોન ચોક, હનુમાનમઢી અને નવાગામમાં દરોડા પાડી ત્રણ શખ્સને ઝડપી લઈ રૂ.૧૧.૬૫ લાખની રોકડ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ત્રણેય શખ્સની પૂછપરછમાં અન્ય ત્રણ નામચીન બુકીના નામ ખૂલતા બુકીઓમાં સોપો પડી ગયો હતો. ઝડપાયેલા બુકીઓની પૂછપરછમાં ૫થી ૭ કરોડના વ્યવહાર ખુલ્યા હતા.

ક્રાઈમ બ્રાન્ચ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ મુજબ એસ્ટ્રોન ચોકમાં ઓફિસ ધરાવતો સુકેતુ ભુતા પોતાની ઓફિસે હોવાની અને તે વિવિધ આઈડી પર ક્રિકેટ સટ્ટો રમાડતો હોવાની ચોક્કસ માહિતી મળતાં ક્રાઈમ બ્રાંચના પીઆઈ બી.ટી.ગોહિલ સહિતની ટીમ દોડી ગઈ હતી. પોલીસે સુકેતુને સકંજામાં લઈ પૂછપરછ કરતા હનુમાનમઢીમાં ઓફિસ ધરાવતા ભાવેશ ખખ્ખર અને નવાગામમાં નિશાંત હરેશ ચગની સંડોવણી ખૂલતા તે બંનેને પણ ઝડપી લીધા હતા. પોલીસે ત્રણેય પાસેથી રોકડા રૂ.૧૧.૬૫ લાખ રોકડા સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

સુકેતુ ભુતા, ભાવેશ ખખ્ખર અને નિશાંત ચગ ચેરીબેટ નાઈન ડોટ કોમ તેમજ મેજિક એકસચેન્જ ડોટ કોમ નામના માસ્ટર આઈડી પર સટ્ટો રમાડતા હતા. બંને માસ્ટર આઈડી પર ૫ થી ૭ કરોડનો સટ્ટો રમાયાનું પણ પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું.

પોલીસે સુકેતુ, ભાવેશ અને નિશાંત સામે અલગ અલગ ત્રણ ગુના નોંધ્યા હતા.

ત્રણેય બુકીની પૂછપરછમાં મોટો ભાંડાફોડ થયો હતો. સુકેત ભુતા , અમિત પોપટ ઉર્ફે મોન્ટુ ઉર્ફે દીપક ખમણ અને તેના મોટાભાઈ નિરવ પોપટ પાસેથી આઈડી મેળવી સટ્ટો રમાડતો હતો.

### નિરવ પોપટ, દિપક ખમણ સહિત ત્રણના નામ ખુલ્યા

પોલીસે સુકેતુ, ભાવેશ અને નિશાંત સામે અલગ અલગ ત્રણ ગુના નોંધ્યા હતા. ત્રણેય બુકીની પૂછપરછમાં મોટો ભાંડાફોડ થયો હતો. સુકેત ભુતા કુખ્યાત બુકી , અમિત પોપટ ઉર્ફે મોન્ટુ ઉર્ફે દીપક ખમણ અને તેના મોટાભાઈ નિરવ પોપટ પાસેથી આઈડી મેળવી સટ્ટો રમાડતો હતો. હવે આ ત્રણેય મોટા માથાઓ ભૂગર્ભમાં ઉતરી ગયાં હોય અથવા તો વિદેશ ભાગી ગયાં હોય તેવા પણ અહેવાલો સૂત્રો તરફથી મળી રહ્યા છે.

### ક્રાઈમ બ્રાન્ચની ટીમે અલગ અલગ ત્રણ સ્થળે પાડ્યા દરોડા

પી.આઈ બીટી ગોહિલ અને ટીમે શહેરમાં ત્રણ સ્થળો પર દરોડા પાડ્યા હતા. જેમાં એસ્ટ્રોન ચોક ,હનુમાન મઢી અને નવાગામ ખાતે ક્રાઈમ બ્રાન્ચ ત્રાટક્યું હતું. આ દરોડામાં પોલીસને કુલ ૧૧,૬૫,૦૦૦ ની રોકડ રકમ હાથ લાગી હતી. ઉપરાંત ક્રિકેટ સટ્ટા અંગે લાખોના વ્યવહારો મળી આવ્યા છે. ક્રાઈમ બ્રાન્ચે નિશાંત, ભાવેશ, સુકેતુ નામના બુકીની ધરપકડ કરી હતી. આ ત્રણેય બુકીઓ પાસેથી ૨ માસ્ટર આઈડી મળી આવ્યા હતા. માસ્ટર આઈડીમાંથી આશરે ૫ થી ૭ કરોડ રોકડના વ્યવહાર ખુલ્યા હતા. ક્રાઈમ બ્રાન્ચે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.